## તંત્રી સ્થાને

# ''પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીવ''-મીરાબાઈ

આ અંકથી ગોરક્ષાપાત્રમાં 'પ્રેમનો પીયાલો તમને પાઉં ને પીવ' એ નામથી એક નવી શ્રેણી લેખમાળા શરૂ કરીએ છીએ. નિજ અનુભવ અને સાધના વિષેની અમારી યાત્રાની સત્સંગ ગોઠડી વાંચકો સાથે કરવાની ભાવના છે.

આ માટે કેટલાક મિત્રોનું સુચન હતું ખાસ તો કેટલાક સાધકો, સાધુઓએ ક્યારેક સુચન કે ભાર દઈને આગ્રહ કરીને પણ કહેલ કે આપ આજે જે અધ્યાત્મના નામે ચાલી રહ્યું છે એ વિષે કંઈક જે તમારો અનુભવ છે એ વિષે લખોને, ન લખવું જોઈએ? પણ આ માર્ગે જતાં આશય સારો હોવા છતાં ક્યાંક કોઈની ટીકા-નિંદા ન ઈચ્છીએ છતાં આવી જવાની પુરી શક્યતા છે. અધ્યાત્મ માર્ગમાં કોઈની ટીકા-નિંદા કરવાની મનાઈ છે. હજી આપણામાં પણ ઘણા દોષો છે ત્યાં બીજાના શું જોવા? હા, કોઈની ભૂલ દેખાય તો અને કહેવા જેવું લાગે અને વ્યક્તિની સત્ય જાણવાની જિજ્ઞાસા હોય તો જરૂર એ વ્યક્તિને જ કહેવું, ટકોર કરી શકાય પણ લખીને કે બોલીને કોઈને વિષે કશું કહેવું એ અનુભવ પછી શક્ય નથી અને કહેવું પણ ન જોઈએ. કેમકે દરેક વ્યક્તિમાં કાંઈક શુભતત્વ તો હોવાનું જ. આમ પણ નિંદા કરવી એ શક્તિનો વ્યય છે. એટલે પછી આપણા વિષે જ જે જાણીએ છીએ યાત્રા કરી છે તેની વાત માંડીએ એમ આ લેખ માળા શરૂ થાય છે.

અમારી સાધનાની યાત્રા ૧૯૮૨ ના એક ભયંકર ટ્રેન અકસ્માત જેમાં બચવાની શક્યતા લગભગ નહિવત હતી એમાં બચી ગયા પછીથી શરૂ થઈ. આવું આમતો ઘણાના જીવનમાં બને છે, એવા બનાવો આશ્ચર્યકારક લાગે છતાં એ કુદરતની લીલાનો એક ભાગ છે એમાં નવું કશું નથી. પણ આવી ઘટના પછી સત્યના માર્ગે યાત્રા શરૂ થાય એ જરૂર એક વિશેષ વાત છે.

અમારી સાધનાનો પાયો છે અંતર અવાજ. Inner Voice એ અવાજ પ્રમાણે યાત્રા ચાલી અને ચાલી રહી છે.

એક સ્પષ્ટ અવાજ આવેલ કે ''એક વરસ મૌન થઈ જા'', જીવનમાં ક્યારેય એક કલાકના મૌનનો પ્રયોગ પણ નહોતો કર્યો. છતાં આ અવાજ પ્રમાણે પ્રયોગ થયો અને નિર્વિઘ્ન રીતે સફળ રીતે પુરો પણ થયો.

સાત જણાનો પરિવાર-આજીવિકાની જવાબદારી અમારી એક ઉપર જ, ખિસ્સામાં કોઈ બચત નહિ છતાં આ મૌનનો પ્રયોગ થયેલ.

મૌન-એકાંત-અસંગતાના પ્રયોગો આ પછી અવારનવાર થતા રહ્યા. એની વચ્ચે થોડા સેવા કાર્યો - ગોરક્ષા - ખેતી - તળાવો કરવા, ચેકડેમ કરવા, છાશ કેન્દ્રો, પશુ દવાખાનું વિ. સત્કાર્યો પણ સહજ થતા રહેલા. નાના પ્રમાણમાં આપણી અંતરમુખતા અને આનંદ જળવાઈ રહે એ પ્રમાણમાં આ કાર્યો થતા રહ્યા છે. મિત્રો- સજ્જનો પાસેથી સહજ આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ કાર્યો માટે મુસાફરી ખર્ચ સિવાય કોઈ માનધન કે પગાર ક્યારેય લીધા નથી. પારિવારિક ગુજરાન તો નાની એવી સંસ્થાની નોકરી કરી થતું રહેલું.

અમે ક્યારેય સાધના માટે સ્થળોની પસંદગી નથી કરી. સહજ જે મળ્યા તે પ્રભુકૃપા જ સમજી છે. પણ મૌન એકાંત-અસંગતાના શ્રેષ્ઠ ચાર્જવાળા સ્થળો અમને ગુરુકૃપાથી સહજ સતત મળતા રહ્યા છે.

ચારેક વખત ક્યારેક ૪, ક્યારેક ૬, કે એક વખત સતત ૯ મહિના એમ મૌન સાધના, મહાવીર નગર, ચિંચણી, તા. પાલઘર, મુનિશ્રી સંતબાલજીની સમાધિ સ્થળે નાની એક ભાંગી તુટી, કોટડીમાં જ્યાં લાઈટ પાણીની સગવડ નહોતી ત્યાં થઈ. અદભૂત રહ્યા એ અવસરો.

૨૦૦૬માં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ઈડર (ઘંટીયા પહાડ) માં નીચે પગથિયા શરૂ થાય છે ત્યાં ઝાડી પાછળ ચંદ્રપ્રભુ સ્વામીનું સુંદર મંદિર છે તેની નીચે એક ગુફા છે ત્યાં ચાર્તુમાસ થયું. આ ગુફામાં પ્રથમ સાધનાનો અવસર અમને મળ્યો અને આ પછી આજ સુધી ત્યાં કોઈ બીજાએ સાધના કરી નથી.

આ ચાર્તુમાસમાં રોજ એકવાર પગથિયા ચડીને ઉપર આશ્રમ રસોડે ભોજન લેવા જવાનું થતું. પાણી રોજ એકવાર ટ્રોલીમાં નીચે આવી જતું.

અહી લાઈટ તો હતી નહિ. પ્રથમ દિવસે ઘી નો દિવો આપેલ તે રાતે કરેલ. સવારે જોયું તો નકરી કીડીઓ હતી દિવામાં પછી કાયમ માટે ફાનસ કે દિવો કરવાનું બંધ કરેલ. ગુફાને દરવાજો છે, બહાર મોટું ચોગાન ટહેલવા માટે સરસ છે. ઈડરમાં એકાદ વાઘ-ચિતાઓ રહેલા ઘણાએ જોયા છે. એમનો અમને અનુભવ નથી થયો પણ નિર્ભયતા તો સહજ આવી ગયેલ તેથી ડર નહોતો. અહિં એક નિર્ણય થયો કે સર્વ સંગ પરિત્યાગ-દીક્ષા તો જરૂરી છે. એ વિષે ઈડરના એક ટ્રસ્ટીને વાત કરેલ. યોગેશભાઈ સાથે પણ વાર્તાલાપ થયેલ. દીક્ષા ન થાય તો પણ હવે પછી ગોચરી-ભિક્ષાના પ્રયોગથી સાધના થાય તો જ કરવી નહિતર ઘર ભેગા થઈ જવું એવો નિર્ણય થયેલ. ઈડર આશ્રમમાં સંસ્થાના રસોડેથી જ ગોચરી કરીને રહેવાની છુટ હતી પણ અમને એ માન્ય નહોતું એક જ ઠેકાણેથી ભિક્ષા કેમ થાય? એટલે એ મુલતવી રહ્યું.

આ રીતે રહેવાની અમદાવાદમાં મલુકચંદ રતીલાલ શાહના બંગલાના ગેરેજમાં મંજુરી મળી. પણ પછી કોઈ કારણસર એ પણ શક્ય ન બન્યું. ભગવાનના ભક્તને કોઈ રાખવા તૈયાર નહોતા અને અમે હસતા હતા. છેવટે ૨૦૦૭નું ચાર્તુમાસ-રણાપુર- જિ. વડોદારા નર્મદા કિનારે જ્યાં ૧૯૩૭ માં એક વરસ મુનિશ્રી સંતબાલજીએ મૌન કરેલ, જે સ્થળમાં રંગ અવધુત મહારાજ, સંત માધવદાસજી, માટલિયાજી, હરિદાન મહારાજ એમ અનેક સંતો રહેલા ત્યાં થયું. ગામમાં જૈનોની વસતી નથી. પટેલોની વસતી છે. એક વાર ગોચરી પાણી લઈ આવતા અને ચાર્તુમાસ પૂર્ણ થયા પછી એક મહિનો માલસર વિષ્ણુભાઈ પંચાલના આંબાવાડિયામાં આમ જ રહેવાનું થયું.

નર્મદા પરિક્રમાનો એક વિશેષ મહિમા છે. લગભગ દરવરસે ૧ થી દોઢ લાખ વ્યક્તિઓ એમાં સાધુ સન્યાસી ગૃહસ્થો બધાં જ નર્મદા પરિક્રમા કરે છે. આ પરિક્રમાનો નિયમ છે ૩ વરસ, ૩ મહિના, ૧૩ દિવસમાં નર્મદા પરિક્રમા પુરી કરવી પણ બધાને એવી અનુકુળતા ન હોય તો ઘણા-ચાર-છ-બાર મહિનામાં પરિક્રમા પુરી કરે છે.

અમારી સામે રોજ પરિક્રમાવાસીઓ નીકળતા અમને થતું આ બધાં નકામા ટાંટિયા ભાંગે છે. આમ કંઈ ભગવાન થોડા મળવાના છે! આ અમારો ભાવ રહેતો પણ માલસર એક મહિનો રહેવાનું થયું ત્યારે એક અવાજ આવ્યો ''તમે નર્મદા પરિક્રમા કરો.''

આ અંતર અવાજ અમારી સાધનાનો મુખ્ય પાયો હતો, છે અને રહેશે. આ સાધન બધા જ સાધક વ્યક્તિ પાસે હોય જ છે. અમારી વિશેષતા એ રહી કે એ અવાજને અમે સ્પષ્ટ પકડી શકતા અને એમાં જે સુચન હોય એને ક્યારેય બુધ્ધિના ત્રાજવે તોળવું નહી. કાં તો અવાજ મુજબ યાત્રા શરૂ કરવી અન્યથા ઊભા રહેવાનું પણ દિશાફેર નહીં કરવાનો અને એમ જ ત્રીજા દિવસથી કન્યા ભોજન કરાવીને માલસરથી નર્મદા પરિક્રમા શરૂ થઈ અને લગભગ ૧૪૫ દિવસમાં માલસરમાં જ પુરી થઈ. નર્મદા પરિક્રમાનો નિયમ છે જ્યાંથી શરૂ કરો ત્યાં પુરી કરવાની. નદીનાં એક જ કાંઠે ચાલવાનું નદી ક્યાંય ઓળંગવી નહિ.

રંગ અવધુત મહારાજ કહેતા કે ઈશ્વર છે કે નહિ તેનો અનુભવ કરવો હોય તો એકવાર નર્મદા પરિક્રમા જરૂર કરવી. પરિક્રમાનો અનુભવ કરીએ તો જ આ સમજાય છે. અસ્તિત્વની કેટલી વધી જડબેસલાક વ્યવસ્થા છે, અસ્તિત્વ-કુદરત કેટલી બધી સતત આપણા યોગક્ષેમની કાળજી રાખે છે એ અનુભવ આ પરિક્રમામાં સાધકને થાય છે. એક પૈસા વગર-પૈદલ લગભગ ૨૮૦૦ કિ.મી. ની આ યાત્રા થઈ, શ્રધ્ધાનો પાયો મજબૂત બન્યો.

આમ પહેલીવાર સતત તેર મહિના ઘર પરિવારથી દૂર રહેવાનું બન્યું. પુત્રીના લગ્ન થઈ ગયેલા. બે પુત્રોના લગ્ન અમારી ગેરહાજરીને લીધે અટકતા હતા. એટલે ૨૦૦૮માં પાછા ઘરે આવ્યા. ૨૦૦૯ મે સુધીમાં બંનેના લગ્ન થઈ ગયા અને ૨૦૦૯ જુનથી લગભગ સાડા ચાર વરસનો ૨૦૧૪ સુધીનો વગર દિક્ષાએ જૈન દિક્ષા જેવું જીવન જીવ્યા. અદભૂત રહ્યો એ પ્રયોગ વગર પૈસે-કુદરતના સહારે વધારે સારી રીતે આપણે જીવી શકીએ છીએ. કુદરત સતત આપણાને સહાયરૂપ થાય છે એ અનુભવ થયો. કુદરતની એક અદભૂત વ્યવસ્થા છે એ સમજાય છે. આપણું યોગક્ષેમ કુદરતના સાનિધ્યમાં વધારે સારી રીતે સચવાય છે અને સાધકને સાચી સલામતીનો અહેસાસ-અનુભવ કુદરત કરાવે છે.

આ છેલ્લી યાત્રાનો ઉદેશ હતો વિધિવત સન્યાસ દીક્ષા લેવી. પણ અનુભવ પછી એક વાત સ્પષ્ટ સમજાય છે કે દીક્ષા-સન્યાસ તો અદભૂત સાધન છે. ઓશો સન્યાસને હિમાલયનું ગૌરી શંકર કહેતા. ઓશો કહેતા ભારત તરફથી કોઈ શ્રેષ્ઠ ભેટ આ વિશ્વને હોય તો તે છે સન્યાસ. આટલું બધું પરમ શ્રેષ્ઠ આ સાધન છે. એ અમે પણ અનુભવ્યું છે. પણ દીક્ષા તો કોઈ આત્મજ્ઞાની પાસે લેવાય તો જ અને તો જ સફળ થાય અન્યથા એ દીક્ષા પણ નિષ્ફળ જાય. અનુભૂતિ પછી સંપ્રદાયમાં રહેવું કે સંપ્રદાય કરવો એ શક્ય નથી સાધક માટે.

આ યાત્રામાં જૈન-જૈનતર એવા અનેક સાધુ ભગવંતો-સન્યાસીઓનો મેળાપ થયેલ. પણ બધાને મુંડવામાં જ રસ હતો. હજી સુધી સાચા એક પણ આત્મજ્ઞાનીનો ભેટો થયેલ નથી. એટલે દીક્ષાનું કાર્ય હમણા તો મુલતવી રહ્યું છે પણ એ ભાવ સતત આજે પણ હૃદયમાં રહે જ છે. કુદરત ગોઠવશે ત્યારે થશે.

સંપ્રદાય એક સારી વ્યવસ્થા છે જૈન સંપ્રદાયમાં તો એના માટે અદભૂત વ્યવસ્થા છે. આપણે આપણી જાતને ઓળખી શકીએ. સ્વસ્વરૂપનો અનુભવ કરી શકીએ એટલે દરેક સંપ્રદાયો આપણા યોગક્ષેમની પુરી વ્યવસ્થા કરી આપે છે. ''જાવ, તમે તમારા સ્વરૂપને ઓળખો'' સાધકની સલામતીથી પુરી વ્યવસ્થા સંપ્રદાય સમાજ સંભાળે છે પણ સદગુરુની નિશ્રામાં એ સાધના થતી નથી એટલે કાર્ય સિધ્ધિ થતી નથી. આ હાલત દરેક સંપ્રદાયમાં આજે છે અને એવું પ્રાય કાયમ રહેવાનું સંપ્રદાય સાધન ખોટું નથી. આપણે આપણા કે સમાજના હિતમાં એનો ઉપયોગ નથી કરતાં એ સાધક ની ભૂલ છે, સંપ્રદાયનો દોષ નથી.

અનુભવ-અનુભૂતિ પછી આત્મજ્ઞાનીની ઓળખાણ સહજ સાધકને થઈ જાય છે એ આત્મજ્ઞાનની વિશેષતા કહો, સિધ્ધિ કહો દરેક અનુભવી પાસે હોય જ છે. બીજી સિધ્ધિઓ હોય કે ન હોય, સિધ્ધિ કશી જ ન હોવી એ પણ એક બહુમૂલ્ય સિધ્ધિ છે, પણ સહજ ગમે તેવા કહેવાતા સદ્‌ગુરુ - આત્મજ્ઞાની સાચા છે કે માત્ર આ દાવો જ છે એ અનુભવ પછી સાધક સહજ જાણી શકે છે. આ બહુમૂલ્ય સિધ્ધિ છે, સાધકની એટલે જ શ્રીમદ્‌જી કહે છે, ''આત્મજ્ઞાનીની ઓળખાણ સહજ હોત તો મોક્ષપાટણ સુલભ હોત''.

અમને પરિક્રમા અને પ્રયોગ પછી એકવાતની સ્પષ્ટ પ્રતીતિ થઈ છે કે 'અસ્તિત્વ' જેટલી સાધકની સલામતીની કાળજી રાખે છે એવી કોઈ સલામતી સંપ્રદાય-પદ-પ્રતિષ્ઠા-પૈસા-કુંટુંબ પરિવારમાં નથી જ એટલે જ ક્યાંય હજી સુધી ભેખડે ભરાવવાનું થયું નથી. આજ રહી અમારી સફળતા વિશેષતા.

આ યાત્રામાં કેટલીક ડાયરીઓ, નોંધો, પત્રો વિ. લખાયેલા છે. હવે પછી અમે જે રસોવૈસ માણી રહ્યા છીએ એનું થોડું થોડું આચમન આ માધ્યમે સહુને ''ગમતું મળે તો એલા ગુંજે ન ભરીએ ગમતાનો કરીએ ગુલાલ'' (મકરંદ દવે) એમ વહેંચતા રહેશું.

એક સ્કુલમાં આ પ્રાર્થના છે. ચાલો માણીએ.

**"Make god your guru."**

Make your Guru. Let him tell what to do.
Listen His calling calling you. Take time to listen have courage to obey.
The Inner voice is calling calling
Inner voice is calling calling you.
There are voices all around me
my enemies and my friends.
Do this don't do that. The chorus never ends.
But I will always listen.
To the quiet inner voice.
It's swift and definite and I have made my choice.

## મનઝરૂખો...

જાપાનમાં પર્વતના ઢાળ પર કે સાંકડી ગલીમાં માણસ ઠેલાગાડી જેવી રીક્ષામાં જતો હતો. સહુએ આઈનસ્ટાઈનને કહ્યું કે, 'તમે આ રીક્ષામાં બેસો' અને ત્યારે આઈનસ્ટાઈને સ્પષ્ટ ઉત્તર આપ્યો,

'બીજા કોઈ માનવીને પ્રાણી તરીકે વાપરવાની અને એને ખેંચવાની પરવાનગી હું કદી આપું નહીં.' અને આઈનસ્ટાઈન ચાલીને જાપાનની સાંકડી ગલીઓમાં ઘૂમતા રહ્યા અને પર્વતના ઢાળ ઉપર ચડતા રહ્યા.

**સ્મશાનની બહાર લખેલું સુંદર મજાનું સત્ય:**
**અંદર સૂતેલા દરેકને એ 'ભ્રમ' હતો કે મારા વગર આ દુનિયા ચાલશે જ નહીં.**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.રજો

અમારો જન્મ ૧૯૫૦માં મુંબઈમાં થયેલ. પિતાશ્રી મુંબઈમાં રહેતા અને પાછળથી પાછા દેશમાં આવેલ અને પાછા મુંબઈ આવી ગયેલ. અમે ત્રણ ભાઈ બહેન મોસાળ બગસરામાં નાના મોટા થયા. બે વરસ વડિયા બોર્ડિંગમાં બે વરસ જુનાગઢ બોર્ડિંગમાં અને મેટ્રીક રાજકોટ બોર્ડિંગ અને આલ્ફ્રેડ હાઈસ્કુલમાં પાસ કરેલ. અમારા માતુશ્રી દીક્ષા લેવાના હતા પણ એક જ દીકરી હતા તેથી કુંટુંબની રજા ન મળી અને સંસાર માંડવો પડ્યો. અમારું સ્થાનકવાસી જૈન કુટુંબ. મારા નાની દિવાળીમાં અને નાનીના બા ઝકલમા અને મારા માતુશ્રી અને અમે ત્રણ બાળકો ઘરમાં આવક કશી નહી પણ ખુમારી પૂર્વક નાના મોટા કામ કરીને ઉપાશ્રયની કે કોઈ સંસ્થાની સહાય લીધા વગર અમને સાચવ્યા છે, મોટા કર્યા છે અને સંસ્કાર આપ્યા છે. પિતાશ્રી તો મુંબઈ રહેતા હતા.

ભણવામાં ખાસ તેજસ્વી ન હોતા. પણ ૫૫-૬૦ ટકાએ હંમેશા પાસ થતા રહેલા. સ્થાનકવાસી જૈનમાં જન્મ એટલે સ્થાનકવાસી સાધુસાધ્વીનો થોડો પરિચય-સંસ્કાર રહ્યા એટલે પાઠશાળામાં પણ એજ પરંપરા શીખવા મળેલ. વડિયા બોર્ડિંગમાં પંડિત રોશનલાલજી જે જૈન સાધુ સાધ્વીઓને ભણાવતા હતા તેના હાથ નીચે પાઠશાળાનો અભ્યાસ થયેલ. એમણે ભલે થોડો પણ સરસ રીતે ધાર્મિક અભ્યાસ કરાવેલ. પ્રતિક્રમણ સામાયિક શીખવાનું મળ્યું. ધાર્મિક પરીક્ષા ૧લી ૨જી શ્રેણી સારા માર્કે પાસ કરેલ. આ થયો સામાન્ય પરિચય.

મેટ્રીક પછી ૧૯૬૭માં મુંબઈ આવવાનું થયું પાર્લા કોલેજમાં એડમીશન મળ્યું સાયન્સમાં પણ મીડીયમ ઈંગ્લીશ તેથી કાંઈ પલ્લે પડ્યું નહી અને અભ્યાસ છોડી નાની નોકરીએ લાગ્યા. બેનના લગ્ન દેશમાં થઈ ગયેલા. પછી અમે બધા પિતાશ્રી, માતુશ્રી તથા અમે બંને ભાઈ મુંબઈ આવેલા મલાડ ડુંગરીપર પતરાની સીંગલ રૂમમા રહેતા. મ્યુનીસીપાલીટીના સંડાસ હતા. પિતાશ્રી પણ નોકરી કરતા હતા. અમારી નોકરીઓ બદલાતી રહી. ત્યાંથી એક નિરલોન કો.ઓ. સહકારી માં લાગ્યા. એના મેનેજર જૈન, એ અહિથી છૂટી ચર્ચગેટ ટોક ઓફ ધ ટાઉન રેસ્ટોરન્ટમાં લાગ્યા મને પણ ત્યાં સાથે લઈ ગયેલ. એક જૈન હોવા છતાં વેજ-નોનવેજ હોટેલમાં એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં નોકરીએ રહેલા. નોકરી ૧૦થી ૬ની હતી. અહિંથી એક એક્સપોર્ટ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરીમાં લાગ્યા એમનો ધંધો શાકભાજી, માંસ અને જીવતા પશુઓની નિકાશ દુબઈમાં કરતા હતા તે હતો. ખેદ રહેતો હતો પણ એમાંથી છુટવાનું થયેલ નહીં.

અમારી અત્યાર સુધીની યાત્રામાં લગભગ ૧૯૭૦ સુધી શ્રીમદ્ રાજચંદ્રજીનું નામ પણ સાંભળેલ નહોતું. એકવાર એક કુંટુંબીજનની સાદડીમાં કલ્યાણ જવાનું થયેલ. ત્યાં મારા મામા ભગવાનદાસ મણીલાલ લાખાણી, ઘાટકોપર રહે છે તેમણે કહ્યું, ''અમારા ઘાટકોપરમાં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર''માં સરસ ભક્તિ સ્વાધ્યાય થાય છે. એક બે વાર ગયો ભક્તિમાં રસ પડ્યો પછી તો અવાર નવાર જવાનું થયું શશીકાંતભાઈ, મંજુલાબેનની ભક્તિ ગમવા લાગી પર્યુષણમાં વજુભાઈ ખોખાણીનો લાભ લગભગ પાંચેક વરસ મળ્યો. કેટલીક વખત દેવલાલીમાં જયસિંહભાઈની ભક્તિનો લાભ પણ મળતો રહ્યો. ધીમે ધીમે સ્થાનકવાસી મટીને હું શ્રીમદ્‌મય થઈ ગયો. એમાં કંઈ તીવ્ર વૈરાગ્ય કે જિજ્ઞાસા એવું કશું નહોતું પણ એ ગમતું હતું એટલું જ, માતુશ્રીએ ટકોર પણ કરીકે તું તો હવે ઉપાશ્રયે આવતો જ નથી. આપણો કાંઈ ધાર્મિક અભ્યાસ નહોતો. તેથી સરખામણીનો સવાલ જ નહોતો પણ સહજ શ્રીમદ્ સમુહમાં વધારે આવવા જવાનું થયું એટલું જ, અકારણસર આવું થયું.

ઝકલમાં દેશમાં અવસાન પામ્યા તેની સાદડી મુંબઈમાં વડાલા મામાને ત્યાં રાખેલ. બધા કુટુંબીઓ ભેગા થયેલ મામાના જમાઈ જૈન સંસ્થામાં ટ્રસ્ટી હતા. ટ્રસ્ટની માલાડમાં જૈન ચાલીઓ બંધાતી હતી. અમે એમાં અરજી કરેલ પણ પાસ નહોતી થયેલ. સહજ વાત થઈ અને જમાઈને કીધું કે આ જીવતીબેનને રૂમ મળે એમ કરોને ? તેમણે બીજે દિવસે બોલાવ્યો અને એમ ઝકલમાના અવસાને અમને મલાડ ચાલીમાં ૧૯૭૪માં બે રૂમની સગવડ મળી.

પહેલી વખતે કલ્યાણ મામાના બાની સાદડીમા ગયેલ ત્યારથી શ્રીમદ્‌ની શરૂઆત થઈ. આ બીજા મૃત્યુએ માથે છત્રની સગવડ થઈ. કુટુંબીઓના મૃત્યુએ કંઈક ફળદાયી કાર્ય જ કર્યું છે. જીવનમાં આ થયો સામાન્ય પરિચય દુનિયા જેમાં સુખ માને છે અને જેમ ચાલે છે એમજ જીવન રહ્યું. પહેલા વિચારેલ કે સાધન સંપન્ન થયા પછી લગ્ન કરશું પણ ઉંમર થાય પછી શું કરવા તેથી લગ્નનો વિચાર કર્યો. ઘાટકોપર મામાને વાત કરી. એમના જમાઈ શરદભાઈ શ્રીમદ્ સમુહમાં આવતા જતા એટલે મને ઓળખતા એમણે મારી ભલામણ એમની માસીની દીકરી ઈલા સાથે વાત ચલાવી અને આમ ૧૯૭૬માં અમારા લગ્ન થયા. આમ શ્રીમદ્ સમુહમાં જવાનો પ્રથમ સાંસારિક લાભ મળ્યો. અમારી સાધનામાં અમારા ધર્મપત્નીનો મને કમને હોય પણ અમૂલ્ય સહકાર રહ્યો છે. એમનો સહકાર નહોત તો અમે આટલી સાધના ન કરી શક્યા હોત એટલું સ્વીકારવું રહ્યું.

સ્રીમાં સુખ છે એમ માનીને જ લગ્ન કરેલા. વૈરાગ્યનો છોટો પણ નહોતો. પણ રોજ ભક્તામર કરવાનું રાખેલ. લગ્નના દિવસે પણ જાન બે વાગે જવાની હતી અને અમે એક વાગે ભક્તામર કર્યા પછી જ ગાડીમાં બેઠેલા એ બરાબર યાદ છે.

૧૯૮૦ સુધીમાં અમારા ત્રણ સંતાનો મોટી દીકરી અને બે પૂત્રો આવી ગયેલ. ૧૯૮૧માં મલાડમાં ઘઉંનો હોલસેલ ધંધો ભાડાની દુકાન રાખી શરૂ કરેલ. કેરી એકસપોર્ટનો ધંધો પણ શરૂ કરેલ. પણ બરકત ન મળી ધંધામાં ધંધો અને ધર્મ બે અલગ સમજીને થોડું સાચું ખોટું કરતા રહેલા. ૧૯૮૧/૮૨ એક બીજી એક્સપોર્ટ કંપની જેનો ધંધો ઘેટા-બકરા-માંસ-મચ્છી નિકાશનો હતો તેમાં સરવીસ હતી. એ દરમ્યાન ૧૯૮૨માં મારા કાકાની દીકરી નીરૂબેનના લગ્ન બીલખા હતા તેમાં જવાનું થયેલ લગ્ન પતી ગયા. જાન વિદાઈ પછી હું તથા કાકાનો દીકરો નવલ ઘઉનો ધંધો હતો તેથી વીસાવદર પાસે ગામડામાં ગયેલા બીજે દિવસે સવારે અમારા વતન ઈશ્વરીયા ગામે મહાદેવના મંદિરે જવા માટે રીક્ષા કરીને જવાનું નક્કી કરેલ. રીક્ષા બાંધી અને નીકળ્યા. માંડાવડ ઓપન રેલ્વે ફાટકમાંથી રીક્ષા ક્રોસ કરવાની હતી. સરસ સવારે અજવાળું હતું. ગામડામાં તો ટ્રેન આવવાની હોય ત્યાં એકાદ માઈલ પહેલાથી છુકછુક ગાડી આવવાનો અવાજ સંભળાવવા માંડે. ડ્રાયવરે ફાટક ક્રોસ કરવાની શરૂઆત કરી. ખબર નહી પણ કંઈક શરતચુક થઈ હશે કે રીક્ષા એન્જીન સાથે ભટકાણી અને ૪૦/૫૦ ફૂટ દૂર રીક્ષા ફેંકાઈ ગઈ. મને તથા ડ્રાયવરને ખૂબ ઈજા થયેલ. મારા કાકાના દીકરાને જાજી ઈજા નહોતી

થઈ. તરત ટ્રેન રોકવામાં આવી ગાર્ડે અમને ટ્રેનમાં લીધા અને ગાડી વીસાવદર તરફ પાછી વાળી. આવું કદાચ ઈતિહાસમાં પ્રથમવાર થયું હશે કે જ્યાંથી નીકળી હોય ત્યાં પાછી વળી હોય ટ્રેન, ગાર્ડની ફરજ હતી અમોને બીલખાકે જુનાગઢ પહોંચાડવાની પણ એણે વિચાર્યુ કે બીલખા જુનાગઢ બહુ દૂર છે. વીસાવદર બે જ માઈલ પાછળ છે તેથી ટ્રેન પાછી વાળી. વીસાવદરમાં પ્રાથમિક સારવાર આપી અમોને જુનાગઢ સીવીલ હોસ્પીટલમાં રવાના કર્યા. અમને પાછળ સાથળમાં કંઈક ઊંડો ઘા પડેલ. કંઈક સરીયો જેવું ઘુસી ગયું હતું. લોહી પુષ્કળ વહી ગયું હતું. જુનાગઢ પહોંચતા બેભાન થઈ ગયેલ. ડ્રાયવર કોઈ મુસ્લિમ યુવક હતો. એ તો રસ્તામાં જ અવસાન પામ્યો. આ લગ્નમાં મારા માતુશ્રી પણ બીલખા આવેલા. અમારા કુટુંબને બધા ઓળખે આગલે દિવસે લગ્નમાં પણ મળેલા એટલે એમણે તુરંત ફોનથી ખબર કરીને આવો અકસ્માત થયો છે અને જુનાગઢ રવાના કરેલ છે એવી ખબર કરી દીધેલ. બીલખામાં માતુશ્રી વાહનમાં સાથે થયા એ સમયે મારા બેન બનેવી જુનાગઢ રહેતા હતા. જુનાગઢ પહોંચતા બેહોશ થઈ ગયેલા. લોહી પુષ્કળ નીકળી ગયેલ સારવાર શરૂ થઈ કેટલીક બોટલ લોહી પણ ચડાવેલ અને આમ આવા ભયંકર અકસ્માતમાંથી જેમાં બચવાનો ચાંસ જ ન હોતો તેમાં બચી ગયા, શરીરમાં કોઈ ખોડખાંપણ પણ ન આવી પણ આવું તો ઘણાના જીવનમાં બને છે કુદરતની એ કરામત છે લીલા છે. આશ્ચર્ય લાગે પણ એ એવું આશ્ચર્ય નથી જ. એવું ઘણાના કિસ્સામાં આપણે જોયું જાણ્યું છે.

મારા પત્નીતો મુંબઈ હતા ત્રણે બાળકોને લઈ જુનાગઢ આવી ગયા. સારવાર ચાલુ હતી. પેઈન કીલરની અસર હોય ત્યાં સુધી દુ:ખ ન થાય પણ એ પછી તો વેદના સહન ન થાય તેવી હતી. રાડારાડ બુમાબુમ કરતાં આજુબાજુ વાળાને પણ તકલીફ થાય એ સ્વાભાવિક છે પણ વેદનામાં જીવ બીજાનું ક્યાં વિચારે છે? અહિ એક અદ્ભૂત ઘટના આકાર લે છે. જે માટે કદી વિચાર્યું નહોતું, વાચ્યું નહોતું, ઈચ્છા પણ નહોતી. વૈરાગ્ય કે એવું કશું નહોતું છતાં એ બને છે એ ઈશ્વરની લીલા છે. અસ્તિત્વની કરામત છે.

જેના લગ્નમાં ગયેલા એ નવા જમાઈએ એક પુસ્તક વાંચવા આપ્યું સહજ વાંચતો હતો. એ પુસ્તક નાનુ ''ઉઘડતા ધ્વાર અંતરના'' ની સાઈઝ જેવડું હતું પણ એનું નામ શું હતું તે ખબર નથી વાંચતા વાંચતા કંઈક એવું બની ગયું કે વેદના ગાયબ થઈ ગઈ. ડોક્ટર આવે, પાછળ ઘામાં વાટ કાંઢે નાંખે-ઈંજેક્શનો મારે જે કરવું હોય તે કરે અમે જ્ઞાતાદ્રષ્ટા બની ગયા. જ્ઞાતાદ્રષ્ટા તો આજે લખું છું પણ જ્ઞાતાદ્રષ્ટા જેવી સ્થિતિ બની ગઈ. એક ઘેલછા આવી ક્યારેક હસું, ક્યારેક રોઉ, ક્યારેક સતત ભાષણ આપતો રહું. મારી સાથે મારા ભાભુ રહેતા હતા એ તો ડરી ગયા. આની સાથે કેમ રહેવાય? પણ પછી મારા પત્ની મારી સાથે રહેતા. મારા બનેવીને એક બપોરે કહેલ ''અમને જ્ઞાન પ્રગટ થયું છે.'' પણ એ તો કહેતા કે સારું, અમને પણ ઘેલછામાં બોલવાનું ભાન ન હોતું રહેતું. પણ જે બોલાનું એમાં ધર્મની વાત હોય એટલું તો ખરું જ. ગાળગલોચ એવું કશું નહોતું. મારા બનેવી કહેતા હવે આજનું વ્યાખ્યાન પુરુ થયું કાલે કરજો . આમ ઘેલછા રહી. વેદના ગાયબ થઈ ગઈ હતી આવી વેદનામાં પણ સ્વચ્છતાનો આગ્રહ રહેતો હતો એ બરાબર યાદ છે. અમારા પત્નીએ તથા બેનબનેવીએ ખૂબ સેવા કરી છે. એ સમયે સગાસંબંધી આવે તો કોઈક ને કહેતા કે અમે સાધુ છીએ વંદના કરો. પણ એ બધું અણ સમજ ઘેલછાનું કારણ હતું પણ કંઈક થયું જરૂર હતુ, પણ એને શું કહેવાય એ સમજણ નહોતી.

ઘા ઊંડો હતો ચાર પાંચ એકસરે પછી પણ ડોક્ટરો નક્કી નહોતા કરી શક્યા કે ફ્રેક્ચર છે કે નહિ. મહિના પછી મુંબઈ હોસ્પિટલમાં દાખલ થયા. ઘેલછાની હાલત ચાલુ જ હતી અહિં ડો. ઝુનઝુનવાલાએ એક નાની ક્રેક હતી સાથળમાં તેનું ઓપરેશન કર્યું. ઓપરેશન થીયેટરમાં પણ ડોક્ટરોને જે કરવું હોય તે કરો અમે તો દેહ એમને સોંપી દીધો હતો. ધીમે ધીમે આ ઘેલછામાંથી મુક્ત થયા. પણ 'રમેશ' બદલાઈ ગયો. સંસારમાંથી ધીમે ધીમે રસ ઘટતો રહ્યો. જે રસ હતો તેનો પણ કંઈક ખેદ રહેતો હતો.

શ્રીમદ્ સમુહમાં દસેક વરસ રહેવાનું થયેલ એમાં એક બીજ અજાણે રોપાઈ ગયેલ કે સદગુરૂ સત્પુરુષ જોઈએ જ. નોકરી ચાલુ હતી પણ સત્પુરુષ જોઈએ જ એની તીવ્ર જિજ્ઞાસા શરૂ થયેલ. નોકરીમાંથી ગમે તેમ સમય મેળવી સત્સંગ સ્વાધ્યાયમાં શક્ય એટલું જવા આવવાનું શરૂ થયેલ. વકતાને સાંભળ્યા પછી કંઈ સમાધાન ન થાય. થોડો સમય ભીખાલાલ ગીરધરલાલ શેઠનો સત્સંગ સમાગમ ગ્રાંટરોડમાં થયેલ. એ સમયે એક ભાવદિક્ષીત ભાઈ પણ ત્યાં આવતા. એકવાર એક બહુ વિધ્વાનને ભારતીય વિદ્યા ભવન પાસે મળવા ગયેલ. અમારી વાત કરેલ તો કહે સમયસારની પેલી ગાથા બોલો. અમને તો સંસ્કૃત-માગધી કે કોઈ ભાષાનો ત્યારે પરિચય જ નહોતો અને આજે પણ નથી. જ્ઞાનને અને ગાથાને શું લાગે વળગે? શું જ્ઞાન થાય એને ગાથા આવડવી જ જોઈએ? એક શ્રીમદ્‌ના સ્વાધ્યાયકારની સાથે પણ વાત થયેલ તે પણ કંઈ સમાધાન કરી શક્યા નહીં.

એકવાત હવે સ્પષ્ટ સમજાય છે કે જ્ઞાનીને જ્ઞાની જ, અનુભવી જ ઓળખી શકે. ગમે તેવો શાસ્રજ્ઞ, સાધક, સ્વાધ્યાયકાર, પ્રખર વક્તા પણ જ્ઞાનીને ઓળખી શકે જ નહીં આ નિયમ છે. આવા તો અનુભવ ઘણા સ્વાધ્યાયકાર સાથે પણ થયા છે. એકવાર તો એકાંતમાં આવા અધિષ્ઠાતાને બહુ સ્પષ્ટ કહેલ કે ''આવું જ્ઞાન ન હોય. પાછા વળો માર્ગ આવો નથી.'' પણ એ તો એની ચાલે જ ચાલતા રહેલા. આ બનાવ પછી એક અવાજ આવ્યો ''ઊઠ ઊભો થા તારો જન્મ મુંગા પશુ માટે છે.'' ક્યાં મારો હિંસાયુક્ત વ્યવસાય ને ક્યાં આ અવાજ! ક્યાં મેળ ખાય? પણ આ હકીકત છે. રાતોની રાતો આંસુઓ વહ્યા છે. મારું ચૈન-નિંદ્રા વેરાન થઈ ગયેલ. આર્થિક સ્થિતિ સાવ નબળી. પગારમાં માંડ પુરુ થતું હતું. બચત નામે શૂન્ય. એકવાર સવારે પત્રાંક ૧૨૮ જે મોઢે હતો તે સવારે ઘરમાં બોલતો હતો. આંસુઓની ધારાઓ વહી. દીકરી સવારે કહે પપ્પા તમે કેમ રોતા હતા? શું જવાબ આપું?

આ શું થયું એનો કાંઈ નિર્ણય નહોતો થતો. ક્યાંય સમાધાન મળતું નહોતું. સતત અંતર અવાજ બેચેન કરી દેતા હતા. આ બનાવ પછી પણ કેટલીક ઘટનાઓ આકાર લે છે જેની વાત હવે પછી આવતા અંકોમાં.

લગભગ ૩૪ વરસ પછી ૧૯૮૨ થી શરૂ થયેલ યાત્રાની સ્મૃતિ આધારે આ લેખમાળા શરૂ થાય છે. મુમુક્ષુઓ સાથે આ સત્સંગ ગોઠડીની શરૂઆત છે. આશા છે સહુને પ્રેરણાદાયક બનશે. **ક્રમશ:**

---

**આદિવાસીને કદી ચારિત્ર્યહીન જોયો છે?**
**તે સુધરતો જાય ત્યારે તો એનું ખરું**
**ચારિત્ર્ય ખતમ થવાની શરૂઆત થાય છે.**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.ઉજો

ટ્રેન અકસ્માત પછી એક આશ્ચર્યકારક અનુભવ થયો એકાદ મહિના મુંબઈ હોસ્પિટલ અને ત્રણેક મહિના ઘરે આરામ કરવો પડેલ. એ દરમિયાન નોકરી અને ઘઉંનો ધંધો મલાડમાં ચાલુ હતો. એક્સપોર્ટ કંપનીનો વહીવટ ઘરે રહીને પણ સરસ ગોઠવતો રહેલો. વધારે હાલ ચાલ થઈ શકે તેમ નહોતી તેથી ઘઉંનો ધંધો બીજા સંભાળતા હતા. તેમણે ગોલમાલ કરી પૈસા ગયા અને ઘઉંનો ધંધો બંધ થયો.

તબિયત સારી થઈ પછી ફરી નોકરીએ લાગ્યો. ઘેટા-બકરા-મચ્છી શાકભાજી વિ. એક્સપોર્ટનો ધંધો મોટે પાયે ચાલતો હતો. પેમેન્ટ ડ્રાફ્ટથી બેંક મારફત અને કેટલીક રકમ હવાલા મારફત આવતી હતી. આ કાયદા વિરુધ્ધ હતું અહિં એન્ફોર્સમેન્ટની રેડ પડી. શેઠ હાજર નહોતા અમે હાજર હતા. કેટલાક કાગળીયા પકડાયા ડિપાર્ટમેન્ટે અમારી પુછ પરછ કરી બીજે દિવસે પાછો બોલાવેલ અમારી પાસે હંમેશા સાઈન કરેલા ચેક રહેતા હતા બેંકમાં દસેક લાખની બેંલેન્શ હતી. એટલે બીજા દિવસે બેંકમાંથી રકમ કાઢી લેવા ગયો પણ બેંક પાસે એટલી મોટી રોકડ નહોતી તેથી એક દિવસે ૫ લાખ અને બીજે દિવસે ૨.૫૦ લાખ આપ્યા. તે છતા ૧.૭૫ લાખ જેટલી બેંકમાં પુરાંત રહી ગઈ હતી. ત્રીજે દિવસે ઓફિસરે બીજે દિવસે ગેરહાજર રહેલ તેથી એક થપ્પડ મારી અમારા માલિક પણ બીજે દિવસે આવી ગયેલા. બીજે દિવસે અમે ગેરહાજર રહ્યા એટલે શેઠ સાથે અમારી પણ ધરપકડ થઈ કોર્ટમાં ચૌદ દિવસની ન્યાયાધિશ હીરાસત ની જેલ પડી, એટલે ડિપાર્ટમેન્ટલ કોઈ મારકીટ કે એવું કશું કોઈને થયું નહોતું. ઘરેથી ખાવા પીવાનું લાવવાની છૂટ હતી. અમારી સાથે એક પારસીબાબા પણ હતા ચૌદ દિવસ પછી બધાને ૫૦ હજારના જામીન પર છોડવામાં આવેલ.

અમારા અકસ્માત પહેલાથી પિતાશ્રીની તબિયત નરમગરમ રહેતી હતી. એકવાર હરકીસન હોસ્પિટલમાં દાખલ કરેલ. ઓપરેશનનું નક્કી થયેલ. પણ છેલ્લી ઘડીએ કોઈક કારણસર ડોક્ટરોએ મુલતવી રાખેલ. ત્યારપછી પિતાશ્રી ઘરે જ રહેતા. સવારે ઊઠીને સરસ બહાર ઓટે બેઠા ચૌદ સ્વપ્ના અને બીજા જૈન સ્રોત બોલતા રહેતા. થોડી માનસિક સ્મૃતિ ઓછી થયેલ અમારા અકસ્માતના સમાચાર પણ એમને નહોતા આપ્યા. પણ ઘરમાં કંઈક થયું છે તે સહેજ ખ્યાલ આવી ગયેલ.

અમને જેલ થઈ છે તેની ખબર પણ તેમને નહોતી, તબિયત નરમ ગરમ રહેતી હતી. અને એમ જેલમાં હતા ત્યારે જ તેમનું અવસાન થયેલ. વીસ હજારની લાંચ આપીએ તો પોલીસ ઘરે લઈ જવા તૈયાર હતી પણ એવી કશી સગવડ હતી નહિ તેથી અમારી ગેરહાજરીમાં જ અગ્નિદાહનું કાર્ય પતાવી દીધેલ. પણ એમના અવસાનને હિસાબે વકિલે અરજી કરીને અમને સાતમે દિવસે છોડાવી દીધેલા. દરેક કુંટુબીજનોના મૃત્યુ અમને અંગતરીતે કોઈને કોઈ રીતે ઉપકારી થયા છે.

આ કેસમાં બેંકનું ખાતુ શીલ થઈ ગયેલ. કોર્ટમાં જામીનની પંચાસ હજાર રકમ રોકડાથી ભરીને છુટા થયેલ. પાંચેક વરસ કોર્ટમાં કેસ ચાલ્યો તારીખો પડતી રહી. ડિપાર્ટમેન્ટે કોર્ટમાં ચાર્જસીટ દાખલ ન કરી શક્યા. છેવટે કોર્ટે કેસ ડીસમીસ કરી કાઢી નાખ્યો ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ચાલેલ. અમને નિર્દોષ છોડવામાં આવેલ અને શેઠને બેંકમાં જે રકમ હતી તેટલો લગભગ ૧.૭૫ લાખનો દંડ થયેલ.

આ કેસ દરમ્યાન પરદેશ જવાની રજા માટે કોર્ટમાં અરજી કરેલ. તે મળી પાસપોર્ટ પાછો મળ્યો. મલાકા જવાનું વિચારેલ પણ તે શક્ય ન થયું પણ વીઝીટર્સ વીઝા પર ૧૪ દિવસ દુબઈ જઈ આવેલ રહેવા જમવાની વ્યવસ્થા અમારા દુબઈના ગ્રાહકને ત્યાં જ હતી. એ સમયે ૫૦૦૦રૂા.નું હુંડિયામણ મળતું હતું તે લઈને ગયેલ ખર્ચ તો કંઈ થયેલ નહી. થોડી વસ્તુઓ લાવેલ તેની ડયુટી ભરી દીધેલ બાકી રકમ વધેલ તે દરહામમાં હતી તે બેંક મારફતે એરપોર્ટ પર જ રૂપિયામાં વટાવી લીધેલ. રસીદો અમારી પાસે હતી. ઉપરનો કેસ જે ઓફિસર પાસે ચાલતો હતો તેણે મારી પાસે ૩૦૦૦રૂા.ની લાંચ માંગી, અમે કંઈ આપેલ નહી. તેથી ખોટો કેસ એકસચેંજ ભંગનો કરેલ. પણ પહેલી અપીલમાંજ બધી રસીદો હતી તેથી નીકળી ગયો.

આ કેસ પછી કંપની બંધ થઈ ગયેલ.

એકવાર નક્કી કરેલ કે રૂા.૫૦ હજાર આવે તો એ રકમ ઘરે દઈને બધું છોડી દેવું. ઉપરની જામીન ભરેલ રકમ રૂા.૫૦ હજાર હાથમાં આવ્યા. પણ બુધ્ધિએ અવળું સુઝાડ્યું. આટલી રકમના વ્યાજમાંથી કંઈ ઘર મુંબઈમાં ન ચાલે તેથી સ્ટીલના સ્ક્રેપનો વેપાર કર્યો. એમાં પણ પુરેપુરી રકમ સલવાઈ ગઈ. અંતર અવાજથી વિરુધ્ધ ચાલીએ ત્યારે આવું જ થાય ને!

આ પછી ઘરનો ધંધો એકસપોર્ટનો ચાલુ કર્યો એક મોટો ઓર્ડર તરબુચનો મળ્યો હતો. સીપમેન્ટ તૈયાર હતું. ત્યાં જ ગોડાઉનમાં આગ લાગી. કેટલાક કાર્ટુન બળી ગયા દુબઈના ગ્રાહકે ૫૦ હજાર કાપીને પેમેન્ટ આપ્યું.

પેલી સદ્‌ગુરુની શોધની જિજ્ઞાસા તો એમજ તીવ્રતાથી વધતી જતી હતી. ક્યાંય ચેન નહોતું છતાં જલ્દી કંઈક કમાવાના ખેલ તો કરતા જ રહેલા, એમ જ એક બીજા ભાગીદાર સાથે એક્સપોર્ટનો ધંધો ચાલુ કરેલ. લંડન કેરી એક્સપોર્ટનો ઓર્ડર મળવાની તૈયારી થઈ ગયેલ. બેંક ખાતું ખોલાવી દીધેલ. બે ત્રણ વાર D/D માટે બેંકમાં પેમેન્ટ આવી ગયું છે કે નહી તપાસ પણ કરી. પણ પેમેન્ટ નહોંતુ આવ્યું.

અમે તો સીપમેન્ટની તૈયારી માટે સીપીંગ બીલ પાસ કરાવી લીધેલ. રીવાજ એવો હતો કે ઈન્વોઇસ બ્લેન્ક સહી કરીને આપીએ એટલે એજન્ટ શીપીંગ બીલ પાસ કરાવી લે અમને તો હતું કે આજકાલમાં D/D આવી જશે. પણ કોઈએ દગો કર્યો અને મેંગો ને બદલે મીરચી પાવડરનું શીપીંગ બનાવીને મીરચીને બદલે ડ્રગનું શીપમેન્ટ લંડન કરી દીધું. લંડનમાં પકડાઈ ગયું, જેમણે આ કરેલ તેઓ તો તરત ગાયબ થઈ ગયા. ઈન્કવાયરી એડ્રેસ પર થઈ અમે જે હતી તે હકીકત કહી. દગો કરનારે અમને ઉપાડી જવાની પણ તૈયારી કરેલ રાતે ઘરે આવેલ પણ અમે દરવાજો ઉઘાડ્યો જ નહોતો. કેસ એવો ગંભીર હતો કે મીસા કે ટાડા લાગી શકે પણ કશું થયું નહી. આમાં પણ ડિપાર્ટમેન્ટલ કેસ ચાલ્યો હતો. અમે તપાસમાં પહેલેથી છેલ્લે સુધી સહકાર આપેલ હતો સરકારને, છતાં રૂા.૫૦૦૦/- નો દંડ થયેલ.

દંડ ભરીને જ અપીલમાં જઈ શકાય, રકમ તો અમારી પાસે હતી નહી . બેંકમાં સોનુ મુકીને લોન લીધેલ તે ભરાયેલ નહી તેની નોટિસ આવેલ હતી. ત્રણેક વરસનું રૂમનું ભાડું નહોતું ભરાયેલ તેની

વકીલની નોટિસ આવેલ હતી. અમારી ઓફિસની બાજુમાંજ એક રીટાયર્ડ ઓફિસર હતા એમને મારા પ્રત્યે વાતો સાંભળ્યા પછી કંઈક હમદર્દી થયેલ. એમણે અમારાવતી ડિપાર્ટમેન્ટમાં દંડ બાબત અપીલ કરી. ઉપરની હકીકત જોઈને રૂ.૫૦૦/- ભરીને અપીલ દાખલ થઈ.

આ નિવૃત ઓફિસરે જ સરસ ડ્રાફ્ટ લખાવ્યો અને અમે એક મિત્રનું ટાઈપરાઈટર લઈને ૨૫/૩૦ પાનાની એ ડ્રાફ્ટ હાથે ટાઈપ કરેલ. આમ તો અમને ટાઈપ આવડતું નહોતું પણ એક હાથે એક્સપોર્ટમાં કામ કરેલ તેથી ઈન્વોઈસ શીપીંગ બીલ વિગેરે બનાવતા. એ નાના અનુભવ આમ કામ લાગ્યો. એ ઓફિસર જ કોઈ ફી લીધા વિના જ ડિપાર્ટમેન્ટમાં કેસ વખતે ઉભા રહેલા અને છેવટે એ કેસમાં નિર્દોષ જાહેર થયા અને દંડ માફ થયો. અપીલના રૂ.૫૦૦/- પાછા મળે છે પણ તે હજી સુધી લીધા નથી.

અકસ્માત પછીના આ પ્રસંગો છે.

અંદરની તીવ્રતા અને જિજ્ઞાસા દિનબદિન વધતી જતી હતી. સદ્‌ગુરૂની શોધનો ક્યાંય આરો નહોતો દેખાતો. નોકરી-ધંધા બંધ થઇ ગયા હતા દેવું માથે હતું એક ટેલીફોન હતો તે ૩૦ હજારમાં વેંચી દીધેલ. પત્નીએ ટીફીનને નાના કામ શરૂ કરેલ આમ ગાડું ચાલતું હતુ. સાધુ-સંતો-સાધકોના વ્યાખ્યાન સાંભળવા જતો. હિતવર્ધક મંડળમાં લાયબ્રેરી જોઈન્ટ કરી. સત્સાહિત્યનો ખાસ તો ગાંધી-વિવેકાનંદનો સ્વાધ્યાય શરૂ થયો.

ગાંધી વિવેકાનંદના સ્વાધ્યાયમાં કંઈક દિશા દેખાતી હતી. એમાં વિવેકાનંદનું એક વાક્ય આવેલ કે ''પાત્રતા પ્રગટ કરીએ તો પરમાત્મા સ્વયં મળે.'' એનાથી કંઈક સમાધાન થયેલ. સદ્‌ગુરૂ શોધની દોડ થોડી ધીમી થઈ હતી. આ પાત્રતા પ્રગટ કરીએ. એ તો આપણા હાથમાંની વાત છે ને! સદ્‌ગુરૂ પછી મળવા હશે તો મળશે ત્યાંસુધી કૃપાળુદેવને ગુરૂપદે સ્થાપી આગળની યાત્રા કરવી હોય તો કેમ? આવી વિચારણા ચાલી.

એમ જ એકવાર પાર્લામાં એ સમયે બંધુ ત્રિપુટીના રવીવારીય વ્યાખ્યાન ચાલતા હતા હજી એ સમયે એ સંપ્રદાયમાં જ હતા. એક વાર એ વ્યાખ્યાન સાંભળ્યા પછી વળતી વખતે પાર્લામાં જ પિતાશ્રીના મામા હરજીવન કેશવજી ટીંબડીયા રહેતા હતા તેમને મળવા ગયેલ એમની પાસે સરસ લાયબ્રેરી હતી. એમને ખબર અમે શ્રીમદ્‌જીમાં હમણા હમણા વધારે રસ લેવા લાગેલા એથી એમણે અમને શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનકોષ જેનું સંકલન ભીખાલાલ ગીરધરલાલ શેઠ, ગ્રાંટ રોડમાં રહેતા એમણે કરેલ. આ આધ્યાત્મિક શબ્દોની ડીકશનેરી જેવું ગણાય, શ્રીમદ્‌જીએ અધ્યાત્મના જે આત્મા, નિત્યત્વ, દ્રવ્ય, પર્યાય, અસ્તિત્વ, સમકિત એમ અનેક શબ્દો છે તેનો શ્રીમદ્‌જીએ એના પત્રોમાં કે વ્યાખ્યાન સાર કે ઉપદેશ નોંધ-ઉપદેશ છાયામાં જે લખેલ છે તે શ્રીમદ્‌જીના શબ્દોમાં જ કહેલ છે તેનું આ પુસ્તકમાં સંકલન છે. આ પુસ્તક હરજીવન બાપુજી અમને આપ્યું. એક દિવસ ઘરે બપોરે જમીને પલંગ પર બેઠેલો. આ પુસ્તકનું સહજ વાંચન કરતો હતો. એમાં એક શબ્દની વ્યાખ્યા વાંચી શબ્દ હતો ''અસ્તિત્વ'' કૃપાળુ દેવે વ્યાખ્યાન સાર ૧માં કલમ ૨૨૦માં એની નીચે મુજબ વ્યાખ્યા કરેલ છે.

''અસ્તિત્વ: આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસ થવાથી સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યકત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દ્રષ્ટિની માફક નજરાય છે, અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. જો આગળે વધે તોપણ પગ પાછા પડે છે, અર્થાત પ્રકૃતિ જોર આપતી નથી. એક વખત સમ્યકત્વ આપ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. એમ થવાનું મૂળકારણ અસ્તિત્વ ભાસ્યું છે તે છે.''

આ વાંચતા તરત ભાસ થયો આ અસ્તિત્વની વાત લખેલ છે તે જ અકસ્માત વખતે અનુભવ થયેલ તે જ તો નહિ હોય ને? હજી સુધી આ શું છે તેનો નિર્ણય થતો નહોતો. એમાં અવાજ આવ્યો એક દિવસ ''એક વરસનું મૌન લઈ લે''. એક તો ક્યારેય કલાકેક મૌનનો જીવનમાં પ્રયોગ કર્યો નહોતો. નોકરી-ધંધા બંધ હતા માથે દેવુ હતું. કમાનાર અમે એકલા જ હતા. આ શક્ય જ નહોતું પણ આ અવાજે અમારું ચૈન-નિંદ્રા હણાઈ ગયા હતા.

અકસ્માત પછી મારા બનેવી ધીરજલાલ જુનાગઢથી મુંબઈ આવી ગયા હતા. અમારા પછી મુંબઈમાંજ તેમનું બસમાં એકસીટેન્ટ થયેલ. ડાબો પગ ગોઠણથી નીચેનો કાપવો પડેલ. એમની પુત્રી મારી સગી ભાણેજ પારૂલને અસાધ્ય રોગ થયેલ હતો. વરસોથી સારવાર ચાલતી હતી. બાહ્ય રીતે શરીર-બધુ સારું લાગતું પણ રોગ મટતો નહોતો છેલ્લે એમને જૈન ક્લીનીક કાંદાવાડીમાં દાખલ કરેલ. અમે બંને રોજ મળતા. V આકારમાં આંગળી કરી દેહ અને આત્મા જુદા છે તને ક્યાં કાંઈ થાય છે આમ કહી બંને ખડખડાટ હસતા. દવાઓની કંઈ અસર નહોતી થતી. છેવટે એની આંખ ગઈ, હાથ ગયા, પગ ગયા, વાચા ગઈ અને છેલ્લે એ પણ ગઈ. આ બનાવે જે અંદર ખળખળાટ થયો છે તેનું શબ્દોમાં કેમ વર્ણન કરવું? આત્મા કહે, હે જીવ, ભગવાન તને મૌન લેવાનું કહે છે અને તું લેતો નથી. અને આમ જ ક્યાંક વાચા બંધ થઈ જશે તો શું કરીશ? નિર્ણય થયો કે ગમે તેમ પણ હોય એક વરસનું મૌન લેવું જ. પુરાંત કશી નહિ, આવક કશી નહિ, માથે દેવુ મૌન કેમ થશે તે મને પણ ખબર નહોતી.

અમે આજ સુધી અને આજે પણ પરિવારને ક્યારેય બોજ નથી માનેલ એ અમારી ફરજ છે અને એનું પોષણ કરવું એ અમારું કર્તવ્ય છે. એથી વરસના મૌન દરમ્યાન કંઈક વ્યવસ્થા થાય તો જ મૌન લેવાય એમ હતું. પારૂલની તિથી ૨૫/૧૧/૮૪ ના હતી. ૨૬/૧૧ થી મૌન લેવાનું હતું કશી વ્યવસ્થા હજી સુધી થઈ નહોતી. પણ સંકલ્પ પાકો હતો.

અમારા જીવનમાં સત્સાહિત્યનું બહુ મોટું યોગદાન છે. શ્રીમદ્ રાજચંદ્રજીના ચરણે પૂર્ણ સમર્પણ છે, પણ ગાંધીજી વિવેકાનંદજી, સંતબાલજીનો ખાસ ઉપકાર છે. સદેહે તો કોઈને જોયા નથી પણ એમના સાહિત્યે ઘણીવાર સાચે મારગે વાળ્યા છે. સદ્‌ગુરૂ મળે, સદ્‌ગુરૂ મળે એની સતત પ્યાસ રહેતી હતી. પણ વિવેકાનંદજીના એક વાક્યે ''પાત્રતા પ્રગટ કરો, પરમાત્મા સ્વયં ચાલી આવશે.'' આ એક વાક્યે યાત્રાને સાચી દિશામાં વાળી શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનકોષ પુસ્તકથી પણ કંઈક ઝાંખી થઈ. આમ અમારી યાત્રામાં પુસ્તકો અદભૂત સહાયક બનેલ છે.

આ મૌન ખરેખર ૨૬/૧૧ થી ચાલુ થાય છે. એ વ્યવસ્થા કેમ થઈ એ પછીની વાત હવે પછી.

**ક્રમશ:**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૪થો

એક વરસનું મૌન લેવાનું હતું ખિસ્સામાં એક પૈસો નહી સાત જણાના પરિવારની જવાબદારી હતી. વધારામાં ધંધામાં નુકશાન જવાથી લાખેક રૂપિયાનું દેવું થઈ ગયેલ. આમ ચારે બાજુથી કઠણાઈએ ઘેરો ઘાલેલ હતો. પણ પારૂલના મૃત્યુનો દાખલો જોયા પછી મૌન લેવાનો વિચાર મક્કમ હતો. જવાબદારીના કર્તવ્યમાંથી ભાગવાની પણ ઈચ્છા નહોતી. એ કર્તવ્ય તો નિભાવવું જ રહ્યું અને અમે એ કર્તવ્યને ક્યારેય બોજ નથી માનેલ.

૨૬.૧૧.૮૪થી મૌન લેવું હતું. ૨૪.૧૧ ના એક શ્રીમદ્‌ના મુમુક્ષુને મળવા ગયો પણ તેઓ દેવલાલી ગયેલા હતા. ત્યાં સહજ સુઝી આવ્યુ કે આને મળ અને એ હતા અમૃતલાલભાઈ કોરડિયા-મહાવીર સ્ટોર્સ-મલાડવાળા. અમૃતભાઈ દેરાવાસી જૈન-શ્રીમદ્‌ વિષે ભાગ્યે જ કંઈ પરિચય હશે, વ્યાજે લઈને ધંધો કરતા હતા. તેમને મળ્યો. બહું ટુંકમાં તેમને વાત કરી. એક વરસનું મૌન લેવું છે, ઘરનો માસિક ખર્ચ રૂા.૧૨૦૦/- છે તે સગવડ થાય અને તમે સહકાર આપો તો મૌન શરૂ થઈ શકે છે.

આજે પણ મને આશ્ચર્ય થાય છે કે એમણે તુરંત હા કેમ પાડી હશે? કોઈ જાતની વધારે પુછપરછ નહી, ક્યારે પાછા મળશે એવી કશી વાત પુછ્યા વગર તેમણે હા પાડી અને આ જવાબદારી સ્વીકારી. એટલું જ નહી ૩૦.૧૧.૮૪ના પાંચ દિવસ પછી રૂા.૧૨૦૦/-ઘરે પહોંચાડી દીધા અને ઠેઠ સુધી એમણે વચન નિભાવ્યું. ધર્મની કોઈ ઊંડી સમજ નહોતી, તેમને ક્યારેય એમને યાદ દેવડાવ્યું પડ્યું હોય કે રૂબરૂ જવું પડ્યું હોય એમ નથી બન્યું. ક્યારેય મને રૂબરૂ મળવા પણ નથી આવ્યા.

અમૃતભાઈ પાસે દસેક વરસ પહેલા ૬ મહિના સેલ્સમેનની નોકરી કરેલી. બસ આટલો જ પરિચય ન મારા એ કોઈ સગાસંબંધી ન બીજી કોઈ સગાઈ હતી. નોકરી પછી દુકાન પાસે નીકળ્યા હોય તો ક્યારેક પાંચ દસ મિનીટ વાતચીત થઈ હોય. આટલો જ પરિચય હતો. કુદરતની એક અજબ યોજના વ્યવસ્થા હોય છે તેનો આ ત્રીસ વરસની યાત્રામાં ઘણીવાર અનુભવ થયો છે એમાંનો આ એક અનુભવ હતો.

૨૬/૧૧ થી મૌન શરૂ થયું અમે બીલ્ડીંગ નં.૬માં રહેતા હતા. મારા બનેવીના ભાઈ કનુભાઈની રૂમ બીલ્ડીંગ નં.૨માં હતી તે ખાલી હતી તેમાં અમે રહેતા અને રોજ જમવા ઘરે જતા. અમે સંસ્કૃત-માગધી-પ્રાકૃત ત્યારે કે આજે પણ નથી જાણતા. નક્કી એવું કરેલ કે કૃપાળુદેવે ઉપદેશ નોંધ ૧૫માં 'શ્રી સત્શ્રુત' મથાળા હેઠળ વીસ શાસ્ત્રોના નામ લખેલા છે તેનો સ્વાધ્યાય કરવો. મલાડ (પૂર્વ) માં દિગંબર મંદિરમાંથી ગુજરાતી અનુવાદ સાથેના મોટા ભાગના શાસ્ત્રો મળેલા. શ્રીમદ્‌જીએ આ શાસ્ત્રોના નામ પછી છેલ્લે નાની સુચના લખેલ છે.

''આદિ અનેક છે, ઈંદ્રિય નિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે એ ફળ અલૌકિક છે. અમૃત છે.'' એમાંથી ગોમ્મટસાર-લબ્ધિસાર જેવા કેટલાક ગણિતાનુયોગના અત્યંત ગહન ગંભીર શાસ્ત્રો છે તે તો થોડા જોઈને જ સમજમાં આવી ગયેલ કે આ શાસ્ત્રોમાં આપણી ચાંચ ડુબે તેમ નથી. બાકીનાનો ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાય ચાલુ કરેલ. આ સ્વાધ્યાય માટે જે ઉપરનું સુચન-ઈંદ્રિય નિગ્રહપૂર્વક સત્શ્રુત સેવવા યોગ્ય છે, એવો ઈંદ્રિયનિગ્રહપૂર્વક એ અભ્યાસ થયેલ નહોતો એટલું સ્વીકારવું રહ્યું.

અમને તો દ્રવ્ય-પર્યાય કોને કહેવાય એ પણ ખબર નહોતી. એટલી જ ખબર હતી કે સત્પુરુષ જોઈએ જ, ગુરૂગમ જરૂરી છે. એવા ગુરુ તો મળ્યા નહી એટલે શ્રીમદ્‌જીને ગુરૂપદે સ્થાપી યાત્રા શરૂ કરેલ. સાવ કોરી પાટી હતી. 'સમયસાર' ના સ્વાધ્યાય કરતાં મન:સ્થિતિમાં એક અનોખો અનુભવ થયો. પણ એ અનુભવને શબ્દાર્થમાં મૂકવો આજે પણ શક્ય નથી. ટ્રેન અકસ્માત પછી જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં જે અનુભવ થયેલ તે માટે કંઈ નિર્ણય નહોતો થતો એ આ સ્વાધ્યાય પછી સ્પષ્ટ થયું કે જુનાગઢ હોસ્પિટલમાં થયેલ એ અનુભવ જ ભેદજ્ઞાન, દેહભિન્ન ચૈતન્યનો અનુભવ હતો અને તેને જ સમકિત સમ્યગદર્શન જૈન ભાષામાં કહેવાય છે. આત્મસાક્ષાત્કાર, ભેદજ્ઞાન બીજા અનેક નામે જે કહેવાય છે તે આ જ છે. આ અનુભવ થવા માટે જ સાધના કરવાની હોય છે. અને એ મેળવવા માટે જ શાસ્ત્રો હોય છે. થયું આ તો બહુ મોટી ઉપલબ્ધિ થયેલ છે. હવે મૌન પછી આપણે સ્વાધ્યાય-સત્સંગ ચાલુ કરી શકશું. હવે પછી પડીએ નહીં તો પંદરભવથી વધારે ભવ હવે થવાના નથી જ. પણ મૌન દરમ્યાન જ એક અવાજ આવ્યો. ''ઊભો રહે, વાળમાંથી થોડો તડકો ખરવા દે.'' આમ તો આનો અર્થ કશો ન થાય. પણ અમને એનો અર્થ એવો સમજાયો કે હજી વાર છે. મૌન જ રહેવાનું છે. જેમ નહેરમાં પાણી શરૂ થાય પછી ધરતી તૃપ્ત થાય પછી જ પાણી આગળ વધે છે એમ જ્યાં સુધી તૃપ્તિ ન થાય ત્યાં સુધી બને ત્યાં સુધી ચુપ જ રહેવાનું છે.

એક વાતમાં અમે હંમેશા દ્રઢ અને સ્પષ્ટ રહ્યા છીએ કે મૌનમાં કે ક્યારેક ઝબકારામાં કોઈ વાત સુઝી આવે તો તેનો અર્થ અમારો આત્મા જે કહે તે જ સાચો. શાસ્ત્રો-મિત્રો-સાધુસંતો જે અર્થ કહે સમજાવે તે શાસ્ત્ર સમ્મત હોય, સત્ય હોય તો પણ અમને જે એ સમયે સમજાય તે જ સાચો અર્થ અને તેમજ ચાલવાનું એમ ચાલતા પ્રયોગના પરિણામે છેલ્લે શાસ્ત્રની વાત સાચી હોય એમ બન્યું છે. પણ શરૂઆત તો આપણો આત્મા કહે તેમ જ કરી હોય છે. આપણો આત્મા આપણને સાચે રસ્તે જ દોરે છે અને આપણું હિત હોય એમ જ ચલાવે છે એ પણ અનુભવે-પ્રયોગો કરતા સિધ્ધ થયું છે.

જીવનમાં ક્યારેય એક કલાકનો પણ મૌનનો પ્રયોગ નહોતો કર્યો પણ આ એક વરસમાં ભાગ્યે જ ક્યારેય મૌન ભંગ થયેલ છે. ધંધો-નોકરી બધું બંધ હતું, તેથી બહુ અલ્પ લખીને જરૂર પૂરતું કામ ચલાવેલ. હા અમારી સોસાયટીમાં કેટલાક મદ્રાસી, કસાઈઓ ભુંડ પકડી જતા. વરસોથી આ ચાલતું હતું. મૌન દરમ્યાન એમની સાથે થોડા સંઘર્ષ થયેલો. પોલીસ સ્ટેશનમાં પણ જવું પડેલ અમારા ઘરની સામેથી લાઠીઓ લઈને ધમકી ડરાવવાનો પ્રયત્ન પણ કરેલ પણ અમે મક્કમ રહેલા. કંઈક અંશે એ પ્રવૃત્તિ ધીમે ધીમે ઓછી થતી ગઈ હતી. આટલા પુરતું ક્યારેક બોલવાનું થયેલ બાકી સગાસંબંધી ક્યારેક આગ્રહ-સોગંધ દઈને બોલાવવા આગ્રહ કરેલ હોય પણ એવી બાંધ છોડ નહોતી થઈ.

મૌનના છેલ્લા દિવસે હિતવર્ધક મંડળ કાંદિવલીમાં રાતે નીચેનો નાનો હોલ જેનું ભાડું માત્ર રૂ.૧૦૦/- હતું, રાત્રે ભક્તિ કરાવી હતી અને થોડું વકતવ્ય આપેલ. આ અનુભવ વિષે કશું નહોતું કહ્યું પણ અમારી ભૂલો-દોષોનો ખુલ્લા શબ્દોમાં નિ:સંકોચ એકરાર કરેલ.

મૌન ખોલતા પહેલા વેશ પરિવર્તન કરીને ભક્તિ કરાવેલ. જૈન સાધુ જેવો સફેદ નીચે ચોલટો ઉપર પછેડી અને નીચે ગંજી આમ પહેરેલા. મૌન ખુલ્યા પછી કેટલાક મહિનાઓ સુધી આમ જ આ જ વેશમાં ગમે ત્યાં લગ્ન, સગાઈ, મરણ બધામાં આ જ વેશમાં જવા આવવાનું ચાલતું હતું. મારા ભાણેજ અતુલના લગ્નમાં પણ આ જ વેશમાં ગયેલો હતો. ક્યારેક કોઈ મજાક મશ્કરી કે લો આ સાધુ મહારાજ આવ્યા છે, ઉપેક્ષા ઉપાલંભ આવું બધું થયા કરતું પણ આપણે જ્યારે આપણા અંતર અવાજ પ્રમાણે ચાલીએ છીએ ત્યારે એની મસ્તી-આનંદ જે મળે છે તેની સામે આ તો કશું જ નથી. ત્યાં પછી બીજા પ્રત્યે દ્રષ્ટિ જ જતી નથી. ''દુનિયા બોલે એને બોલવા દઈએ આપણે આપણી મસ્તીમાં રહીએ''

આ મૌન દરમિયાન એક અવાજ એ પણ હતો કે ''ઊઠ, ઊભો થા, તારો જન્મ મુંગા પશુઓ માટે છે.'' એથી મૌન પછી સર્વોદયી નરોત્તમભાઈ શાહને મળવાનું થયું. એનાથી વિનોબાજી પ્રેરિત દેવનાર ગોરક્ષા સત્યાગ્રહમાં આવવા જવાનું શરૂ થયું. નરોત્તમભાઈને લીધે-કાંતીભાઈ શાહ, મકરંદ દવે, અરૂણ ભટ્ટ, નરેન્દ્ર દુબે, દિપક સચદે એમ અનેક સમવિચારકો મળતા ગયા. માંસ નિકાશ બંધી માટે સાધુ સંતોને મળવાનું થયું. કેટલાક શ્રેષ્ઠીઓને પણ મળેલ. એક શ્રેષ્ઠીએ કહ્યું અમારે અમારા વ્યવસાય હોય છે. વાતો મોટી કરીએ પણ આમાં સક્રિય ભાગ લઈએ તો ધંધાને અસર થાય. સરકારની નજરમાં આવીએ તો બીજી અડચણો આવે. એટલે સહયોગ ન આપી શકીએ.

મૌન પહેલા અને પછી મહાવીર નગર, ચિંચણીમાં પણ આવન જાવન શરૂ થયેલ. ત્યાં અમારા પરમ ઉપકારી દૂલેરાય માટલિયાનો મેળાપ સત્સંગ થયો. એ કાને સાંભળતા નહિ તેથી લખીને થોડો અમારો પરિચય આપેલ. ઈશારામાં ઘણું સમજી શકે એવી એમની પ્રજ્ઞા હતી.

વેશ તો એ જ રાખીને ફરતા રહેલ. એકાદ વરસ પછી ઘરમાં કીધું કે હું હવે જાઉં છું. ક્યાં જવું શું કરવું એ કશું નક્કી નહોતું. પણ ઈડર જાઉં છું. ત્યાં ગયા પછી જોઈશ. વેશ સાધુનો-હાથમાં એરિસ્ટોક્રેટ બેગ. જોઈને કોઈક કીધું કે વેશ આવોને બેગ આવી! પણ આપણે તો ઘરમાં હતી તે લઈને નીકળી પડેલ. આ યોગ્ય અયોગ્યનો વિચાર કોણ કરે?

ઈડરમાં ચારેક દિવસ રહેવાનું થયું. અમે પ્રાયઃ સુવા અને જમવાના સમયે જ આશ્રમમાં રહેતા મોટે ભાગે ઈડરના પહાડોમાં મસ્તીમાં એમ જ ફરતા રહેતા હતા. એમાં એક અવાજ આવ્યો. ''ઘરે પાછા જાવ અને સફાઈ કરો.''

અરે હજી તો ઘરેથી ''જાઉં છું'' કહીને નીકળ્યા ત્યાં પાછું કેમ જવાય? અહંકાર આડો આવ્યો. તેથી ઘરે ન જતાં ત્રણ ચાર મહિના કોબા આશ્રમમાં રહેવાનું થયું. ત્યાં તેમની લાયબ્રેરીના પુસ્તકોને પુંઠા ચડાવવા, નવા રજીસ્ટર બનાવવા વિ. કાર્યો થયા. ક્યારેક કોઈએ ફરિયાદ કરી કે રમેશભાઈ સ્વાધ્યાય ભક્તિમાં આવતા નથી આત્માનંદજી સાથે થોડી વાતો થયેલ. એમણે કહીં દીધું રમેશભાઈ આવે ન આવે એમને એમની રીતે રહેવા દો. એ રૂમમાં સુઈ નથી રહેતા કે આશ્રમમાં સંસારી પ્રવૃત્તિ તો કંઈ નથી કરતાને!

અમે શ્રીમદ્જીના વચનામૃતમાંથી કેટલીક મુખ્ય આજ્ઞાઓ-વાક્યો લીધેલા છે એ આજે અને હંમેશા સતત નજરમાં રહે છે.

૧. તારા દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા.
૨. હું કહું છું એમ કોઇ કરશો? મારું કહેલું સઘળું માન્ય રાખશો? મારા કહેલા ધાકડે ધાકડ પણ અંગીકૃત કરશો? હા, હોય તો જ હે સત્પુરુષ! તું મારી ઈચ્છા કરજે.
૩. યોગાનું યોગે બનેલું કૃત્ય બહુ સિધ્ધિને આપે છે.
૪. આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતા અટકશો નહીં.

ધાકડે ધાકડનો પ્રયોગ આમ થયો.

કૃપાળુદેવે લખેલ છે. વાળ ટુંકા રાખું, વાળ રાખું નહીં. તેથી પ્રથમવાર કોબામાં મુંડન-ટકો કરાવ્યો. એક સંબંધીને આવતા જોયા તો સંતાઈ ગયો. નગ્ન નહાઉ નહી તેથી નહાવા માટે જ ચડી મંગાવી. મોક્ષમાળામાં પ્રથમ ''શિક્ષણ પધ્ધતિ''માં સુચવેલ છે કે, ''એક બે વાર પુસ્તક પૂર્ણ શીખી રહ્યા પછી અવળેથી ચલાવવું.'' એટલે એકવાર અવળેથી ચલાવીને સ્વાધ્યાય શરૂ કરેલ. આવી નાની સુચનાનું પણ અત્યંત ગંભીર મહત્વ છે. એ સાધકે હંમેશા ધ્યાનમાં રાખવા જેવું છે. અનુભવે અને પ્રયોગે આ સ્પષ્ટ અમને સમજાયું છે.

શ્રીમદ્ રાજચંદ્ર મંદિર-ઘાટકોપરનાં અમે બહુ ઋણી છીએ. અકસ્માત પહેલા વરસો સુધી શશીકાંતભાઈ તથા મંજુબેનની ભક્તિ અને વજુભાઈ ખોખાણીના સ્વાધ્યાયનો અમૂલ્ય લાભ મળ્યો છે. એનાથી વૈરાગ્ય નહોતો આવ્યો પણ એક બીજ વવાઈ ગયું હતું એટલું સ્વીકારવું રહ્યું. આથી રૂબરૂ એકવાર શશીભાઈને મુંબઈમાં અને વજુભાઈને મોરબીમાં મળવાનું થયેલ. આપણે આપણી વાત કરીને આપણી ફરજ પુરી થઈ સમજી ભૂલી ગયેલા. આ પછી ઘણા ઉચ્ચ સાધકોને સાધુઓને મળવાનું થયેલ છે. વિગતવાર વાત પણ થઈ છે. પણ સ્પષ્ટ રીતે દુલેરાય માટલિયા સિવાય બીજા કોઈ ઓળખી શકેલ નહિ. આજે તો સ્પષ્ટ સમજ આવી છે કે અનુભવીને અનુભવી જ ઓળખી શકે. બાકી ગમે તેવા પ્રખર વક્તા, વિદ્વાન, શાસ્ત્રકાર, કે સાધુ પણ અનુભવીને ઓળખી જ ન શકે. આ અધ્યાત્મનો નિયમ છે એ સમજાય ગયું છે તેથી નિરાંત રહે છે.

એક સાધ્વી આવેલા કહે મૌનમાં સત્સંગ તો થાય. ચાલો સત્સંગ શાસ્ત્રાર્થ કરીએ. અમે કીધું અમારે સત્સંગ-શાસ્ત્રાર્થ માટે પણ મૌન ખોલવું નથી અમે હારી ગયા શાસ્ત્રાર્થ પહેલા જ. અમે વ્યાખ્યાનમાં બેઠા હતા ત્યારે એ સાધ્વીજીએ શ્રીમદ્જીની એટલી બધી નિંદા કરેલ કે અમને ત્યારે અત્યંત ક્રોધ મનમાં આવી ગયેલ. એક થપ્પડ મારીને મોમતી ખેંચી લેવાનું મન થયેલ. પણ મૌન હતું તેથી એમ ન થયું. નહિતર તું તું મેં મેં જરૂર થાત. ખેર આજે તો એ પ્રસંગમાં બચી ગયા તે ગુરૂકૃપા સમજાય છે. એ સાધ્વી માટે તો આજે ખૂબ દયા આવે છે. કેટલા બધા કર્મબંધન થયા છે તેમને? સમજ્યા વગર જ્ઞાનીની નિંદા ટીકા કરવાથી શું થાય છે તે શાસ્ત્રમાંથી જાણીએ તો ખબર પડે છે કે ફરી જ્ઞાનીનો મેળાપ થતો નથી. જ્ઞાનીઓની- કે સાધકોની પણ નિંદા-ટીકાથી દૂર રહેવા જેવું છે. મધ્યસ્થ મૌન રહીએ, વાદવિવાદથી દૂર રહેવા જેવું છે. આટલું તો બધા સાધુઓ-સાધકોએ હંમેશા લક્ષમાં રાખવા જેવું છે અને એમાં જ આપણું હિત છે.

ઈડરનો સ્પષ્ટ અવાજ હતો ''ઘરે પાછા જાવ સફાઈ કરો.'' તેથી કોબામાં ચારેક મહિના રહી સ્વઘરે પાછા આવ્યા.

આ અવાજનો અમલ કેમ થાય છે, એનું શું પરિણામ આવે છે એ હવે પછી.

**ક્રમશઃ**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૫મો

પ્રથમ વરસના મૌનમાં એક પરિચિત સાધુ મહારાજ પણ મળેલા કહે, શ્રીમદ્ પણ પડ્યા હતા, એના કરતાં અમારી સાથે આવી જા, અમે જવાબ આપેલ, ''શ્રીમદ્ પડ્યા હતા તો અમે પણ તે કુવામાં પડશું અનંત જન્મ વ્યર્થ ગયા છે તો એક વધારે પણ તમારી સાથે તો નથી જ પડવું.''

અવાજ હતો ''ઘરે જાવ-સફાઈ કરો.'' અહંકારને હિસાબે કોબા અને બીજે થોડો સમય ફરીને પછી ઘેર આવ્યો. મકરંદભાઈ અને અરૂણ ભટ્ટને મળવાનું થયેલ કહે આ અંદરની સફાઈની વાત છે. પણ અમને જે અર્થ સમજાયો તે સ્પષ્ટ હતો કે સફાઈ એટલે આ દેખાતી ગંદગી ઝાડુથી સાફ કરવાની છે. પણ એવું કામ કરાય? અહંકાર, શરમ-સંકોચ તેથી આજે કરું કાલે કરું એમ દિવસો મહિનાઓ વીત્યા પણ કામ શરૂ ન થયું. પણ પછી છ એક મહિના પછી ઝાડુ, પાવડો, ઘમેલા લઈને શરૂ કર્યું.

અમે બધા ચાલીઓમાં રહીએ આગળ સફાઈ બધા કરે પણ બારીની પાછળથી બધા કચરો નાખ્યા કરે. પાછળની બારીના છજામાં એ બધો કચરો પડ્યો રહે ત્યાં સાફ કોણ કરે? પાછળના ભાગે પણ કચરો એઠવાડ પડ્યા રહે. કોમન સંડાસ બાથરૂમની જગ્યામાં ડ્રમમાં બધા એઠવાડ નાંખે આખો દિવસ એ ગંદગી રહે. ઝાડુવાળો સાફ સફાઈ કરીને જાય પણ થોડા જ કલાકમાં પાછી એવીને એવી હાલત થઈ જાય. આવી હાલત સોસાયટીની હતી.

પ્રથમ પાછળની સફાઈ ચાલુ કરી. ઘરમાં પત્ની સિવાય બધાનો અણગમો ચાલુ થયો. પત્નીને પણ ગમ્યુ તો ન જ હોય પણ એ બાબત દલીલ કે ક્રોધ બોલચાલ ક્યારેય ન થઈ હતી. ભયંકર ગંદગી હતી. તે સાફ કરતો ગયો થોડો સુધારો થયો. સવારે કોમન ચોકડાના ડબાનો કચરો ઝાડુવાળો લઈ જાય બપોરે હું એ સાફ કરું. ટેબલ ઉપર ચડીને આગળ પાછળનો પેલા માળના છજા સાફ કર્યા. પેસેજના ઝાળા સાફ કર્યા ધીમે ધીમે થોડી જાગૃતિ આવી બધાને પાસેથી ૧૧રૂ. લઈ પ્લાસ્ટીકના ડબા લઈ આપ્યા. ચોકડાની ગંદગી લગભગ બંધ થઈ. પાછળની સફાઈ પણ થઈ.

આ સફાઈ કરતા ક્યારેક મિત્રો, ક્યારેક સગા વહાલા, ક્યારેક સાસરી વાળા પણ ભેગા થઈ જાય પણ આપણે તો મસ્તીથી સફાઈ કરતા રહ્યાં.

નગરની સફાઈ પુરી થઈ. પછી શેરીમાં જે પહેલા ગોળ ડબાઓ મ્યુનીસીપાલીટી રાખતા ત્યાં બધા કચરો નાખે. ડબામાં તો ભાગ્યે જ નાંખે. ફેકે એટલે વર્તુળ વધતું જાય અને ડબાની આજુબાજુ કચરો ફેલાયેલો રહે. આ ડબાની આજુબાજુની સફાઈ ચાલુ કરી. સવારે આજુબાજુ ફેલાયેલ કચરો ડબામાં નાખવાનો અને સાફ રાખવાનો. સાંજે પાછો એમ જ આજુબાજુનો કચરો ભેંગો કરી ડબામાં નાખવાનો. સાંજે ડબા પાસે બેસવાનું કચરો ડબામાં નાંખો એમ કહેવાનું કોઈ એમજ બેઠા હોય છતાં ફેંકી જાય તો ડબામાં નાખવાનો એમ ધીમે ધીમે આ સફાઈ પછી કાંદિવલીમાં ઈરાનીવાડીમાં સફાઈ ચાલુ કરી. કચરા ગાડી - ઘમેલું - ઊભા ઝાડુઓ - પાવડો એ બધું વસાવીને ત્યાં સફાઈ કરી.

કાંદિવલીમાં એક મિત્રનો ''રાજ રચના'' બીલ્ડીંગમાં બ્લોક ખાલી હતો ત્યાં રહેવાનું શરૂ કર્યું. રોજ આંબેલ રાખી ઉપાશ્રયમાં આંબેલ કરી લેવાનું રાખેલ. મલાડ જેમ જ ડબાઓની સફાઈ, કોમન સંડાસોની સફાઈ આમ કામ શરૂ કર્યું.

અહિં 'સ્વચ્છતા યજ્ઞ' ના નામે પેમ્ફલેટ છપાવેલા ઉપર સૂત્ર હતું ''સર્વોત્કૃષ્ટ શુધ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિધ્ધિ'' નીચે લખેલ કન્વીનર સત્પુરુષોની પ્રેરણા અને આશિર્વાદ- રમેશ દોશી (નિમિત)

એક ઈરાદો હતો કે ''રાજ રચના'' માં બધા સત્સંગમાં આવે અને એથી આ સફાઈની વાત ને સમજાવી શકાય. સમય રાતનો રાખેલ. પણ આશ્ચર્ય કહો કે ગમે તેમ ક્યારેય કોઈ આવ્યું જ નહી જો કે અમે એ અપેક્ષા નહોતી રાખી આવત તો ગમત, ન કોઈ આવ્યું તો ક્યારેય નિરાશા થઈ નહોતી.

અહિં એક અદભૂત ઘટના ઘટેલ. ''રાજ રચના'' ની પાછળ પેસેજમાં બધા એઠવાડ નાખીને ગંદગી કરતા હતા ત્યાં ક્યારેય સફાઈ નહોતી થતી. અમે આ સફાઈ કામ પ્રથમ હાથમાં લીધું. એંઠવાડ એમ જ પડ્યો રહે તો દુર્ગંધ બહુ ન આવે પણ એ કચરોને હલાવો કે ઉપર નીચે કરો એટલે ભયંકર દુર્ગંધ શરૂ થાય. અમે તો સફાઈ ચાલુ કરી. એ ઉકરડામાંથી પ્રચંડ સુગંધનો અનુભવ થયો. એવી સુગંધ કે હજી સુધી ફરી એવી સુગંધનો અનુભવ નથી થયો. કામ કરતા તો એમ જ લાગ્યું કે કો કે અતર ઢોળ્યું હશે. પણ રાત્રે પ્રાર્થનામાં બેઠો ત્યારે એનો ખ્યાલ આવ્યો કે આ કોઈ દૈવી સુગંધ હતી. આ ચમત્કાર નથી પણ આપણે સાચે માર્ગે છીએ એની નિશાની છે. સાધકને સાધનામાં ક્યારેક સુગંધ-પ્રકાશ-દીવો વિગેરે આવા અનુભવ થાય છે એ મંઝિલ નથી પણ આપણે સાચે માર્ગે છીએ એનો માઈલ સ્ટોન છે. કૃપાળુ દેવે પત્રાંક ૩૦૫ માં લખેલ છે. ''કોઈ પણ પ્રકારનું દર્શન થાય તેને સમ્યક્જ્ઞાન મોટા પુરુષોએ ગણ્યું છે એમ સમજવાનું નથી. પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય તેને સમ્યક જ્ઞાન ગણવામાં આવ્યું છે.

ધર્મજ જેમનો નિવાસ છે તેઓ હજુ તે ભૂમિકામાં આવ્યા નથી. તેમને અમુક તેજોમયાદિનું દર્શન છે. તથાપિ યથાર્થ બોધપૂર્વક નથી. દર્શનાદિ કરતાં યથાર્થ બોધ શ્રેષ્ઠ પદાર્થ છે. આ વાત જણાવવાનો હેતુએ છે કે કોઈ પણ જાતની કલ્પનાથી તમે નિર્ણય કરતાં નિવૃત થાઓ.''

એક હેન્ડમાઈક પણ વસાવેલું.

આમ કામ સરસ ગોઠવાતું ગયું લોકોનો સહકાર મળવા માંડ્યો.

ડાયરીના પાના નં ૧૧૨ માંથી (તા.૧૮.૧૧.૯૭) માંથી

''અને એકવાર વાવાઝોડાની જેમ મોહલ્લાના બધા સ્વચ્છતા યજ્ઞમાં જોડાયા અને સફાઈ શરૂ થઈ. નગરસેવકો ઓળખવા માંડ્યા. એમને તો પોતાની પાર્ટીમાં જોડાય એ જ રસ પણ આપણે તો આપણી મસ્તીમાં રહ્યાં. પરીવારનું તો એમ જ ગાડું પ્રભુ કેમે કરીને ચલાવી રહ્યો હતો. નગર સેવકે એ વખતના કાંદિવલીના મ્યુ. કમીશનર ખૈરનાર સાથે મેળાપ કરાવ્યો. ખૈરનારે વાત સાંભળી કહ્યું આના માટે તો કંઈક કરવું જોઈએ. એટલી વાત થઈને કોઈ આવ્યું અને એ પોતાના કામમાં પડી ગયા. અમે વાત પુરી કરીને નીકળ્યા. પછી તો વાત વાતને ઠેકાણે રહી. એ પણ વીસરી ગયા અને અમે તો એવો વિચાર સરખો કર્યો જ ન હોતો. સેવાના કામમાંથી નિજસ્વાર્થે કે આજીવિકાર્થે પણ કંઈ લેવું એવું ક્યારેય ખ્યાલમાં આવ્યું જ નહીં. આજીવિકાર્થે નોકરી કરી અને ગરીબીમાં ચલાવ્યું અને સેવા તો મસ્તીથી મસ્ત રહીને કરી. એનો અપૂર્વ આનંદ લૂંટ્યો-મળ્યો એનું

કારણ જ સેવા અને ધનની ભેળસેળ ન થઈ સેવા દુષિત ન થઈ. સહજ એવા મિત્રો ઈશ્વરે મેળવી આપ્યા છે જે સમયે સમયે મદદ કરતા રહ્યા છે. આમાં મુખ્ય બે રહ્યા. કિશોરભાઈ જૈન બેંગલોરવાળા અને વસંતભાઈ શાહ બોરીવલીવાળા વસંતભાઈને તો અમે ક્યારેય પહેલા મળેલા નહી. કોઈએ વાત કરી હશે એમને એટલે અમે મૌન સાધનામાં હતાં ત્યારે ઘરે આવીને સારી એવી રકમ આપી ગયેલ. મારા મોટા પૂત્ર સુહિલને પોતાની ઓફિસમાં સર્વિસમાં રાખી દીધેલ અને ગુજરાન ચાલે એટલો ૩૫૦૦રૂ. પગાર બાંધી દીધેલ. એમનો આશય એટલો જ કે આ સાધના નિર્વિઘ્ને કરી શકે અને પરીવાર આજીવિકા માટે મને મુંઝવે નહી. સહજ ગુજરાન (૧૯૯૭માં) એમનાથી ચાલી રહ્યું છે. લોકોને એમ છે કે મારી પાસે કંઈ સારી એવી બચત છે એટલે આમ રહું છું. પણ એક પૈસાની મારી અંગત બચત ન ક્યારેય હતી ન આજે છે. એ સ્વચ્છતા યજ્ઞ જ્યાં ગતિમાં આવ્યો ત્યાં અવાજ આવ્યો કે ''આ મુકી દે. મૌન થઈ જા.'' લ્યો ક્યાં જાઉં હવે ? એ કંઈ સૂઝતું નહોતું. આ સ્વચ્છતા યજ્ઞ ચાલતો હતો ત્યારે કેટલીકવાર ચિંચણમાં આવવાનું થયેલ. એમાં પૂ. માટલિયાનો મેળાપ થયો બીજા પણ મળ્યા. બધાને સ્વચ્છતા યજ્ઞમાં રહેલ ક્રાંતિની વાત કરી પણ કંઈને કંઈ સલાહ આપીને એમ જ દૂર રહ્યાં.

સ્વચ્છતા યજ્ઞ ચાલ્યો. ૧૯૮૭ અને ૧૯૮૮ ના કેટલાક મહિના. આ ''મુકી દે-મૌન થઈજા'' અવાજ આવ્યો ૧૯૮૮માં આ અવાજે કામ ધીમું પડતું ગયું અને ત્યાં જ મુંબઈમાં રસ્તા વચ્ચે માટલિયાજી મળી ગયા અને ૧૯૮૮ના મૌનનું ચિંચણમાં ગોઠવી આપ્યું. આ મૌનમાં બેસવા મળ્યું એ છે સેવાનો પ્રતાપ. આજે મને (૧૯૯૭માં) ખ્યાલ આવે છે કે દસેક વર્ષ જે પણ કંઈ સેવાના કાર્ય કર્યા એ પણ સાધના જ હતી. એ સાધનાનો જ એક ભાગ હતો. સાધના અને સેવા એ બંને કંઈ અલગ હોઈ શકે ? કેવી ભ્રમણા ભ્રાંતિ સાધનાના નામે ઊભી કરી છે. એ હવે સમજાય છે. એક સિક્કાની બે બાજુ છે સેવા અને સાધના. સેવામાં લક્ષ સ્વવિકાસનું રહેવું જરૂરી છે. નહિતર સેવા ભલભલાને ભરખી જાય છે. એ પણ એટલું જ જરૂરી છે કે સેવામાં અંશમાત્ર અહમ્‌માં વધારો દેખાય તો એ સેવા વિષે વિચારવું જ જોઈએ એ માટે ફરી મૌનમાં જઈને પરીક્ષણ કરવું એ જ એનો ઉપાય છે.

સાધકે ચાલતી સેવાઓમાંથી પોતાના આત્માને ગમે તેવી સેવામાં જોડાઈ જવું એમ કરતાં કરતાં ઈશ્વર સાચી સેવામાં જોડાણનો યોગ કરી આપશે. એને જ સાધના માનવી પોતે સેવાનો ઝંડો લઈને સંસ્થા કે એવી ઝંઝાળ ઊભી કરે તો ડીંડવાણું થાય ને ?

આ પુણ્ય કાર્ય કરું છું એવા અંશ માત્ર ખ્યાલ વગર આ સ્વચ્છતા યજ્ઞ ચાલ્યો. પણ આજે સ્પષ્ટ દેખાય છે એ કચરા ગાડીમાં કચરો નહી હું કંચન ભરી ભરીને લુંટી રહ્યો હતો. પુણ્યના તો ઢગલે ઢગલા એ યજ્ઞમાં મારે નામે જમા થયા એ હવે મૌનમાં બેઠા છીએ ત્યારે ખ્યાલમાં આવે છે.

(''મૌન મંગલધ્વનિ'' ડાયરી પાના નં.૧૧૧-૧૧૨-૧૧૩)

અમારી સાધનામાં પરમ ઉપકારી રહ્યા છે દુલેરાય માટલિયાજી અમારી ઉપર લગભગ ૯૪ પત્રો એમના છે. અદભૂત આ ખજાનો છે. એમાંનો એક પત્ર નં.ર, તા.૧૮/૭/૯૨

પ્રિય રમેશભાઈ,

આજે તમારું સતત સ્મરણ રહે છે ગઈ કાલે ચિત્રલેખા તા.ર૭.૭.૯રના અંકના મદ્રાસની અજોડ સફાઈ ઝુંબેશ પા.૩ર પર ગઈ કાલે રાત્રે લેખ વાંચ્યો ત્યારથી તમારું સ્મરણ રહ્યા કરે છે. એમ.બી. નિર્મલે ૧૯૮૯ના માર્ચમાં એકસનોરા સંસ્થા શરૂ કરી તેની વિગત વાંચી ત્યારે તેની પહેલાએ તમારા અંતરાત્માના આદેશથી ધર્મક્રાંતિરૂપે તમને જે વાત સુઝી હતી ને શરૂ કરી હતી તેનું રહસ્ય સમજાયું તમને તે દિશામાં પ્રેરવાને ઉતેજવામાં અમે ઉણા ઉતર્યા કેમકે તમને જે અંતરદર્શન થયેલું તેનાથી અમે વંચિત હતા. હવે તમે પ્રતિકરૂપે તો કંઈક અંશે જાળવી રાખેલ છે પણ તમારા અંતરમાં પડેલી સચ્ચાઈ અને આત્મવિશ્વાસ હજી અણનમ છે. તમે તમારા અંતરાત્માના નાદને અનુસરશો તો જે પ્રાપ્ત કરવાનું છે તે મળી રહેશે તેવો મને વિશ્વાસ બેઠો છે. ખરી રીતે તો ત્યારે જ તમારા કામને સક્રિય સાથ દેવો જરૂરી હતો તેને બદલે ઉપર છલ્લી સલાહો આપી તમારી ગતિને આધ્યાત્મિક દિશામાં જતા રોકી એવું મને લાગે છે. એટલે અંતરનાદને અનુસરો, જે એ સુઝાડે છે તે જ એ પાર પાડશે તેમ કહેવાનું કર્તવ્ય લાગે છે. વર્તમાને જે અંતરાત્માને સુઝે તેને વર્તમાનની સચ્ચાઈથી અનુસરો. ઘરના, પડોશના મિત્ર મંડળ સૌ સહયોગ આપે અને તમારા સાથીદારરૂપે પડખે જ રહે તેમ થાઓ.

લી. દુલેરાય માટલિયાના પ્રભુ સ્મરણ.

''બંધ કરો સ્વચ્છતા યજ્ઞ'' આ અવાજથી કાર્ય ઠંડું પડતું ગયું. માટલિયાજી મળ્યા અને એમણે મણીભાઈ સાથે વાત કરી ચિંચણ દરિયા કિનારે નાની એવી રૂમ હતી સમાધિ પાસે ત્યાં ગોઠવી આપ્યું.

લાઈટ-પાણી-સંડાસ કોઈ વ્યવસ્થા નહોતી. રૂમ ઉપર સીમેન્ટના પતરા હતા. બારી તુટેલ, ક્યાંક પતરા પણ તુટેલ. એકાદ નાની પાટ લઈને ત્યાં મૌનમાં રહેવાનું ચાલુ કર્યું.

રોજ સવારે આશ્રમમાં પ્રાર્થનામાં જવાનું વળતી વખતે ગૌશાળાનું છાણ વાસીદું સફાઈ કરીને પાછા આવી જવાનું. સવાર સાંજે રસોડે જમીને આવી જવાનું. ફાનસ રાખેલ, પાણી કુવેથી ભરીને ફટકડી ફેરવીને વાપરવાનું રાખેલ. પીવાનું એકાદ ડોલ સામે મંદિર પાસે નળ આવતો ત્યાંથી ભરીને લાવતો. રૂમ પાછળ ખેતરમાં ખાડા સંડાસ કંતાન નાખીને બનાવી લીધેલ. આમ ચિંચણમાં સાધના શરૂ થઈ.

અદભૂત-અનડીસ્ટર્બ આ સ્થળ રહ્યું. પ્રકૃતિની વચ્ચે અને સામે ધુધવતો દરિયો- ખુલ્લું આસમાન-ચારે બાજુ નાળિયેરીના ઝાડો અને શ્રેષ્ઠ સમાધિ સ્થળ વચ્ચે રહેવાનું મળ્યું એ પરમ સૌભાગ્ય છે. આ સ્થળે પૂ. સંતબાલજી રોજ સાંજે એક ટેકરો હતો ત્યાં બેસતા અને પોતાના કાળધર્મ પછી અહિં જ સમાધિ કરવાની સુચના કરતા ગયેલ અને એ મુજબ આ સમાધિસ્થળ બનેલ છે અને સરકારે પણ પાછળથી બે એકર જગ્યા સમાધિ માટે આપેલ. પરમકૃપાળુ દેવના જેમ ઈડર ઘંટિયા પહાડ પર જબરદસ્ત Vibration છે એમ અહિં સંતબાલજીના એવા જ જબરદસ્ત પ્રવાહો છે. મૌન માટે આ શ્રેષ્ઠ સ્થળ છે, સંતબાલજી પણ મૌનના મહાન આરાધક હતા છતાં ટ્રસ્ટીઓ એવા મૌનની પ્રચંડ ઉપેક્ષા કરીને આ સ્થળની ભયંકર અસાતના કરી રહ્યા છે. આજે પણ અમારા હૃદયમાં આ જોઈને ખેદ થાય છે ખેર ક્યારેક એ થઈને રહેશે એવી પ્રાર્થના હંમેશા રહે છે. સાચા સાધકને જ ખબર પડે છે કે આવી જગ્યાની કેટલી બધી મહતા છે. અમારા સૌભાગ્ય છે સાધના માટે શ્રેષ્ઠ સ્થળો મૌન-એકાંત માટે સહજ મળતા રહ્યાં છે. એ ગુરૂકૃપા પણ છે. ... **ક્રમશ :**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૬ઠ્ઠો

'સ્વચ્છતા યજ્ઞ' બંધ કરો અવાજથી કામ ચાલતુ રહ્યું. પણ કામ ધીમું પડી ગયું એ દરમ્યાન નેમજીભાઈ ગાલાએ મોટાના સુરત મૌન મંદિરમાં બે વ્યક્તિ માટે ૨૭.૩.૮૮ થી ૩.૪.૮૮ નોંધાવેલ હતું તે જઈ શકે તેમ નહોતા તેથી અમે તથા હસમુખભાઈ શાહે આ અવસરનો લાભ લઈને મૌન મંદિરમાં રહ્યા.

અહિં એક બ્લોકમાં એક વ્યક્તિને રહેવાનું રૂમને બહારથી બંધ કરીને સાધકે ફોન-રેડિયો-છાપા કશા વગર જેમ સાધના કરવી હોય તેમ કરવાની સાધકની ત્રણે ટાઈમ સમય પ્રમાણે ભોજન વિ. એક બારી બંને બાજુ ખુલે એમાં હરિ ૐ કરીને મુકી જાય અને બીજી બાજુ ખોલીને લઈને વાપરી લેવાનું વધઘટ કે સુચના હોય તે લખીને મુકી દેવી એમ વ્યવસ્થા થઈ જાય. સાધક માગે તો જ મદદ મળે અન્યથા સાત દિવસ જાત સાથે રહેવાનું. સૂર્ય-ચંદ્રના દર્શન પણ ન થાય. રૂમમાં હીંચકો - બાથરૂમ સંડાસ-પંખો-લાઈટ વિ. વ્યવસ્થા હોય છે. સ્વની સાથે રહેવાની આ અજોડ સાધના પૂ. મોટાની સમાજને બહુમૂલ્ય ભેટ છે. આજે પણ પૂ. મોટાના વાઈબ્રેશનનો ત્યાં અહેસાસ થાય છે.

પૈસા ત્યારે પણ નહોતા રાખતા. અમે સાત દિવસ દિગંબર અવસ્થામાં રૂમમાં રહેલા. હસમુખભાઈ ત્રીજે કે ચોથે દિવસે નીકળીને મુંબઈ ઘરભેગા થઈ ગયેલા. ટીકીટ ભાડાના પૈસા રાખીને ગયેલા.

મૌન ડાયરી-૨.૪.૮૮-હરિૐ આશ્રમ સુરત

''માનવી જન્મે ત્યારથી જ એને સહજ અવસ્થામાં રહેવા દેવામાં નથી આવતો. તરત કપડા પહેરાવી દેવામાં આવે છે. અનાયાસે જો બાળક નગ્ન દશામાં હોય તો નાના મોટા ભાઈ બહેનો કે રમુજ ખાતર વડિલો પણ કહેશે. ''ચીંટુ, શેઈમ-શેઈમ.'' બાળક કહેશે, ''મમી, જોને આ બધા મને શેઈમ શેઈમ કહે છે.''

બાળકના સંસ્કાર મુળમાં બદલાયેલા નથી. એને ખબર છે કે આ જ મારી સહજ અવસ્થા છે પણ એના માનસમાં એ દ્રઢ રીતે ભરી દેવામાં આવે છે કે સહજ અવસ્થા એ વિભાવભાવ છે અને વિભાવ ભાવ એ જ સહજ ભાવ છે. જેમ અનંતકાળનો દેહાધ્યાસ દ્રઢ થઈ ગયો છે એમ જ પછી ચાલવા લાગે છે કેવી વિચિત્રતા! બાળકને પણ ક્યારેય એ સત્ય કીધું નહીં કે આ જ સહજ અવસ્થા છે, પણ વ્યવહારમાં એ ન ચાલે.

અમે હસીએ છીએ અને કહીએ છીએ, ''આ દુનિયા શેઈમ શેઈમ-મળેલો દુર્લભ માનવભવ એમને એમ એળે જાય છે. શું એ શરમજનક નથી? ખરેખર વિચિત્ર છે આ દુનિયા! હવે ફરી ૩.૪.૮૮થી કપડા પહેરવા પડશે. હવે તો કપડા પણ ભારરૂપ લાગવા મંડ્યા છે. જન્મ પછી પ્રથમવાર આ સાત દિવસ સહજ દિગંબર અવસ્થામાં વિતાવ્યા. અંતરથી તો સહજ અવસ્થામાં ઘણા સમયથી રહીએ જ છીએ પ્રભુ મહાવીર પાસે પ્રાર્થના છે કે, ''હે ઈશ્વર, કાયમ માટે આ રીતે સહજ અવસ્થા બાહ્યઅંતર રીતે રહે એવો યોગ આ જન્મે આપજે.''

અષ્ટાવક્ર મહાગીતામાં ઓશો રજનીશજી (ભા.૭મો પા.૮૩-૮૪)નું વક્તવ્ય છે. જે ૨૦૧૨ ચાર્તુમાસના સ્વાધ્યાયમાં મળેલ છે. સ્વચ્છતા યજ્ઞની કુંચીનું રહસ્ય સમજાય ગયું આનંદ થઈ ગયો.

''તુમ કભી ઈસ અનુભવ સે થોડા ગુજરો. એક બાર એસા કર લો કિ તીન મહીને કે લિએ તુમ કુછ કરોગે હી નહીં અપની તરફ સે. જો પ્રભુ કરવા લેગા, કર દોગે. ફિર પ્રતીક્ષા કરને લગોગે. કભી મૌન લા દેગા તો તુમ મૌન બૈઠ જાઓગે. કભી વાણી મુખર કર દેગા તો તુમ બોલોગે, કભી કોઈ ગીત આએગા તો ગાઓગે ઔર કભી ચુપ્પી આ જાએગી તો ચુપ રહ જાઓગે.

શુરૂ-શુરૂ મેં કઠિન હોગા ક્યોંકિ બડી બિબૂચન હોગી. કોઈ બોલને આયા હૈ ઔર પ્રભુ તુમ્હારે ભીતર બોલતા નહીં તો તુમ્હેં ક્ષમા માંગની હોગી. તુમ કહોગે, ભીતર પ્રભુ અભી બોલતે નહીં. શુરૂ-શુરૂ અડચણ હોગી. કભી કોઈ કામ કા બડા જાલ સિર પર ખડા હોગા ઔર ભીતર સે પ્રેરણા ન ઉઠેગી પ્રભુ કી, તો તુમ નહીં કરોગે, ચાહે કુછ ભી હો. કુછ ભી ખોએ, કુછ ભી હાની હો. ઔર કભી-કભી વ્યર્થ કે કામ કો પ્રભુ કરવાના ચાહેગા. ઉર્જા ઉઠેગી, બડી પ્રેરણા આએગી કિ જાઓ, સડક સાફ કર ડાલો; તો તુમ સડક સાફ કર ડાલોગે. લોગ પાગલ કહેંગે. લેકિન અગર તુમ તીન મહીને ભી ઈસ પ્રક્રિયા સે ગુજર જાઓ તો તુમ્હારે જીવન મેં કુંજી હાથ આ જાએગી.

ઉસી કુંજી કી તરફ અષ્ટાવક્ર કે સારે સૂત્ર ઈશારા હૈં. ઔર એક બાર તુમ્હેં આનંદ આ જાએ... ઔર એસા આનંદ આએગા, એસા અનિર્વચનીય આનંદ આએગા જૈસા તુમને કભી જાના નહીં. ફિર તુમ લૌટ ન સકોગે. તીન મહીને તુમ કરો, ફિર યહ કભી સમાપ્ત હોને વાલા નહીં હૈ. તીન મહીને કે બાદ તુમ ઈસે બદલ ન સકોગે. તુમ્હેં સ્વાદ લગ જાએગા. ઔર યહ સ્વાદ અનૂઠા હૈ.

ઈસી કો કબીર ને સહજ સમાધિ કહા હૈ. ઉઠૂં-બૈઠૂં સો પરિક્રમા, ખાઉં-પિઉં સો સેવા. અબ જો પ્રભુ કરવાતા, જૈસા કરવાતા બસ વૈસા; ઉસસે અન્યથા નહીં.'' **ઓશો રજનીશજી**

આ પછી જુલાઈથી નવે.૮૮ ચિંચણ મહાવીર નગર સમાધિસ્થાને મૌન એકાંત અસંગ સાધના શરૂ થઈ.

ચિંચણમાં પરમ ઉપકારી બન્યા- મીરાબેન-કેન્દ્ર માતા.

જમવા સવાર સાંજ આશ્રમમાં જવાનું થતું. મીરાબેન બહારથી નાળિયેર જેવા કઠણ પણ અંદરથી અમૃતજળ સમાન વાત્સલ્યમય માતૃહૈયું એમનું. આપણે કલ્પના ન કરી શકીએ એવા ભાગ્યે જ સહન કરી શકાય એવા અપમાનો ભોજન-બાબત અહિં મળ્યા.

''ત્રણ દિવસ રહેવાની છૂટ છે તો પણ આવીને પડ્યા છે. ઘરમાં કોઈ રાખતું નથી તે અહિ મણીભાઈ આવાને આવાને રાખે છે. ક્યારેક રોટલી થાળીમાં તિરસ્કારથી ફેંકી. ખાવા માટે અહિં પડ્યા રહે છે અનેક રીતે થાય તેમ અપમાનો કર્યા છે. મણીભાઈ હંમેશા કહેતા રહે તમારે આ મનમાં લેવું નહી એ એમનો સ્વભાવ છે. એ અપમાન કરે, અમે હસતા રહીએ. ક્યારેય એમના પ્રત્યે રોષ, દ્વેષ આવ્યો નહીં. પ્રેમથી જમવાનું. મૌન હતું તો પણ ચહેરાના ભાવમાં પણ ક્યારેય રોષ-ક્રોધ નથી થયો.

ચિંતન એમ આવેલ કે આપણે હિમાલયમાં ગયા હોત તો આવી કસોટી થોડી થાત એટલે સમતા રહી. પણ છેલ્લે મીરાબેનનો પ્રેમ મળ્યો. દિવાળીમાં ઘરે ગયો હતો પાછો આવ્યો તો કહે તમારે માટે લાડવા રાખી મૂક્યા છે. મોઢામાં દઈને પ્રેમથી ખવરાવે. મીરાબેનના આ બંને રૂપ જોવા મળ્યા. મીરાબેનને અમારી કસોટી માટે જ ઈશ્વરે રાખેલ. એ કસોટીમાં પાસ થયા એ ગુરુકૃપા છે.

ચિંચણ સમાધિ સ્થળની આ કુટિર આશ્રમથી દૂર નિર્જન સ્થળમાં છે. એનો દૂષ્ટ તત્વો જુગાર-દારૂ વિ. માટે ઉપયોગ કરતા હતા. માટલિયાજીએ મણીભાઈને સૂચન કરેલ કે માણસ રાખી આ આસાતના થાય છે તે દૂર કરે. આર્થિક કારણે એ શક્ય ન બન્યું. અમારા રહેવાથીએ આસાતના દૂર થઈ. પછી માટલિયાજી પત્રમાં જણાવેલ કે મેં તો સ્વાર્થ ખાતર તમને ત્યાં બેસાડી દીધા પણ તમારી આજીવિકા માટેનો વિચાર તો નહીં કરેલો. કુટિર-સમાધિ વિષે ભા.૫માં ઉલ્લેખ થઈ ગયો છે. આ મૌનની ડાયરી પણ છે એ વિષે પછી ક્યારેક ભવિષ્યમાં ઈશ્વરેચ્છા હશે ત્યારે લખશું.

એકવાર દશાશ્રીમાળી નગરના મેનેજર તરીકે સરવીસ હતી. ત્યારે ૧૦૮ દિવસનું મૌન રાખેલ. ૩૪૨ ભાડુતોના ભાડા લેવાના રોજ બરોજની સોસાયટીની કંઈ મુશ્કેલીઓ હોય તે સોલ્વ કરવાની સમય હતો સવારે ૯ થી ૧૨ સાંજે જ્યાં હું મેનેજર છું ત્યાં સફાઈ પણ કરવાની.

આ વખતે સ્વયંપાકી થઈ ગયેલ ધર્મપત્નીએ પ્રાયમસ લાવી દીધેલ શૈલેશભાઈ પારેખની રૂમ ત્રણ નંબર બીલ્ડીંગમાં હતી ત્યાં રહેવાનું રાખેલ. કોઈ ભાડુતને ખબર પણ નહોતી પડી કે અમારે મૌન છે. એમ સહજ રીતે આ મૌન થયું. પ્રમુખે કહેલ કે તમારે જરૂર હશે ત્યારે અમે બીજી મદદ કરશું અમે તેના અંગત ટ્રસ્ટમાં શૈક્ષણિક રાહત માટે પત્ર લખેલ. કહેણ આવ્યું કે આવીને મળી જાવ. મૌન હતું એટલે જવાનું મુલતવી રાખ્યું. અંગત રીતે મળવાનું યોગ્ય ન લાગેલ. પછી વાડીભાઈ દલાલ દરવરસે ૫૦૦૦ હજાર પોતાના અંગત ટ્રસ્ટમાંથી શૈક્ષણિક મદદ આપતા હતા. ત્રણે બાળકોનો શૈક્ષણિક ખર્ચ ત્યારે લગભગ આટલો જ હતો.

આ મૌન દરમ્યાન જ બેંગલોરવાળા કિશોરભાઈ જૈન મળવા આવેલા. એ ચિંચણ ગયેલા ત્યાં હરજીવનભાઈ એમને સમાધિએ લઈ ગયેલા અને જણાવ્યું કે આ ભાંગીતુટી કુટીરમાં રમેશભાઈ દોશી-મલાડવાળા મૌન સાધના કરી ગયા છે. કિશોરભાઈ આવી વાતને ઈશ્વરનો સંકેત માનતા અને તેથી સરનામું લઈ મલાડ આવેલા. મૌનમાં એક દિવસ એક રાત રહ્યાં. લખીને જેટલી વાત થઈ શકે તેટલી થઈ બધી એ પરચીઓ લખેલી સાથે લઈ ગયેલા. ઈશ્વર ક્યાં ક્યાં કોઈને મેળવી આપે છે એ જુઓ! બે ચાર મહિના પછી રૂ.૧૧૦૦૦/-નો ચેક એ પણ અમારા ધર્મપત્નીના જન્મદિને જ મળ્યો. સાથે પત્ર પણ હતો કે અમો શુધ્ધ આજીવિકાથી જ ચલાવીએ છીએ. કોઈ ટેક્સ ચોરી કે ખોટા ચોપડા વિ. નથી રાખતા. એટલે તમે આ રકમ વાપરવામાં સંકોચ ન રાખશો, ભવિષ્યમાં પણ અમને લાભ દેતા રહેશો. પછી તો આ કુંટુંબે દીકરીના લગ્નમાં લાખેક રૂપિયા રોકડાની મદદ કરેલી. અમે ક્યારેય વાતમાં પણ ઈશારો નહિ કરેલ પણ વણમાંગ્યે પ્રેમથી એમની મદદ મળી છે અને એ સંબંધ કાયમનો રહ્યો છે. હવે તો પૂત્રો લાઈનસર થઈ ગયા છે, એટલે એવી કોઈ જરૂર નથી રહી પણ પ્રેમ સબંધ આજે પણ એવો જ રહ્યો છે.

અમે નોકરી કરી ત્યાં બધે સમય ૯ થી ૧૨નો રહેતો. પછીના સમયમાં સફાઈ કાં ગોરક્ષા સત્યાગ્રહ કે માંસ બંધી એવા કાર્યક્રમોમાં સહજ આવવા જવાનું થતું. કોઈ કાર્યમાં 'વિશ્વશાંતિ'ના દર્શન થાય તો એમાં સહયોગ આપતો. એમાં કાંતીભાઈ શાહ, નરોતમભાઈ શાહ, અરૂણ ભટ્ટ, મકરંદ દવે, નરેન્દ્ર દુબે, અચ્યુતકાકા દેશપાંડે, કાંતીસેન શ્રોફ એમ અનેક સજ્જનોનો મેળાપ થતો ગયો.

આવો જ એક કાર્યક્રમ દિપકભાઈ સચદે પનવેલથી દૂર જંગલમાં પનવેલ પાંજરાપોળની જગ્યા છે ત્યાં દસ ગુંઠા ખેતીનો પ્રયોગ કરતા હતા. દસ ગુંઠા એટલે કે દસ હજાર ફુટની જગ્યામાં પાંચ માણસનું કુટુંબ સમૃધ્ધિપૂર્વક જીવી શકે. જો માત્ર ચાર કલાક શ્રમ કરીને ખેતી કરે તો. એમાં દસેક મહિના પનવેલ જંગલમાં રહેવાનું થયેલ.

જંગલમાં નાની એવી કુટીર-વાંસની કારવી લાકડીને ઉપરથી માટી-ગોબરથી લીંપણ કરીને દિવાલો બનાવી દીધેલ. સ્વયંપાકી હતા. દિપકભાઈ પ્રાય: પનવેલથી અવર જવર કરતા રહેતા. અમે તો ત્યાં જ જંગલમાં રહેલા. લાઈટ-પાણી-સંડાસ કોઈ સગવડ નહોતી. રૂમમાં કેટલીક વાર સાપ વીંછીઓ પણ આવી ગયેલા. નિર્ભયતા, સહજ આવી ગયેલ એટલે નિશ્ચિંત હતા. અહિં ખેતીમાં દિવસભર ખેતીનું શ્રમ કાર્ય થતું વચ્ચે પ્રાયમસ પર ખીચડી-શાક પકાવી લેવાની દુધ ભાગ્યે જ મળતું. પણ ખેતરમાં ફૂદીનો-અદરખ-તુલસી-લીલી ચા હતા. લીંબુ બજારમાંથી લાવતા તેની સરસ ગોળ નાંખીને ચા બનતી. જેવું હતું તેવું પણ મજા તો હતી જ.

ડો. દાભોલકરજીએ બહુ સરસ આ પ્રયોગો મહારાષ્ટ્રમાં કર્યા છે. તેનાથી ખેડૂતો લાભન્વિત પણ થયા છે. એમની નિશ્રામાં સલાહ-માર્ગદર્શન પ્રમાણે આ પ્રયોગ ચાલી રહ્યો હતો. આ પ્રયોગ હતો-પરિણામ હજી દસ ગુંઠા પ્રયોગમાં નહોતું આવ્યું. પણ શક્યતા દેખાતી હતી આજે તો દિપકભાઈ સચદે સજીવ ખેતીના એક આંતરરાષ્ટ્રીય નિષ્ણાત ગણાય છે. મધ્ય પ્રદેશમાં પાંચેક એકર જમીન મળી છે. ત્યાં હવે ટ્રેનીંગ સેન્ટર ચાલે છે. અમે તો આ પ્રયોગમાં આનંદ લઈ રહ્યા હતા. એમાં નિર્ણય થયો કે ૬.૧.૯૬થી એક વરસનું મૌન ચાલુ કરવું. રહેવાનું તો ત્યાંજ હતું. દિપકભાઈને વાત કરી એણે ૫.૧.૯૬ ના સરસ વીસ પચીસ જણાનો પ્રોગ્રામ ગોઠવી દીધો. કાંતીસેન શ્રોફ, નરોતમભાઈ, કાંતીભાઈ, ડેનીયલભાઈ, અમારો પરિવાર, બેન એમ ઘણા સ્નેહીઓ આવેલા. નાની કુટિરમાં બધા રાત રહેલા અને ૬.૧.૯૬થી બધાએ વિદાય લીધી અને અમારું મૌન શરૂ થયું. સમય એક વરસનો નિશ્ચિત હતો ૬.૧.૯૬ થી ૫.૧.૯૭.

એકાંત-અસંગતા-મૌનના અદ્‌ભૂત સ્થળો અવાર નવાર આ યાત્રામાં મળતા રહ્યા છે. એમાનું એક સ્થાન આ પનવેલ જંગલ પણ છે. પ્રાય: પૂર્ણ એકાંત-અસંગતા-એકાદ માઇલ આજુબાજુ કોઈ ઝુંપડું પણ નહીં માત્ર સવારે થોડી રસ્તા પર ચહલ પહલ હોય. સહજ મળ્યું તે પ્રકૃતિ સભર હતું અને તેનો ભરપુર આનંદ માણ્યો છે. ઈશ્વરની યોજનાને હૃદયપૂર્વક સ્વીકારીને એની ગોઠવણમાં ગોઠવાઈ જવાનો સ્વભાવ-પ્રકૃતિ થઈ ગઈ હતી/છે.

**મૌન ડાયરી, તા.૧૩.૧.૯૬**

''દિપકભાઈ કહે, રમેશભાઈનું કામ સીટીંગ અને મારૂં કામ હવે મીટીંગ. સીટીંગ અને મીટીંગ એ બંને ચીટીંગની બહુ નજીક છે. સીટીંગ વખતે મીટીંગ કરવામાં આવે તો તે ચીટીંગ. મીટીંગ વખતે સીટીંગ કરવામાં આવે તો તે ચીટીંગ. સીટીંગ અને મીટીંગની સેળભેળ કરવામાં આવે તો તે પણ ચીટીંગ. જીવ અજાગૃત અવસ્થામાં જો દોડાદોડી કરે તો એ સીટીંગ અને મીટીંગ બંને સ્વ સાથે ચીટીંગ છે. જાગૃત અવસ્થામાં સીટીંગ અને મીટીંગ કરીએ અને સ્વ સાથે ચીટીંગ ન કરીએ એ અધ્યાત્મ.''

અહિં કેટલાક પ્રસંગો આકાર લઈ રહેલા છે તેની વિગત હવે પછી.

**ક્રમશ:**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૭મો

૫.૧.૯૬ના પનવેલમાં બધા મિત્રો, પરિવાર ભેગા થયેલા. સહુએ પોતાના વિચારો જણાવેલા, અમે પણ વ્યકતવ્ય આપેલ જેના સાર નીચે મુજબ હતો.

મૌન ડાયરી તા.૫.૧.૯૬ પા.૧૮

''૧૯૮૪માં જ્યારે એક વરસનું મૌન લીધેલ ત્યારથી આજસુધી વિશ્વશાંતિ કેમ થાય? આ એક જ વિચાર અને ચિંતન ચાલેલ. મારા અંગત પ્રશ્નો અધ્યાત્મના કોઈ હતા જ નહિ. જે હતા તે ગુરૂ કૃપાએ સહજમાં પુરા થયેલ. આ વિશ્વશાંતિ અર્થે જે માર્ગ જ્યારે મનમાં સ્ફૂર્યો તે માર્ગે ચાલ્યો. ક્યારેક સફાઈ આવી, ક્યારેક ગાય વિ. અમુક સમય સફાઈ વખતે મૌન રાખીને સફાઈ કરતો હતો.

પ્રથમ સફાઈ જ્યારે શરૂ કરી ત્યારે જ્યાં એઠવાડનો ઢગલો હતો ત્યાંથી પ્રચંડ સુગંધ આવી. આવી સુગંધનો ફરી ક્યારેય અનુભવ નથી થયો. અંતઃ પ્રેરણા મુજબ ચાલતો રહ્યો ઈશ્વરે મને હંમેશા એક જ ડગલાનો માર્ગ બતાવેલ કે આજે તારે આ પગલું ભરવાનું છે. બીજું પગલું પછી નક્કી થશે. એમ એક એક ડગલું ભર્યું અને ચાલ્યો. અંતઃ પ્રેરણા થઈ તેમ તેમ એમાં ફેરફાર થતો ગયો. સફાઈ થઈ, સ્વાધ્યાય ભક્તિ, પ્રવચનો થયા. ગોવંશ હત્યાબંધી આંદોલનમાં રસ લીધો. મેં જ્યારે સફાઈ શરુ કરી ત્યારે હું એકલો હતો પણ મદ્રાસમાં એક પ્રચંડ સફાઈની ઝુંબેશ ત્યારે થયેલ. વિચારના બળે પણ કામ થાય છે એવી અનુભૂતિ ત્યારે થયેલ, ગાય માટે કામ શરૂ કર્યુ ત્યારે પણ અમુક રાજ્યોમાં ગોવંશ હત્યાબંધી થઈ. આમાં મારું યોગદાન કંઈ નથી પણ વિચારનો પડઘો તો આ હતો. ધીરે ધીરે બધું છુટતું ગયું અને હવે એમ થયું કે મૌન થઈને બેસી જવું કશું જ નથી કરવું. જાતને ઈશ્વરને સમર્પણ કરી દેવી અને પતાની જેમ જ્યાં ઉડાડે ત્યાં ઉડવું અને મૌન થઈ જવું. મારી શક્તિ સીમિત છે અને અસીમિત છે બંનેનો અનુભવ છે. આભ ફાટ્યું છે ત્યાં થીંગડું ક્યાં દેવું? મારી શક્તિ મર્યાદિત છે અને કામ વિશાળ છે. વિજ્ઞાન જેમ એક પ્રચંડ ટોચ ઉપર ઊભું છે તેમ અધ્યાત્મ પણ એના કરતા પણ વિશેષ ટોચ ઉપર આવશે. આઘાત પ્રત્યાઘાત એ નિયમ છે. વિજ્ઞાન સામે અધ્યાત્મનો એ પ્રત્યાઘાત હશે અને બંનેના સમન્વયથી જે સધાશે તે અદભૂત હશે. પ્રચંડ અંધકારમાં હું પ્રકાશ જોઈ રહ્યો છું. સત્યને પ્રસારવા માટે વિજ્ઞાન આજે સમર્થ છે અને વિજ્ઞાન આજે એક ક્ષણમાં સત્યને પહોંચાડી શકે એટલું સમર્થ થયું છે. તો હવે જાતને ઈશ્વરને સમર્પિત કરી દેવી. એ વિષે કોઈ સંકલ્પ નથી, કોઈ વિકલ્પ નથી. એમ થાય તો ભલે ન થાય તો ભલે. મારો કોઈ ગુરુ નથી. હું સ્વયં મારો ગુરુ છું. હા, વ્યવહારની દ્રષ્ટિએ હું શ્રીમદ્‌નો શિષ્ય છું અને એનું મને ગૌરવ છે. એમનો ઉપકાર છે અને હંમેશા રહેશે પણ આજે તો અંતરમન દોરે તેમ દોરાઉં છું. અને એક એક ડગલું ચાલુ છું - આવું કંઈક બોલેલો.''

મૌન શરૂ થાય એટલે ધીમે ધીમે અંતરધારા શરૂ થયું. એ પ્રવાહ અદભૂત હોય છે. ૧૪.૧.૯૬ ડાયરી-પા.૨૧.

''અહિ જે બેઠા છીએ તેમાં પુરુષાર્થ આપણો અને બાકી ઈશ્વર જેમ રાખે જેમ ચલાવે તેમ ચાલવું એ પુરુષાર્થમાં પણ કર્તાભાવ છે. એથી આ જીવનશૈલી છે અને એ જીવવી એમ કહી એ તો એ વધારે સાચું ગણાશે. દિપકભાઈ પણ વાત તો આવી જ કરે છે પણ હજી એ વાતમાં દ્રઢ શ્રધ્ધા તેમની થઈ નથી, વર્તન એથી જુદું જ કરી રહ્યા છે. આ પ્રયોગમાં દાભોલકરજી સિવાય અન્ય કોઈને પણ મળવું એ સ્વરછંદતા છે એમ મને લાગી રહ્યું છે. એ સિવાયની બીજી જે કંઈ પણ જાણકારીની જરૂર હશે તે અહિં બેઠે ઈશ્વર મેળવી દેશે એવી દ્રઢ શ્રધ્ધા નહિ થાય ત્યાં સુધી ઈશ્વર આ પ્રયોગને યોગ્ય દિશા આપશે નહિ. મને એમ લાગે છે કે ઈશ્વર દરવાજે ઊભો રહીને અંદર આવવાની રાહ જોઈ રહ્યો છે પણ આપણે તો પ્રથમ અંદર હોવા જોઈએને? એ કહે છે જેટલી દોડાદોડી કરવી હોય તેટલી કરી લે થાક ત્યારે મને કહેજે. અહિ હું દરવાજે રાહ જોઈને બેઠો છું. ઈશ્વર આપણને જ નહીં સર્વને આમ કહી રહ્યો છે. એ સ્વીકાર કરવો કે નહીં એ આપણા હાથની વાત છે.''

૨૪.૨.૯૬ના એક ઘટના ઘટી.

સવારે નદીએ શોચ જઈને પાછો આવી રહ્યો હતો. કૃપાળુદેવની કૃપા જે આ પામર પર વરસી રહી હતી તેનો એક પ્રચંડ ભાર લાગતો હતો. રૂમથી દસ પંદર ફૂટ દૂર જ રહ્યો હતો અને એક ડગલું પણ ચાલી ન શકાય એવી સ્થિતિ થઈ. ખેતરમાંજ લાંબો થઈ અને પોકે પોકે રૂદન શરૂ થયું એ સાંભળનાર હતા ઝાડ પાન અને પક્ષીઓ. કૃપાળુદેવની છબી પાસે જઈ વંદન કરવાનો પ્રચંડ ભાવ હતો પણ એટલા ડગ પણ ચાલી ન શકાયા. પંદર વીસ મીનીટ એ રૂદન રહ્યું. ઊભો થયો ત્યારે શરીર ફૂલ જેવું હળવું થઈ ગયેલ. રૂમમાં જઈ વંદન કર્યા ત્યાર પછી જે શરીરમાં એક પ્રવાહ શરૂ થયો છે એને શબ્દદેહ આપી શકાય તેમ નથી. અનુભૂતિને શબ્દમાં મૂકી શકાતી નથી એ અશક્ય છે.

અદભૂત પ્રવાહ અને સતત કલમ ત્યારે ચાલતી રહેલી.

૨૮.૨.૯૬ના રાતે એક અવાજ આવ્યો આ સ્થાન છોડી દે. ચંદ્રનું અજવાળું હતું. બેટરી હતી છતાં લીધી નહિ પૈસા તો ત્યારે પણ નહોતો રાખતો અને નીકળી ગયો રાતે જ. ફાર્મથી રોડ પર જતાં ૨૫/૩૦ મીનીટ થાય પણ રાતે જંગલમાં કેડી દેખાણી નહિ અને દોઢેક કલાકે રોડ પર પહોંચ્યો. ફાર્મથી સર્વોદય તીર્થ ઘાટકોપરનું અંતર લગભગ ૫૦ કિમી. થાય. ચાલતા ચાલતા સાંજે ચારેક વાગ્યે ઘાટકોપર સર્વોદય તીર્થ પહોંચ્યો. દરવાજે જ કાંતીભાઈ શાહ મળ્યા. તમે?અત્યારે?અહિ? આશ્ચર્યચકિત થઈ ગયા. નાળિયેરનું પાણી પીવરાવ્યું અને પછી બસમાં ઘરે મલાડ મુકી ગયા. માતુશ્રી અંકાઈ હતા. બીજે દિવસે ઈલા તથા હું તેડવા ગયેલા આટલો બધો પ્રવાસ થયા છતાં પગમાં સોજો કે દુઃખાવો એવું કશું જ નહોતું. મકરંદભાઈને આ કિસ્સો કહેલ તો એ કહે આ સ્થિતિને 'ગેસ્ટાપો' કહે છે એમાં એ શક્તિ જ કામ કરે છે. કશો થાક કે એવું કશું લાગે નહિ એમજ સહજ જાણે ચાલી રહ્યું હોય છે. થોડા દિવસ બાદ ફરી પનવેલ ગયેલા. નાનું ફંક્શન રાખેલ. કૃપાળુદેવની છબી લઈ સામૈયું કાઢેલ અને દરેક આદિવાસીઓને ૧-ફાનસ,૧-માટલું અને નાસ્તો પાણી કરાવેલ.

તા.૨૮.૨.૯૬ ના રાતે ૧૨/૩૦ વાગે બેલાપુર પહોંચ્યો ત્યારે વિચાર આવેલ કે કુપન છે તો જેટલા કુપન હોય તેટલા પુરતું ટ્રેનમાં જઈશ. બેગમાં જોયું તો કુપન ન મળ્યા. પછી ૮.૩.૯૬ના ઘરે ડાયરીમાંથી ૪રૂ.ના કુપન નીકળી પડ્યા. અને મને હસવું આવી ગયું. ઈશ્વર મને પરીક્ષામાં પુરો પાસ કરાવવા માંગતો હતો અને ચાલીને જ પહોંચાડવા માંગતો હતો તેથી કુપન હોવા છતાં ત્યારે હાથમાં ન આવ્યા અને આજે હાથમાં આવતા ઈશ્વરની લીલાનો ફરી પરચો

બતાવ્યો. માર્ચથી જુન મલાડમાં જ રહેલ અને મૌન તો ચાલુ જ રહેલ. એ દરમ્યાન માટલિયાનો પત્ર આવ્યો કે મારી તબિયત સારી નથી એટલે હું આવી શકું તેમ નથી તમે આવી જાવ. એટલે ચાર દિવસ જામનગર રૂબરૂ જઈ આવ્યો. અમારે મૌન અને માટલિયાજી કાને સાંભળે નહિ છતાં અદભૂત સત્સંગ થયો. મેં તો એકાદ વાક્ય લખ્યું હોય પણ એ સતત સંત્સંગ કરતાં રહ્યા અમે જેટલું બને તેટલું ઝડપથી લખતા ગયા. અદભૂત એ સત્સંગની નોંધ બની. મુંબઈ આવ્યા પછી ફરી સારા અક્ષરે લખી માટલિયાજીને મોકલેલ અને નોંધ બરાબર છે એમ પછીથી એમણે પત્રદ્વારા જણાવેલ પણ હતું.

એક ઉછાળો ચાલુ થયેલ. પ્રવાહ ચાલતો હતો વિજ્ઞાનનો ઉપયોગ કરી ફોન ફેક્સ સ્ટાફ વિ. રાખીને પ્રચાર પ્રસારમાં પડવું એ માટે જે ખર્ચ થાય તે બેંગલોરવાળા કિશોરભાઈ જૈન પરિવારે આપવાની ખાત્રી આપેલ. પણ માટલિયાજીએ સલાહ આપી કે જ્ઞાન-દર્શન કરતાં ચારિત્ર મુખ્ય છે અને એમાં કચાશ છે તો ભલે કિશોરભાઈ સાથ આપે પણ હમણા એ ઉતાવળ ગણાશે. આમ તો હું જીદી ગણાઉ પણ માટલિયાજીની એ સલાહ માનીને એ કાર્ય ત્યારે મુલતવી રાખ્યું અને આજે લાગે છે એ જ સાચું હતું. માટલિયાજી એક પત્રમાં લખે છે.

''પનવેલમાં રહ્યા ત્યાં સુધી અસ્થિરતાના જોગ રહ્યા હતા. ભાવભક્તિ હતી અને શ્રમજીવી સાથે તાદાત્મ્ય સાધવાની ભાવના પણ હતી આમ છતાં'' આત્મ સ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની'' સધાઈ શકાઈ ન હતી અને આત્મસ્થિરતા વિના કષાયની ઉપશાંતતા મોક્ષની તાલાવેલીને ઘાલાવેલી અનુકંપાથી માનવને ગાય જેવા પ્રાણી સાથે આત્મતુલ્ય પ્રીતિ સભર અનુકંપા જે સેવા દ્વારા પ્રગટ થાય અને છતાં સત્ય સિવાયના બીજા બધા ભાવો પ્રત્યે આત્યંતિક ઉદાસીનતા અને આસ્થા આ પાંચ લક્ષણના પ્રાગટ્યમાં કચાસ દેખાણી, તમારા પત્ની ઉપર હાથ ઉપડી ગયો, તે શમની કે કષાયની ઉપશાંતતાની ક્ષતિ. બાળકો પર પત્ર લખ્યો તેમાં નિર્વેદ ક્યાંય નથી પણ અહંના ઉછાળામાં તેનેય ખેંચ્યા તેવું પ્રમાદશીલ મન થઈ ગયું. જે ઝડપથી ઘર ભેગા થવા દોટ મૂકી તેવી દોટ ભગવાન પ્રત્યે કે મોક્ષ પ્રત્યે આવે ત્યારે સંવેગનું રૂપ ધારણ કરે.''

ચાર મહિના મુંબઈ રહ્યાં તેમાં અમારી ગોવિજ્ઞાન ભારતીની ઓફિસ જોગેશ્વરી એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાં રહેતી પ્રાયઃ ત્યાં નિયમિત જવાનું શરૂ થયેલ મને રોજ બોર્ડ ઉપર સુવિચાર લખવાનો શોખ. એક શીબીરમાં ત્યાં ભાવનગરથી દવે સાહેબ આવેલા. તેમણે ''ઉઘડતા દ્વાર અંતરના'' વિષે ઉલ્લેખ કરેલો મગજમાં વાત નોંધાઈ ગઈ. આ પુસ્તક ખરીદ્યું અને સ્વાધ્યાય કર્યો અદભૂત છે આ વાણી સદગુરૂ શિષ્યને સંબોધન કરી રહ્યા છે એમ આ વાંચવાનું થાય છે અમારે માટે આ દીવાદાંડી સમાન પુસ્તક બની ચૂક્યું છે.

ફરી માટલિયાજીએ ચિંચણ મણીભાઈ સાથે પત્ર વ્યવહાર શરૂ કર્યો અને બાકીનું જુલાઈ ૯૬ થી ૫.૧.૯૭ મૌનમાં સમાધિ સ્થળે ચિંચણમાં બેસવાનું થયું આ વખતે સ્વયંપાકી હાથે રસોઈ કરીને રહેતા. રોજ સવારે પ્રાર્થનામાં આશ્રમમાં જવાનું, વળતી વખતે ગૌશાળાની સફાઈ વાસીદું કરીને પરત સમાધિ પર આવી જવાનું.

કુટીરની પાછળ જગ્યા હતી ત્યાં ગુવાર અને ભીંડા વાવેલા. સમાધિ અંદર મકાઈ-બાજરી વાવેલી. સમાધિ બહાર એકાદ એકરની જગ્યા છે તેમાં જુવાર-બાજરી-મકાઈ-વાવેલ. ગાયો, પશુ, પંખી અને અમે સહુએ મનભરીને વાપરેલ. આશ્રમમાં પણ ભીંડા ગુવાર જતા હતા.

સમાધિની અંદર પણ મેથી વડે ચારે ખુણે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ- બીજે ઠેકાણે ''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'' એમ વાવેલ. થોડા દિવસમાં જ્ઞાન-દર્શન સરસ ઉગી નીકળ્યા. પણ ચારિત્ર-તપ બરાબર નહોતા ઉગ્યા થયું નિસર્ગ પણ આપણને ઓળખે છે એટલે જ્ઞાન-દર્શન સ્પષ્ટ વાંચી શકાય તેમ ઉગ્યા હતા. ચારિત્ર-તપમાં કચાશ હતી જ તેથી ક્યાંથી બરાબર ઉગે ?

આ દરમ્યાન માટલિયાજી સાથે સતત પત્ર વ્યવહાર રહ્યો. હું મારી ડાયરીની ઝેરોક્ષ એમને મોકલતો અને એનો વિગતવાર એ વિષે જવાબ આપતા. અમારી એવી અભિન્નતા થઈ ગઈ હતી કે માટલિયાજીએ કંઈ સુચન પત્રમાં કર્યું હોય પણ અમે તો એનો અમલ સુચન પહેલા જ શરૂ કરી દીધો હોય.

મૌન દરમિયાન આશ્રમની શીબીરો અને પ્રસંગોપાત મુંબઈ જવાનું પણ થતું રહેલ. પણ મૌન તો હંમેશ મુજબ ચાલુ જ રહેલ.

એક પત્રમાં માટલિયાજી લખે છે, ''તમને દેહ ભિન્ન ચૈતન્યની પ્રતીતિ ગુરુકૃપાએ થઈ છે તે વાત હું સ્વીકારી લઉં છું.''

**ડાયરી પાનું નં.૩૨/૩૩ તા.૨૯.૭.૯૬**

''બાર વરસની સાધના પછી પહેલીવાર સમજપૂર્વક કોઈએ સ્વીકાર કર્યો તેનો સંતોષ છે. હર્ષે શોક નથી અને એ સ્વીકારથી કંઈ અનુભવ ન હોય તો થઈ જતો નથી અને આખી દુનિયા અસ્વીકાર કરે તો પણ અનુભવ થયો હોય તે અન્યથા થઈ જતો નથી. જો કે ૧૯૮૪-૮૫ ના પહેલા મૌનથી તે આજ સુધી આ વિષે અલ્પમાત્ર સંશય રહ્યો નથી. મારા બાહ્યવેશ અને વ્યવહારથી કોઈને એ ખ્યાલમાં ન આવે એ સમજાય તેવી વાત છે પણ મને પોતાને તો આ માટે અત્યંત નિશ્ચિંતતા જ હતી અને છે. ગુરૂકૃપાએ મોક્ષ માટે નિશ્ચિંતતા છે. હવે એ માટે પણ ઈચ્છા નથી રહી મુક્તિ મળી જ ગઈ છે. મુક્ત દશામાં જ જીવીએ છીએ. આજની સાધના અને પહેલાની સાધનામાં ફેર એટલો જ રહ્યો છે કે પહેલા યોગ (મન-વચન-કાયા) અસ્થિર હતા, ચંચળ હતા. હવે એ સ્થિરપણાને ધીરે ધીરે પામતા જાય છે. સાચો રસ્તો એ હતો કે પહેલા યોગને સ્થિર કર્યા પછી સત્કાર્ય અને સંસારના કાર્ય કરવા જરૂર હતી. પણ ઈશ્વર ભૂલ કરીને ઘડવા માંગતો હતો તેથી યાત્રા લાંબી બાર વરસ ચાલી. અનંતકાળનું પરિભ્રમણ ટળ્યું એની સામે તો આ કાળ બહુ અલ્પ ગણાય. આખી જીંદગી મથવા છતાં તત્વને પામતા નથી ત્યારે આતો બહુ ટુંકા ગાળામાં કાર્ય થયું ગણાય. આમાં પાત્રતાની સાથે ગુરૂકૃપાએ વિશેષ ભાગ ભજવ્યો છે. આ બધો સદ્ગુરૂનો જ ઉપકાર છે, એમની જ આ મહતા છે. આ પામર એટલી પાત્રતાને લાયક ન હોવા છતાં કરૂણાળુ પરમાત્માની કરૂણાનો જ આ પ્રતાપ છે. એમ નમ્ર ભાવે સ્વીકાર કરી કરૂણાળુ સદ્ગુરુદેવ શ્રીમદ રાજચંદ્રના ચરણોમાં પરમ ભાવે નમસ્કાર-વંદન કરું છું.''

કથા લાંબી થતી જાય છે. ટુંકી કરવાની સતત મથામણ પણ જે અમારા હૃદયમાં છે તે માટે થોડી સ્પષ્ટતા થતી જાય તેથી આ માટે ડાયરી અને માટલિયાજીના પત્રોમાંથી થોડું થોડું આપતું જવું જરૂરી છે. મુંબઈ આવન જાવન થતી રહેલી પણ મૌન તો ચાલુ જ રાખેલ.

પનવેલમાંથી રાતોરાત શા માટે ઊઠાવ્યો તથા અન્ય પ્રસંગો બન્યા તેનું આવતા અંકમાં. **ક્રમશઃ**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૮મો

પનવેલ ફાર્મનું નામ હતું નિજાનંદવાડી. એક આદેશ થયો આ વાડી છોડો અને એ રાતે જ ૨૮.૨.૯૬ના છોડી દીધી. યાત્રા અંતર અવાજ મુજબ જ ચાલી છે અંતર અવાજનો આદેશ આવ્યો ૧૯૮૪-૮૫ માં એક વરસનું મૌન લો, ઘરે પાછા જાવ અને ગંદકી સાફ કરો એવા આદેશોનો અમલ જરૂર થયો છે પણ એનાં અમલમાં ક્યારેક ૯ કે ૧૨ મહિના જેવો સમય ગયો છે. આ એક જ આદેશ ૨૮.૨.૯૬ નો એવો હતો જેનો અમલ થોડી ક્ષણોમાં જ થયો છે.

અમારા વડિલ મિત્ર નરેન્દ્રભાઈ દુબે આ પછી ઘરે આવેલા કહે. આવો આદેશ રાતોરાત ઉઠવાનો આવે એવા ભગવાનને તો થપ્પડ મારી દઉ હું. અમે તો હસતા રહ્યા ભલે અમને ખબર નહોતી પણ એ અસ્તિત્વને, ભગવાનને ખબર હતી કે પૂ. માટલિયાજી ૨૭.૧૨.૯૬ના કાયમી વિદાય લેવાના છે, અને એમનું શ્રેષ્ઠ માર્ગદર્શન જો અમે પનવેલ રહી ગયા હોત તો અમે એથી વંચિત રહી જાત અને એમ થયું હોત તો જે યાત્રા આજે પંદરભવ પુરતી સિમત થઈ ગઈ છે એ અર્ધપુદગલ પરાવર્તન પર્યંત લંબાઈ જાત. એ સજા કેવી કઠણ હોય એ કોઈ તત્વાર્થી - પંડિત જ જાણી શકે છે. પડવાની પુરી સંભાવના હતી તેમાંથી બચી ગયા તેમાં માટલિયાજીનુ માર્ગદર્શન અને ગુરૂકૃપા સહાય જ મુખ્ય સહાયક બની રહ્યા.

**૨૯.૭.૯૬ ડાયરી પાના નં. ૩૦ થી માંથી કેટલુંક**

''રાતે ૩ વાગે સમુદ્રકિનારે ફરવા નીકળ્યો અને ચાંદનીનો આનંદ લેતો રહ્યો. સામે તારાપુર અણુઉર્જા કેન્દ્ર જોયું તો મનમાં ભાવ આવ્યો કે અરે આ સમાધિ સ્થળ એ તો આ સ્થુળ અણુ ઉર્જા કેન્દ્ર કરતાં અનંતગણું ઉર્જામય સ્થાન છે. અહિં તો ઉર્જાનો અખંડ સ્તોત્ર વહી રહ્યો છે. આવા પ્રચંડ ઉર્જા સ્થળની મધ્યમાં અસંગતાનો આવો પરમ દુર્લભ અવસર મળ્યો એ માટે માટલિયાનો બહુમુલ્ય ફાળો રહ્યો છે.

હવે પછીના પાંચ મહિના સમાધિ પરિસરમાં શું કરવું તેનું એક સ્પષ્ટ ચિત્ર ઉપસી આવ્યું.

સમાધિ સ્થળ સુંદર મનમોહક ફૂલઝાડવાળી સુંદર બગીચો બનાવી શકાય. મકાન રીપેરીંગ, પંપરૂમ તથા આદિવાસીના મકાનમાં લાઈટ આપી શકાય, નાળિયેરીની થોડી માવજત કરીને ઉપજાઉ બનાવી શકાય. આ બધા કામ તો ચપટી વગાડતા થઈ શકે તેમ છે.

૩૧.૭.૯૬ ના સવારે ગુરૂપૂર્ણિમાના દિવસે સમાધિમાં હળ ફેરવાઈ ગયું. વિચાર કર્યો તો બીજે દિવસે કામ થઈ ગયું. આમ ગુરૂપૂર્ણિમાએ સાચું ગુરૂપૂજન થયું. મેં કલ્પના નહોતી કરી, નહોતું ધાર્યું એમ જ એકાએક થઈ ગયું ગુરૂકૃપાને માટે સતત હૃદયથી ભાવપૂર્વક સતત વંદન કરતો રહ્યો. ખેતરમાંથી કચરો-નિંદામણ કાઢીને સાફ કર્યું.

આજે પત્ર વ્યવહાર ચાલુ કર્યો પ્રથમ પત્ર માતુશ્રીને અનકાઈ લખ્યો. લખ્યું, ''અત્યાર સુધી સદગુરૂની ઓળખાણ અને આશ્રય નથી થયો એ જ પરિભ્રમણનું કારણ છે. માટે ધ્યાન સદગુરૂ મળે એની પ્રાર્થના અર્થે કરો. વિચારીને સદગુરૂ કરવા વેશ જોઈને નહી.''

દરિયા દર્શન કરતા વિચારો આવ્યા ભરતીનો સમય છે અને દરિયો મસ્તીમાં ઉછળી રહ્યો છે. અંતરમાં એવી જ આનંદની છોળો ઉછળી રહી છે. આ આનંદ શાશ્વત આનંદ છે. ક્ષણિક આનંદ નથી. પ્રકૃતિના નિયમને વંદન કર્યા. યથા યોગ્ય સમયે નિશ્ચિત સમયે ભરતી આવે છે, નિશ્ચિત સમયે ઓટ આવે છે. ભરતી સમયે એવો વેગ હોય છે હમણા સમુદ્ર મર્યાદા ઓળંગીને જળ બંબાકાર કરી મુકશે પણ ના એ મર્યાદા ક્યારેય ઓળંગતો નથી. એની શક્તિનો અહેસાસ જરૂર કરાવે છે પણ સાથે મર્યાદાનું પણ ભાન રાખે છે. ઓટમાં જુઓ તો માઈલો સુધી એ જ પાણી દૂર ચાલ્યુ જાય છે જાણે કંઈ હતું નહીં. અગર એ પાણી કાઢવા પ્રચંડ મશીનો લગાડો તો પણ ન નીકળે એ કામ સહજ આ કોણ કરે છે? રોજ નિયમિત રીતે દિવસમાં બે વાર આ ભરતી ઓટ કોણ કરાવે છે? સદીઓથી આ નિયમિત ક્રમ ચાલ્યો આવે છે. કોણ કરે છે આ બધુ? નિસર્ગ કેટલું નિયમબધ્ધ છે તેનો ખ્યાલ આવે છે. કુદરતની આ નિયમબધ્ધતા મશીન કે માનવી આધારિત નથી, એ નિસર્ગનો સહજક્રમ છે. આ નિસર્ગની શક્તિ, ક્રમ સાથે આપણી પામરતાને ઓળખીએ-સમજીએ તો નકામો ભાર ન રહે. કંઈ કરવા પણું ન રહે સહજ થાય તે જ કરવાનું થાય. કુદરતે નિશ્ચિત રીતે બધું નિર્માણ કર્યું છે. આપણે તો ફક્ત આ લીલાને સમજવાની જરૂર છે. આ લીલા સમજાય, દ્રઢ થાય તો પછી ઈશ્વરાધીન બધું થતું રહેશે. આને ઈશ્વરાધીન, હરિઆધીન, હરિઈચ્છા કે નિસર્ગ આધીન કહો બધું એક જ છે. માત્ર શબ્દનો ભેદ છે.''

૨૯/૩૦/૩૧ જુલાઈ અઠમ હતો (ત્રણ દિવસના જૈન ઉપવાસ) ખેતીનું-શ્રમનું નિંદામણનું કાર્ય દિવસભર થતું, શ્રમ કરવા છતાં થાક કે કંટાળો લાગતો નથી. **ડાયરી પાનું.૪૦**

''ના રાગ છે, ના દ્વેષ છે, ના હર્ષ છે, ના શોક છે, જે કંઈ બની રહ્યું છે તે ફક્ત દ્રષ્ટાભાવે જોઈ રહ્યો છું. બસ એનો આનંદ છે એટલું જ. એ આનંદ સાગરમાં ડુબકીઓ લગાવતો રહું છું. કૃપાળુદેવની કૃપા પ્રત્યે બસ અહોભાવ ને અહોભાવ જ રહ્યા કરે છે. ઈશ્વરી યોજના અને ઈશ્વરીય કાર્યને સમજવું મુશ્કેલ છે. બસ એમના નિમિત બની જાઓ, હાથા બની જાઓ. બાકી એ સંભાળી લેશે એમ દ્રઢ વિચાર થયો છે. કેટલી હળવાશ છે! કેટલો આનંદ છે! ના થાક છે, ના ભૂખ છે, ના નિંદ્રા છે, ના કંટાળો છે, ન ઉદાસી છે. બસ આનંદ આનંદ જ અંતરબાહ્ય બંનેમાં વર્તી રહ્યો છે. પ્રણામ ગુરુદેવ આપને! જો મારો ગુરુ થવામાં કેટલી ઠોકરો ખાધી, કેટલી ભૂલો કરી, એ હવે આજે સમજાય છે. મારો તો શું કોઈનો પણ ગુરુ થવામાં નહીં, બસ આપનો શિષ્ય થવામાં જ કલ્યાણ હતું અને છે એ આજે અત્યંત સ્પષ્ટ ભાસે છે.

પરમ વંદન હો, પરમ નમસ્કાર હો, સાક્ષાત પ્રણામ હો, પ્રભુ! બસ સદૈવ આપનો જ આશ્રય રહે, આપનું જ છત્ર રહે એટલી નમ્ર પ્રાર્થના સ્વીકારજો, પ્રભુ! આટલી કૃપા જરૂર કરજો, એમાં કૃપણ ન થશો. આમ તો આપની દયાનો કરૂણાનો ધોધ સતત વહી રહ્યો છે. આ ધોધમાં જો અહંકારનો અંશ પણ ભળે તો ડુબી મરીએ. એવા પ્રચંડ ધોધમાં ફૂલની જેમ હળવાશથી તરી રહ્યો છું એ આપની જ કૃપા છે. આમ તો આપની કૃપા સર્વતરફ સરખી જ વહી રહી છે પણ જગતના જીવોને તેનો ખ્યાલ નથી એટલે લાગે કદાચ કે બધી કૃપા એક જ ઠેકાણે અહિ વહી રહી છે. પણ, ના એ જગતના જીવોનો ભ્રમ છે, આપનો તો સર્વ પ્રત્યે સમભાવ જ છે. બસ, તૈયાર થાય, નિર્ણય કરે, આશ્રય કરે એટલી જ વાર છે. અમને તો હવે આપનો જ આશ્રય ભવોભવ રહો. તા.૧.૮.૯૬ ના સવારે ૧.૫૪ મીનીટના પુરૂ થયું)

**ડાયરી પાનું-૪૩ તા.૨.૮.૯૬.**

‘‘આજે મને સંતબાલજીએ મીરાબેનને ‘ૐ મૈયા શરણમ મમ્’ ના પ્રતિક માન્યો છે તે સમજાય છે. મીરાબેનનો સ્વભાવ જાણવા છતાં, મીરાબેનને મૈયાના પ્રતિક માનવામાં આ સંતની આર્ષદ્રષ્ટિ જરૂર રહી છે. ગમે તેવા દુર્ગણો હોય, વ્યક્તિનો મુળ સ્વભાવ જ જુઓ. મુળ સ્વભાવમાં ક્યાંય દોષ નથી. જીવને આવરણ છે એટલું જ એટલે જ મીરાબેનને એમણે ૐ મૈયાના પ્રતિક માન્યા છે. આમ જુઓ તો મીરાબેન અને મણીભાઈ સરળ છે, સારા છે પણ દુનિયાને એ ઘણા અપૂર્ણ લાગે. ઘણાને એમાં દોષો લાગે, કેટલાક છે પણ ખરા અને એ તો દરેકમાં હોય છે. ચિંચણના વિકાસમાં સંતબાલજીની હાજરીમાં અને પછી પણ મીરાબેન લગભગ અડચણરૂપ રહ્યા છે. સંતબાલજીએ જોયું છે અનુભવ્યું છે તે છતાં તેમણે ફક્ત દ્રષ્ટાભાવથી એમને સ્વીકાર્યા છે. પ્રકૃતિની એમ જ ઈચ્છા છે માની એમને માન્ય કર્યા છે. એક વ્યક્તિ ખાતર આખી સંસ્થાની પ્રગતિનો માર્ગ રૂંધાય એવી પરિસ્થિતિમાં પણ સંતબાલજી એ જે સમતા રાખી છે, સમભાવ રાખ્યો છે, દ્રષ્ટાભાવ રાખ્યો છે એ ભવ્ય છે. મેં એમને જોયા નથી પણ આજે એમના આ પ્રચંડ દ્રષ્ટાભાવને, નિર્વિકલ્પ દ્રષ્ટાભાવને પરમભાવથી હૃદયપૂર્વક વંદન કરું છું. એમણે વિશ્વશાંતિનું એક સ્પષ્ટ ચિત્ર એમની નજરે દોર્યું છે, એનું બીજ વાવ્યું છે, બાકી સર્વ પરમપિતાને સોંપીને પછી નિર્ભાર થયા છે. અને આ જ છે તેમનો ભવ્ય પુરુષાર્થ.

ઉત્તમ બીજ છે, એને યોગ્ય ખાતર પાણી હવા મળી રહે તો વટવૃક્ષ થવાની અહિં પુરી ક્ષમતા છે એ સ્પષ્ટ દેખાય છે, જણાય છે, અનુભવાય છે.

સમાધિ પાસે ક્યારેક જીપમાં એક યુવાન-યુવતી આવતા અને પછી પ્રેમની સાધના કરતા. અમે દ્રષ્ટાભાવથી જોતા રહેલા. એક દિવસ કોઈનું મરણ થયેલ તેની ચિતા બળતી હતી. ભરતી તેના પૂર્ણ સ્વરૂપમાં હતી. પેલી ચિતા બુઝાઈ ગયેલ. તેના લાકડા પાણીમાં તરવા લાગ્યા. એક તો પાંચેક ફુટનું ૭૦/૮૦ કિલોનું એક ફૂટ ઘેરાવાનું લાકડું હતું. મને થયું લાવ લઈને રસ્તા વચ્ચે મુકી દઉ. આ જીપ આવતી બંધ થઈ જાય. તેથી અડધો કલાક મહેનત કરી રસ્તા પર મુકી દીધું. ત્યાં તો સામેથી રમણભાઈ આવ્યા કહે ફેંકી દો, ફેંકી દો. આ તો લાશના લાકડા છે. મેં ઈશારાથી કીધું ભલે રહ્યા હું તો પાછો સમાધિમાં નિંદામણ કામમાં લાગી ગયો. ત્યાં વળી એમના પત્ની આવ્યા, કહે રમેશભાઈ આ લાકડા ફેંકી દો પાછા અને નાહી લો. એ જ સમયે થયું આપણી સાધના દ્રષ્ટા ભાવની છે. કોઈનું દિલ દુભાવવાની નહીં. શા માટે આ આગ્રહ ? તરત પાછો લઈ લાકડાને દરિયા કિનારે નાંખી દીધા. હું માનું છું કે આ લાકડાનો ઉપયોગ કર્યો હોત તો કંઈ ખોટું નહોતું એ ન વાપરવામાં ભય અને અજ્ઞાન જ રહ્યા છે. અન્ય કશું નથી. અન્યના સંતોષ ખાતર એમણે કહ્યું તેમ લાકડા પાછા ફેંકી દીધા ને પછી જેને જોયેલ નથી એના નામનું નાહીને એમને પ્રભુ શાંતિ આપે એમ પ્રાર્થના પણ ભાવી. માનવી કેટલા અજ્ઞાન અને ભય હેઠળ જીવે છે ? વિચારતો રહ્યો અને મનમાં હસતો રહ્યો. રમણભાઈએ કીધું ત્યારે આગ્રહ રાખ્યો કે ભલે રહ્યા અને એમના પત્નીએ કીધા પછી તરત પાછા નાંખી દીધા એમાં લગભગ ૨૦/૨૫ મીનીટનો ગાળો રહ્યો. આટલો વખત સુધી આપણો આગ્રહ રહ્યો એટલી અજાગૃતતા એટલો દ્રષ્ટાભાવ કાચો.

આજે આ સ્મશાન ભૂમિએ સારું ભાથું પુરૂ પાડ્યું, મેં તો સ્મશાનમાંથી એક માટલી લાવી રૂમમાં રાખેલ. થોડા વખત એમાં પાણી ભરીને પીધેલ પણ ખરું. આ ઉપયોગ કરવામાં કંઈ ખોટું નથી. તેમાં ફૂલ ઝાડ વાવી શકાય, ચુલે ચડાવવામાં, ગરમ પાણી કરવા વિ. માં પણ ઉપયોગ લેવાય તો એમાં કશું ખોટું નથી. આ જે ભય છે તે અજ્ઞાન છે, તે ટળવો જોઈએ. રાખ એ ઉત્તમ ખાતર છે એટલે મર્યા પછી અસ્થિ વિસર્જનની વાત ઋષિઓએ કરી છે તે હવે સમજાય છે.’’

આ લાકડાનો ઉપયોગ કરાય કે નહિ એ માટે માટલિયાને પુછવા વિચારેલ. આ વિષે બીજે જ દિવસે એક પ્રસંગ બન્યો. સવારે વનિતાબેનને ઘરે ગયો હતો. તેમના ઘરેથી નીકળતા દરવાજામાં એકદમ જુનુ પીળુ પડી ગયેલ પેપર નજર પડ્યું મથાળામાં મોટા અક્ષરે હતું ‘‘સાચો વૈરાગ્ય ભાવ તો ભતૃહરિનો !’’ એટલે સહજ સાથે લઈ લીધું.

આ સંદેશ ૨૦.૪.૦૨ ની ‘‘જ્યોત સે જ્યોત જલે’’ ની કોલમનું એક જ પાનું મળ્યું. જવાબ આ કોલમમાં હતો ‘‘ભતૃહરિને એકવાર કકડીને ભૂખ લાગી હતી. ચાલતા હતાં ત્યાં સામે એક ચિતા સ્મશાનમાં બળતી હતી. પાસે લોટના લાડુ અને પૈસા પડેલ હતા. પૈસા ફેંકી દીધા અને લોટના લાડુ પડેલ હતા તેના રોટલા બનાવી ચિતા પર શેકવા લાગ્યા.

આ પ્રસંગ બન્યા પછી સતત મનમાં હસતો રહ્યો. જ્યા ભતૃહરિ જેવો તપસ્વી આપણી વાતનો જવાબ આપે છે ત્યાં માટલિયાને ક્યાં પુછવા પણું રહ્યું. જે શંકા સહજ હતી તે પણ ૨૪ કલાક પહેલા જ કુદરતે નિર્મુળ કરી દીધી. જો કે મને શંકા તો નહોતી જ ખાલી સહજ પુછવા વિચારેલ. નિસર્ગને શરણે જઈએ તો નિસર્ગમાં રહેલા રહસ્યનો ખજાનો નિસર્ગ આપણી સમક્ષ ધરી દે છે. આમ આ નિસર્ગ પ્રત્યેની દ્રઢ શ્રધ્ધા વધતી જવાનો એક વધુ પ્રસંગ બન્યો.

૨૦.૪.૯૨ નું સંદેશનું આ એક જ પાનું કેમ બાકી રહ્યું ? નહિતર પસ્તીમાં ક્યાં ચાલ્યું જાય છે તે પણ ખબર નથી પડતી. ચાર વરસ પહેલાનું આ એકજ પાનું કેમ રહી ગયું ? અને આજે જ કેમ નજરે પડ્યું ? અને એ પણ આ જ અક્ષરો નજરે પડે તેમ કોણે મૂક્યું ? કુદરતના આ બધા અકળ રહસ્યો છે અને રહસ્ય જ રહેવાના એને સમજવાના બધા પ્રયાસ વ્યર્થ છે. એના શરણે જઈએ, એના નિયંત્રણમાં રહીએ એટલું જ પર્યાપ્ત છે. હું આને કોઈ ચમત્કાર નથી માનતો. યોગાનુયોગ જ આમ બનવાનું હતું તે બન્યું. આ કંઈ વિશેષ નથી, બસ નિસર્ગ પ્રત્યેના પ્રેમમાં વધારો થયો. એના શરણે રહેવામાં જ કલ્યાણ છે. નિસર્ગ આપણું કલ્યાણ જ કરે છે એ આ પેપરના પ્રસંગથી સમજાયું. **(ડાયરી માંથી ટૂંકાવીને)**

**ડાયરી પાનું ૫૪**

દેવનાર ગોરક્ષા સત્યાગ્રહમાં મારુ કામ પ્રેસ, રેલી, ઓફિસ, કોરસપોન્ડસ, પબ્લીસીટી વિ. માં સહયોગીનું રહ્યું. થોડો પ્રેસનો સહયોગ મળ્યો. ક્યારેક ફોટા, લેખો વિ. છાપ્યા પણ એથી કંઈ વિશેષ ફાયદો નહોતો થયો.

મને લાગે છે આ પ્રેસ પબ્લીસીટી-અન્યને સમજાવવાનો પ્રયાસ એ જ અડચણ હતી અને છે. આ ઋષિને તથા ઋષિ કાર્યને સમજી શકે એવું દૈવત આ પત્રકારોમાં નથી. એ શક્ય નથી. એ કાર્ય ભગવદને સોંપવા જેવું છે. આપણા હાથની એ વાત નથી. કોઈપણ

કાર્યના પ્રચાર-પ્રસારનો માનવીનો પ્રયાસ વ્યર્થ છે. એના જેવું ન કરવા જેવું અન્ય કોઈ કાર્ય નથી એટલું નગણ્ય એ કાર્ય છે. જુઓને ગણપતિને દુધ પીતી ઘટના. એક દિવસમાં સારા વિશ્વમાં ગણપતિ દુધ પીતા થઈ ગયા દુધનો દુકાળ પડી ગયો. સત્ય નહોતું એથી બીજે દિવસે ઘટના ભુલાઈ ગઈ. ગાંધીનું અલ્પ સત્ય પણ હજી જીવી રહ્યું છે. જગત ગાંધીને ભૂલવા ભરચક પ્રયાસ કરી રહેલ છે. શું એ શક્ય છે ? આપણે નકામા આ પ્રચારની માથાકુટ કરીએ છીએ.

૩.૮.૯૬ ના ઘરેથી ફોન આવ્યો કે બા બીમાર છે જલ્દી આવી જાવ સમાચાર મળ્યા તરત જવાનું નક્કી કર્યું. બપોરે ત્રણેક વાગ્યે મલાડ ઘરે પહોંચ્યો બા તો હોસ્પિટલમાં હતા કિશોરભાઈને ત્યાં જમીને હોસ્પિટલમાં ગયો. બા તો કોમામાં હતા સીટી સ્કેન થઈ ગયેલ. રીપોર્ટ આવવાનો બાકી હતો. હોસ્પિટલમાં ડોક્ટરો ઉતાવળા થતા હતા જલ્દી સહી કરી દો. આ ને તે ટેસ્ટ કરવા છે. અમારે તો મૌન હતું. સાંજે વડિલ આવ્યા પછી નિર્ણય લેશું એમ કહી મુલ્તવી રાખ્યું. જ્યાં સ્કેન કરાવેલ ત્યાં મૌખિક રીપોર્ટ આપેલ કે તાળવાની નીચેની નસ તુટી ગયેલ છે. લોહી ત્યાં નીકળે છે તેથી કોમામાં ચાલ્યા ગયા છે ચાંસ ઓછા છે. અહિં હોસ્પિટલમાં ડોક્ટરો કહે રીપોર્ટ નોર્મલ છે. તેથી હવે બીજા ટેસ્ટ લેવા પડશે. તેના ઘણા ખર્ચ થશે. તમે રજા આપો. પીઠમાંથી પાણી કાઢીને ટેસ્ટ, બ્લડ, યુરીન વિ. ટેસ્ટ લેવા પડશે. ઈલાએ કીધું વડિલો આવે પછી વિચાર કરીને કહીશું. આગળના ડોક્ટરે કહે જલ્દી કરો આમ ન ચાલે. ત્વરીત નિર્ણય થવા જોઈએ. એમાં ખર્ચ તો થશે જ છતાં તમારી પાસે પૈસા ન હોય તો કુપર કે બીજે લઈ જાવ. ત્યાં ઓછે ખર્ચ થશે. અમે કહ્યું વડિલો આવે પછી જ નિર્ણય થશે. સાતેક વાગે મોટા ડોક્ટર કહે ચાંસ ઓછા છે. અહિં રહો તો તેને પેસાબ-પાણી-દવા વિ. ની માવજત થાય બાકી ચાંસ ઓછા છે તેથી સાંજે ઘરે લઈ જવાનું નક્કી કર્યું. બીમાર માણસોને પણ લુંટવાની ચાલાકી જોઈ. ડોક્ટરોને દરદી ભગવાન રૂપે જુએ છે આ તો ભગવાનના રૂપમાં શેતાન નિહાળ્યા.

રાતે બાને ઘરે લાવ્યા. બાને પલંગ પર સુવાડી પલંગને બીજે ખુણે બાના પગ પાસે મારી જગા કરી. પલંગ પર હું ને બા બે જ રહ્યા.

આ એક માતૃઋણ ચુકવવાનો અદભૂત અવસર આવ્યો અને એ વિષે આવતા અંકમાં. **ક્રમશ:**

## તાતા થૈથૈ, તાતા થૈથૈ

આ ઉપરવાળો માળો ખરો છે! અરે, ના સમજ્યા ? ઉપરવાળો એટલે લીલી છત્રીવાળો, અરે પેલો દૂર બેઠો બેઠો નાચ્યા વિના સૌને નચવી શકે છે એની વાત કરું છું. તે ધાર્યું હોય કે આ કરીશું ને તે કરીશું, આવું ગોઠવીશું ને તેવું ગોઠવીશું ને પછી મેદાન મારી જઈશું. પણ તેની ચપળ ચાલને કોણ પહોંચી શક્યું છે ? એક જ સ્ટ્રોક તે એવો મારે કે તમારી સમગ્ર બાજી તિતરબિતર થઈ જાય. તમે સીધા જ શીર્ષાસનની મુદ્રામાં આવી જાવ. તમે તમારી રીતનાં આયોજનો કરો અને એ એની રીતનાં આયોજનો કરે. તમારો અશ્વમેઘ યજ્ઞનો ઘોડો દોડી રહેલો લાગે પણ એ અશ્વનો એક પગ જ એવો ખોડંગાતો કરી મૂકે કે તમે ત્યાં ને ત્યાં પછી અટકી જાવ. હું તમારી વાત નથી કરતો. આ આપણા સૌની વાત છે. આપણાથી એ માળો એ રીતે તો જુદો ને જુદો જ રહે છે. તે તેની ગતિમાં બિલકુલ પાકો છે. ગજ-કાતર લઈને જ એ બેઠો છે. એક ઈંચ પણ ન વધારે કે ન ઓછું એવું કાપીને જ રહે છે. તમારી ગમે તેવી ધરણા હોય, ગમે તેવી આગાહી હોય, ગમે તેટલી પાક્કી ગણતરીઓ કરીને કે આંકડાઓ મૂકીને બેઠા હો પણ એક પળે તે બધું ધરાશયી કરીને જ રહે છે. આને જ આપણે લીલી છત્રીવાળો કહીએ છીએ. આપણી અને એની છત્રીનો રંગ સદા જુદો છે તો આપણી અને એની છત્રીનું માપ પણ જુદું છે. આપણે કોરા રહેવા છત્રી લઈને નીકળીએ પણ એ જ છત્રી આપણને ભીંજવી નાખે છે. જ્યારે એ માળાની છત્રી એવી છે કે તે ઈચ્છે ત્યારે કોરો પણ રહી શકે છે અને ઈચ્છે ત્યારે ભીનો પણ થઈ રહે છે. જુઓને, એ તો નિરંતર આપણને એની પાસે બોલાવતો જ હોય છે. તેના આપણા પ્રત્યેના ઈશારા કે સંકેતો પણ પાકા-કાચા હોય છે. પણ ત્યારે આપણે જરા ગરુરી બની તેને નજરઅંદાજ કરીએ છીએ. આપણે આપણી રીતે મુકરર કરેલાં ઘર બાંધવા બેસી જઈએ છીએ. વળી આભ ને મોભ તેમ, બારી અહીં કે બારી તહીં. પણ પછી તેમાં જ ખૂંપી જઈએ છીએ. નથી સંભળાતો તેનો સાદ કે નથી સમજતા તેના સંકેતો. અરે, જો થોડી એક એની વાત સમજીએ તો! તો માળો, એ કંઈ એટલો તો જિંદી નથી કે વિના કારણે આપણને હેરાન કરી મૂકે. શરત એટલી કે એના તાલે નાચવું પડે. એના તરંગે તરંગિત થવું પડે. જો એટલું કરીએ તો તો પછી તે આપણાં છંદ-સ્પંદ-રંગમાં સહભાગી બની રહેવાનો. તે આપણું સહિયારું ગીત રચીને આપણને રાજી કરી દેવાનો. પછી એ જ આપણને બેસૂર થતાં અટકાવે. પણ આપણા રામને એવો સમય જ રોજના કાથાકબલામાં ક્યાં હોય છે! તો પછી ભઈ, ભોગવો. બાંધ્યા કરો. તમારાં રમતઘરો. પછડાતા રહો દિનરાત. અટવાયા કરો તમારાં રમતઘરોમાં અથડાયા કરો દિશાહીન. કાળની ખંજરી તો બાજ્યા જ કરવાની છે. તે તો તેનો ખેલ પાર પાડીને જ રહેશે. તમે એકલા એકલા મસ્ત હોવાનો દાવો કરો કે ચુપચાપ રહો તેની ચિંતા પછી તે શું કામ કરે?અરે, આ હમણાંના વર્ષની લગભગ સમાપ્તિના દિવસોને જ યાદ કરોને! તમે તો આ ઈવેન્ટ અને તે ઈવેન્ટ કરવાના હતા. તમે તો ખેલૈયા થઈને માતાજીની સાથે કોઈપણ કારણો આગળ ધરીને તમારી 'ભક્તિ'ની પ્રસ્તુતિ કરવાના હતા. પણ આસોના દિવસોમાં જ તેની ચાલ જોઈને! ઉમડઘૂમડ મેઘ આવી પડ્યો ચૂઈ પડ્યો બધું સરાબોર! પાણી જ પાણી. તેણે તો તેની સોગઠી મારી જ દીધી. ઈવેન્ટ ઈવેન્ટને સ્થાને. ખેલૈયા ખેલૈયાના સ્થાને. હા, તમે તમારી રીતે લાલ ગાલ રાખીને ફરો. તો આ છે લીલી છત્રીવાળાનો ખેલ. તમારી કૃતિમાં કે તમારી પ્રકૃતિમાં, તમારી વિકૃતિમાં કે તમારી સુકૃતિમાં તમે તોડો, ઘડો, ઝઝૂમો, ઝૂમો, ભમો, રમો, દમો કે નમો - બધી વેળા બાજી તો છેવટે માળો એ જ મારી જતો હોય છે. એટલે જ થાય છે કે તેની ચપળ ચાલનો આદર કરો. તમે મૃદંગ વગાડતા નથી, વગાડો છો એ તમારો ભ્રમ છે. થાય તો તેની છે : તાતા થૈથૈ, તાતા થૈથૈ!

**- પ્રવીણ દરજી, સૌ. ગુજરાત સમાચાર**

**થોમસ સાઝ કહે છે!** ''જ્યારે ધર્મ તાકાતવાન હતો અને વિજ્ઞાન નબળું હતું, ત્યારે માણસે દવાને જાદુ ગણવાની ભૂલ કરી. જ્યારે વિજ્ઞાન તાકાતવાન છે અને ધર્મ નબળો છે ત્યારે માણસ જાદુને દવા ગણવાની ભૂલ કરી રહ્યો છે.'' એકવીસમી સદીમા ઈકોલોજી અને ટેકનોલોજી વચ્ચે સમન્વય થાય એ શક્ય છે અને જરૂરી પણ છે. - **ગુણવંત શાહ.**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૯મો

૩.૮.૯૬ નો ફોન આવ્યો જલ્દી આવો બા કોમામાં ચાલી ગયેલ. હોસ્પિટલમાંથી બાને ઘરે લઈ આવેલ. પલંગના એક ખુણે બાનો હાથ હાથમાં પકડીને બેઠો રહ્યો અને મૌન વાણીથી બાના ચૈતન્ય સાથે એક પ્રવાહ વહેવો શરૂ થયેલ. એ પછી ડાયરી બોલે છે. પાના નં. ૬૦થી

''૪.૮.૯૬ ના વહેલી સવારે આત્મામાં ઝબકારો થયો અને પ્રસંગ વિષે ઝલક મળી. એક ક્ષણમાં આખુ ચિત્ર સ્પષ્ટ નજરે આવ્યું.

દ્રષ્ટાભાવમાં રહેવાની સાધના ચાલી રહી છે. એ માટે વિચારેલ કે અનુબંધ દિવસે ભીડમાં કેમ રહેવાશે તેનો પ્રયોગ કરવા મળશે. પણ ઈશ્વર એટલા દિવસની રાહ જોવા તૈયાર નહોતો અને આ બાનો પ્રસંગ ઊભો કરી દીધો. અને મુંબઈમાં લાવી મુક્યો. આ ભીડ, આ અંતકાળની બાની સ્થિતિ, આ બધા સગા વહાલાં બધું છે છતાં એમ જ સઘળુ દ્રષ્ટાભાવે જ જોઈ રહ્યો છું. અંશમાત્ર ચિતમાં વિચલિતતા નથી. એમ જ અંતરની લય સતત ચાલી રહી છે. બાનો છેલ્લો પત્ર અનકાઈથી લખેલ મળેલ. તેમાં શુભાષીશ મળેલ કે તમોને ગુરૂકૃપાએ તમે ધારો છો તેવી સ્થિતિ પ્રાપ્ત કરો. જે સ્થિતિ કૃપાળુદેવ પોતાની ઈચ્છતા હતા તેવી સ્થિતિ સ્થિરતા આ આત્માએ મેળવેલ છે એમાં કિંચિંત સંશય નથી. ઈશ્વરની કૃપા તો જુઓ. જે ઘડીએ મને સમાધિમાં સ્પષ્ટતા થઈ, એટલે કે ૩.૮.૯૬ના સમાધિસ્થળે નિંદામણ કરતાં કે આત્માએ ત્રણે યોગની સ્થિરતા પ્રાપ્ત કરતો જાય છે અને આ ચરિત્ર પ્રગટ્યું છે અને આમ જ્ઞાન-દર્શન-ચરિત્રનો સુભગ મેળ થઈ ગયો છે એ જ સમયે બા અહીં કોમામાં સરી જાય છે. એક ક્ષણના વિલંબ વિના એ જ સમયે બાના સમાચાર મળે છે ચિંચણમાં ફોન દ્વારા અને આ રત્ન ચિંતામણી કરતાં પણ અમુલ્યફળને બાના ચરણમાં મુકવાનો યોગ કરી દીધો. સર્વ પ્રથમ એની અધિકારી માતા જ ગણાયને? આમ પલંગના ખુણે બેસવાનું રહસ્ય ૪.૮.૯૬ ના વહેલી સવારે ખુલી ગયું.

એમનો કેવો પ્રચંડ પુણ્યોદય છે કે ભલે અજ્ઞાન અવસ્થામાં તેના ત્રિયોગ સ્થિર થયા છે પણ આવા સમયે આવો ચૈતન્ય સભર પુરુષ તેમના ચરણે બેઠો છે. સતત તેમને વંદન કરી રહ્યો છે અને પોતાનો ચૈતન્યપ્રવાહ નિરંતર તેમના આત્મામાં રેડી રહ્યો છે. એ કેટલે અંશે ઉપયોગી થાય તેનું શાસ્રીય રીતે મને જ્ઞાન નથી, જાણ નથી પણ એ ઉપયોગી થાય એમાં મને અલ્પમાત્ર સંશય નથી. આવો સુભગ માતૃવંદનાનો યોગ ઈશ્વરે કરી આપ્યો એનો સતત આનંદ છે. હું આવ્યા પછી એમણે મને જોયો નથી. એમને ખબર નથી કોણ આવ્યું? કોણ ગયું? શરીર જડ થઈ ગયું છે અને ચૈતન્ય ધબકી રહ્યું છે આ માટે પણ મને રંજ નથી થયો કે બાએ એક શબ્દ તો મારી સાથે બોલ્યા હોત તો સારું. એક મીઠી નજરે નીહાળ્યો હોત તો કેવું સારુ થાત આવો કશો જ વિચાર પણ ઉઠ્યો નથી. બસ આ સ્પષ્ટ ચિત્ર પછી હું તો મોટે ભાગે બાના ચરણે જ બેસી રહું છું અને તેમનો હાથ મારા હાથમાં રાખી મૌનવાણીથી તેમના આત્માને જગાડી રહ્યો છું બધા આડોશી પાડોશી સગાવહાલાં સતત આવી રહ્યાં છે. આમ બાનો સ્વભાવ સેવાભાવી રહ્યો. મોટે ભાગે સાધુ સંતો પ્રત્યે અને ખાસ કરીને વેશધારી સાધુઓ પ્રત્યે તે હંમેશા ખેંચાયેલા રહ્યા. તેમનું જીવન એમની વૈયાવચ્ચમાં વધારે રહ્યું. કોઈને ત્યાં કામ પડ્યું છે, કોઈ માંદા છે, કોઈ બીમાર છે, બા તરત ત્યાં હાજર હોય. એમ કહું કે જીવતીબેન ત્યાં સહુ પ્રથમ હાજર થઈ ગયા હોય જ એવું એમનું જીવન રહ્યું. છેલ્લે અહિંથી જતા પહેલા ચંપકલતાબાઈ સ્વામીના સંથારા વખતે તો એ સંથારામય જ બની ગયા. માજીએ સંથારો લીધો હતો અને બા સતત તેમને ઘરે પ્રાર્થના-ભજન-જાપ કરતાં રહ્યા. સવાર સાંજ માજીને પ્રતિક્રમણ કરાવવામાં બાનો ભાગ રહ્યો. કુટુંબ પ્રત્યે અત્યંત વાત્સલ્ય ભાવ આજે અહીં હોય, કાલે ક્યાં હોય, બસ કોઈને કોઈકને મળવા જ કે સાધુસંતોના દર્શન માટે બા સતત દોડતા રહ્યાં. ક્યારેય નિરાંતે બેઠા નથી. જે સમજીને ધીરજથી સ્થિર થતા નથી તેને ઈશ્વર આમ સ્થિર કરી દે છે. ઈશ્વરની આ લીલા જોઈને મને હસવું આવી રહ્યું છે. બધા બાનું આ ધર્મમય જીવન જોઈને કહે છે કે જુઓ તો ખરા ધર્મી જીવને કેવો યોગ આવ્યો છે. બધા જ્ઞાની છે એમ કહે છે કે, ''કર્મ કોઈને છોડતા નથી. બધાએ ભોગવવા પડે છે.'' એક ભાઈ કહે, ''ભગવાનની શ્રધ્ધા ડગી જાય એવું છે. મોત દેવું હોય તો સીધું શા માટે નથી આપતા? આવું શા માટે કરે છે?''

અરે પામર જીવો! તમારા આ ડહાપણને હું શું કહું? આ બાની વૈયાવચ્ચ, સેવાવૃતિ, સાધુસંતો પ્રત્યે પ્રચંડ આદરભાવ પ્રેમ, કુટુંબ વાત્સલ્ય સર્વનો એક સામટો ઈશ્વરે બદલો આપ્યો છે. બાનો આ પ્રબળ પુણ્યોદય છે. ભલે મન જડ થઈ ગયું છે, શરીર જડ છે પણ અંદરનું ચૈતન્ય હજીએ શરીરમાં ધબકી રહ્યું છે. ત્રિયોગ સ્થિર થયા છે ત્યારે આવો ચૈતન્ય સભર પુરુષ તેમના ચરણે બેઠો છે. આવો યોગ તો ભલભલા સંતોને પણ મળવો દુર્લભ છે એવો યોગ બાને મળ્યો છે. આ કેવો પ્રબળ પુણ્યોદય? અને જગતને દેખાય છે કે બાના વેદનીય કર્મ ઉદય આવ્યા છે. જો કે આ કોમા અવસ્થા શાતા વેદનીયનીજ અવસ્થા ગણાયને? એ જીવને ક્યાં કોઈ પ્રત્યે રાગ દ્વેષ કે કંઈ કરવાપણું રહ્યું છે. જગતના જીવોને આ ક્યાંથી સમજાય? ક્યાં મારો આ બાહ્યવેશ અને ક્યાં અંતરમાં ધધુકી રહેલી પ્રચંડ ત્યાગ-વૈરાગ્યમય અજ્ઞાન દશા રહિત દશા? ક્યાંથી ઓળખાય? શક્ય નથી. એક હું જાણું છું અને બીજા જાણે છે મારા પરમાત્મા, એક તુંહી' તુંહી' લય સતત ચાલી રહી છે. પરમ પરમાત્મા કૃપાળુદેવના કૃપાના ભારમાં દિવસે દિવસે દબાતો જાઉ છું. આ ઋણ મુક્તિ આ ભવે કે ક્યારેય શક્ય નથી.

૨૯.૭.૯૬ પછી એક પણ દિવસ એવો નથી બન્યો કે જ્યારે કોઈ અલૌકિક ઘટના નથી બની. નાના નાના બહુ સુક્ષ્મ બનાવો છે પણ કેટલું રહસ્ય છે? આ કુદરતના રહસ્યને ક્યારેય પુરૂ કોઈ પામી શક્યું નથી અને પામવું શક્ય નથી. બસ કુદરતની યોજનાઓ અદભૂત હોય છે એ આપણી સમજની બહારની વસ્તુ છે. નિસર્ગધાર્યુ જ થાય છે એવી દ્રઢ શ્રધ્ધા હવે થતી જાય છે.

મને લાગે છે બાને જીવનની અંતિમ પળોમાં જે ઈચ્છા હતી તે પુરી કરવાનો યોગ મળ્યો છે. આમ તો બાને દીક્ષા લેવાની ઈચ્છા હતી પણ મા અને માતામહની રજા ન મળી. તેથી અનિચ્છાએ સંસાર માંડ્યો, કર્તવ્યો બજાવ્યા. પણ આ અંજપો સતત એમના હૃદયમાં રહ્યો હશે એમ મને આજે સમજાય છે. આ અંજપા એ ગમે તેમ ગમે ત્યાં દોડાવ્યા હશે અને આ અંજપાએ, તીવ્ર ઝંખનાએ અંતિમક્ષણોમાં ઈશ્વરે એની ઈચ્છા પુરી કરવાનો કેવો પ્રબળ સુભગ સુયોગ આપ્યો. જીવનની આ પરમ ક્ષણે માતૃ વંદના નો આવો યોગ આપવા માટે હે ઈશ્વર તારો કેટલો ઉપકાર માનુ? દ્રષ્ટાભાવમાં રહેવા, ભીડમાં રહેવાથી કેમ સ્થિતિ થાય છે તે માટે અનુબંધ દિવસ સુધી પણ ઈશ્વરે રાહ ન જોવડાવી અને આજે જ દિવસે ચિંચણથી મુંબઈમાં લાવી મુકી

દીધો અને પ્રયોગ એમ કહે છે કે સમાધિમય દશા એમ જ નિરંતર રહે છે. એમાં લેશ માત્ર ફેર નથી થયો હું સતત મારા અંતર પરિણામ પ્રત્યે જાગૃતિ સાથે જોડાયેલો જ રહું છું. આવા સમયે મૌન ચાલી રહ્યું છે એ કેટલું બધું ઉપકારી છે એ આજે હવે સમજાય રહ્યું છે. ક્ષણે ક્ષણે કૃપાળુદેવ પ્રત્યે જ ભાવ વધતો રહે છે. એમની સાથે એક અભિન્નત્વ સધાયેલ છે.

૮.૮.૯૬ બપોરે ઘરમાં બધા બેઠા હતા. હું બા માટે મોસંબીનો રસ કાઢી રહ્યો હતો. મેં કીધું જુઓ તો ખરા બાને કેમ છે ? જોયું તો જડ દેહ રહ્યો હતો બાનો આત્મા તો નીકળી ગયો હતો. મૃત્યુની વેદના જેવું કોઈ પણ ચિહ્ન પણ ન દેખાયું. બધા બેઠા હતા ને સાવ સહજ, ન મોઢામાંથી ફીણ, ન આંચકી, ન પેશાબ, ન થુંક બસ એમ જ કોઈને અંશમાત્ર ઈશારો પણ ન મળ્યો અને બાએ વિદાય લીધી.''

બાના સમાધિમરણ પછી પણ મૌન ચાલુ રહ્યું. અને થોડી કોટુંબિક વિધિઓ પતાવીને ૧૩.૮.૯૬ ના પાછા ચિંચણ મુકામે મૌન સાધના આગળ વધી.'' ડાયરી પાના નં.૬૦/૬૧/૬૨

આ પ્રસંગ વિષે માટલિયાજી ૮.૮.૯૬ના પત્રમાં લખે છે.

''બા કોમામાં સરી ગયા છે. તમે તેની સેવા તથા ઋણ ચુકવવાના કર્તવ્યમાં હાજર રહ્યા તે ખૂબ જ અને સમજણપૂર્વકનું કાર્ય કર્યું છે. કોમામાં દ્રવ્યેન્દ્રિયો પાંચેય, મન વચન કાયાના પ્રાણો થંભી ગયા હોય છે ફક્ત શ્વાસોચ્છવાસ અને આયુષ્ય પ્રાણ બેની જ હલનચલન હોય છે. પણ ભાવપ્રાણ ચૈતન્યપ્રાણ તો ધબકતો હોય છે. આયુષ્યકર્મ પુરુ થાય એટલે છેલ્લા સમયમાં જે કર્મોનું આયોજન ગોઠવાય તેને કાર્મણ ને સૂક્ષ્મ એટલે તેજસ શરીરને લઈને જીવાત્મા નવો જન્મ ધારણ કરે છે. આત્મા તો અજર અમર છે માત્ર ખોળિયું બદલાય છે એ ચૈતન્યને ભાવના આંદોલનો વધારે ભાવવાહી બની સામા ચૈતન્યને આલિંગે છે. ચેતનને સ્પર્શ ચેતનાનો જ હોય તેથી બાની છેલ્લી ક્ષણોમાં તમારો ભાવવાહી સ્પર્શ તેને સાતા દાયક નીવડશે. પત્ર મળે ત્યારે પણ એ સ્થિતિ હોય તો મારા વતી ''ૐમૈયા શરણમ્ મમ્'' ના ત્રણ જાપ જપી તેની ભાવેન્દ્રિ તો કામ કરતી હોય છે, તેથી તમારા ભાવને જાપ અંતિમ શ્વાસ સુધી સંભળાય તેમાં મારી ભાવના પહોંચાડશો અનંતજ્ઞાન-દર્શન-ચારિત્રની અનંતવીર્ય શક્તિ તે મૈયા અને તેના ધારક જિન તે ૐ એમ જિનેશ્વરને તેની અનંતશક્તિ એ જ સાચું શરણ છે એ ભાવના આપશો. તમે તો તે આપી જ રહ્યા છો.

માતુશ્રીની ચિર વિદાય થયાનો ફોન મળ્યો. બધા વચ્ચે નિર્લેપતા રહે છે તે સુંદર ભૂમિકા છે મને હજુ તે પ્રાપ્ત થઈ નથી. છતાં તમને લખ્યા જ કરું છું. મૈત્રી છે તે મન ખોલે છે.''

માટલિયાજી, તા.૧૩.૮.૯૬ ના પત્રમાં લખે છે.

''મારા બે પોષ્ટકાર્ડ મળી ગયા હશે જેમાં ચેતન ચેતનને જ સ્પર્શી શકે છે અને ભાવેન્દ્રિયો ઠેઠ સુધી જાગૃત હોય છે તેમ લખેલ એટલે તમારો માતુશ્રીને આપેલો સ્પર્શ સાર્થક થયો. માતુશ્રીની જીવન ઝરમર વાંચી- ત્યાગ સંયમ તો જીવનમાં વણેલા જણાય છે. સંયોગ પ્રમાણે દાનની ઉદારતા અને જીવનની છેલ્લી ઘડી એટલે કે મુર્છા આવવી શરૂ થઈ ત્યાં સુધી સાધુઓના સત્સંગમાં રહ્યા અને છેવટે તમને તમારા કામના આશીર્વાદ આપ્યા એ રીતે તમારી ધર્મ પ્રધાન વૃત્તિનું મૂળ માતાજીમાં રહેલ છે તે સમજાયું. યોગભ્રષ્ટ સાધકનો જન્મ પુણ્યશાળી ધર્મવાન કુટુંબમાં થાય છે. આ બધા પ્રસંગોમાં તમે નિર્લેપ રહી શક્યા એ જ પૂર્વ અને આ જન્મની કમાણી માનવી.

તમારો નિત્યક્રમ ચિંચણમાં ચાલુ થઈ ગયો હશે પ્રાર્થનામાં અવશ્ય જવું તે ઘણું બળ આપશે પછી ગૌશાળાની સફાઈ પતાવી નીકળી જવું. લી. માટલિયાના પ્રભુસ્મરણ-''

આમ માતુશ્રીની વિદાયનો પ્રસંગ પુરો થાય છે અત્યંત ભીડમાં પણ અસંગતાનો સફળ પ્રયોગ થયો. **ક્રમશ :**

## શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

ગાંધીજી એ અનેકવાર કહ્યું છે કે, તેમના જીવન પર ઊંડી છાપ પાડનાર ત્રણ પુરુષો - ટૉલસ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. પણ ટૉલસ્ટૉય અને રસ્કિન કરતાં પણ શ્રીમદે તેમના પર ઊંડી અસર કરી છે. શ્રીમદ્‌ના વાણી, આચાર, વિચારની ગાંધીજી પર એવી અસર ઊભી થઈ હતી કે, તેમણે ૩૬ વર્ષે રાત્રિભોજનનો ત્યાગ ર્ક્યો હતો. તેઓ ઉકાળેલું પાણી જ પીતા. જમતી વખતે માત્ર પાંચ વાનગીઓ ખાતા. તેથી જ વલ્લભભાઈએ એક વખત પ્રવચનમાં કહ્યું કે નખશિખ જૈન સાધુ જોવો હોય તો ગાંધીજીને જોઈ લ્યો.

શ્રીમદ્ પાસેથી ગાંધીજી સમય, શબ્દો અને ઈચ્છાનો સંયમ ઉપરાંત મૌનની વાણી અને વાણીનું મૌન, એમની જીવનચર્ચા અને લખાણો જોઈને પામ્યા. શ્રીમદ્‌ના સુંદર અક્ષરો જોઈ ગાંધીજીએ પોતાના ખરાબ અક્ષરો સુધારવાની ઘણી કોશિશ કરી, પણ પાકે ઘડે કાંઠા ચડે ? ગાંધીજી અને શ્રીમદ્‌ની લેખનશૈલીમાં જે મહત્વનું સામ્ય છે, તે ભાષાની મૃદુતા, સરળતા, ચોકસાઈ, સચોટતા અને અસરકારકતા. શ્રીમદે ૧૬મા વર્ષે રચેલી 'મોક્ષમાળા' વિશે લખ્યું છે કે, 'મોક્ષમાળાના પાઠ અમે માપી માપીને લખ્યા છે' ગાંધીજીએ 'ઈંડિયન ઓપિનિયન' માંના પોતાનાં લખાણો અંગે કંઈક આવી જ વાત કરી છે. તેમણે કહ્યું, 'એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોળ્યે લખ્યો હોય એવું મને યાદ નથી' ઈ.સ. ૧૯૦૧માં શ્રીમદનો દેહોત્સર્ગ થયો. ત્યારબાદ પચ્ચીસ વર્ષ પછી ૧૯૨૬માં ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' પ્રગટ થઈ. તેના બીજા ભાગના પ્રથમ પ્રકરણનું શીર્ષક છે : 'રાયચંદભાઈ'.

શ્રીમદ્‌ની જયંતી પ્રથમવાર અમદાવાદમાં ઉજવાઈ એ સમારંભના ગાંધીજી પ્રમુખ હતા. સમારંભના બીજે દિવસે પરોઢના ચાર વાગે ગાંધીજીએ શિવજીભાઈને શ્રીમદની રચના 'અપૂર્વ અવસર' ગાવા બોલાવ્યા શિવજીભાઈએ ખૂબ તન્મયતાથી ગાયું. ગાંધીજી પ્રસન્ન થયા. પછી વાતવાતમાં તેમણે શિવજીભાઈને કહ્યું, 'ભાઈ આજે જો જીવતા હોત તો મને રાજકારણમાં પડવા દેત નહી.' શ્રીમદ્‌ને ગાંધીજી 'ભાઈ' પણ કહેતા. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન' તેમને જેટલું પ્રિય હતું તેટલું જ 'અપૂર્વ અવસર' પણ એમનું મનગમતું હતું.

'અપૂર્વ અવસર' એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ;
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરીશું કવ મહત્ પુરુષને પંથ જો ?

તો આવો હતો બે અનન્ય સતપુરુષોનો સંયોગ.

**- નેમચંદ ગાલા, ('શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' માંથી સાભાર)**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૧૦મો

ચિંચણ સમાધિ કિનારે ૧ વરસના મૌન દરમિયાનની ડાયરી પાના નં.૭૦/૭૧/૭૨ માંથી તા.૨૩.૮.૯૬, ૦૦.૪૫ મીનીટ.

ગઈ કાલે સાંજે સમાધિમાં નિંદામણ સફાઈ કાર્ય કરતાં ચિંતનમાં એમ આવ્યું કે સમાધિસ્થળ અંદરની તરફ નકરું નિંદામણ જ ઉગેલ હતું. આ નિંદામણ ન તો પક્ષી ને ઉપયોગી હતું કે ન તો પશુઓને કે ન માનવોને. નિંદામણ વધારે હોય ત્યારે એમાં કોઈ બીજ રોપો તો નિંદામણના દબાણમાં એ બીજનો પુરેપુરો વિકાસ ન થાય, કાં બીજ નાશ પામે, કાં અલ્પ વિકસિત થઈને ફળ આપ્યા વગર બીજ નાશ પામે, એટલું જ નહી નિંદામણ કાઢ્યા પછી વાવણી કરીએ તો પણ વાવણી પછી ઉગેલું નિંદામણ કાઢતા રહેવું પડે છે. બીજ પુરેપુરુ ઉગી નીકળે તેમજ તેનો પુરેપુરો વિકાસ થાય અને ફળ આપે એટલા માટે નિંદામણ જે પણ થાય તે અવાર નવાર કાઢતા રહેવાની કાળજી રાખવી પડે છે. એક રીતે નિંદામણ થાય છે, અને તેને ખાતરમાં ફેરવી નાંખો તો નિંદામણ વરદાન છે.

અહિ સમાધિમાં સફાઈ કે નિંદામણ કાર્ય લગભગ પુરૂ થવા આવ્યું છે ત્યાર પછી તેમાં મેથી, બાજરી, મકાઈ, મુળાની વાવણી કરી છે અને નિંદામણ જે નીકળેલ છે તેને સમાધિની દિવાલોની લગોલગ પાથરી તેની ઉપર છાણનું પાણી બનાવીને છાંટીને તેની ઉપર માટી નાખી દેવામાં આવશે જેથી કેટલાક સમય પછી આ નિંદામણનું ખાતર બની જશે આમ નિંદામણ વરદાન બની જશે.

અનિષ્ટ તત્વો ભ્રષ્ટાચાર, ગુંડાગીરી, કાળાબજાર, બેકારી આ બધા જે છે એ નિંદામણ સમાન છે. સમાજમાં ચારે તરફ નિંદામણ જ નિંદામણ ઉગી નીકળ્યું હોય એવી હાલત થઈ ગઈ છે. આ નિંદામણ કાઢ્યા વગર સમાજમાં સારા કાર્યો થાય છે તે નિંદામણના દબાણમાં ઉગી નીકળતા નથી અને અલ્પ વિકસિત થઈ બીજો નાશ પામે છે. હજી પણ સારા માણસો છે, સારા કાર્યો છે પણ નિંદામણને વરદાનમાં પરિવર્તન કરે એ અસર એ હજી નિપજાવી શકયા નથી.

બીજની પણ એક વિશેષતા છે, એ શુધ્ધ બીજ હોય, સંશોધિત થયેલ હોય, પુરવાર થયેલું હોય એ જરૂરી છે. નબળા બીજનો નબળો પાક ઉતરે તેમ જે કાર્યોની પાછળ સ્પષ્ટ દિશા અને લક્ષ નથી હોતા તેમાંથી બહુ અલ્પ ફાયદો થાય છે. શુધ્ધ બીજને પણ યોગ્ય હવા, પાણી અને માવજત આપવામાં આવે તો જ ઉગે નહિતર એ શુધ્ધબીજ પણ ઉપયોગી ન નિવડે. ક્યારેક એ બીજ નાશ પણ પામી જાય.

અહિં સમાધિસ્થળ એ શુધ્ધ બીજ સમાન છે. સંતબાલજીએ એક બીજ વાવ્યું છે, એ શુધ્ધ છે, જીવંત છે, પુરવાર થયેલું બીજ છે પણ એને યોગ્ય માવજત નથી મળી એટલે અહિંનો વિકાસ નથી થયો. આ બીજમાં વિકાસની, પરિવર્તનની, ક્રાંતિની ભરપુર શક્યતાઓ પડેલી છે. પણ આ બીજ (સમાધિસ્થળ) તરફ કોઈનું લક્ષ જ નથી. એ ઉપેક્ષિત અવસ્થામાં પડ્યું છે અને નિંદામણ ઉગતું રહે છે એ સાફ કરવામાં પણ રસ નથી એથી બીજ એમ જ પડ્યું છે. ઈશ્વરની કૃપા છે કે આ બીજ હજી જીવંત રહ્યું છે.

સમાધિસ્થળ એ કેન્દ્ર છે, પાયો છે, આશ્રમની જમીન એનું પરિઘ છે. જ્યારે કેન્દ્રમાંથી વિકાસ શરૂ થશે ત્યારે એ સાચી દિશા અને લક્ષ તરફ દોરી જશે. ખાલી પરિઘનો વિકાસ કરવામાં આવશે અને સમાધિસ્થળ ઉપેક્ષિત રહેશે તો એ પાયા વિનાના ઘર સમાન થશે.

ગાંધીજી સફળ થયા એટલા માટે કે એણે નિંદામણને વરદાનમાં પલટી નાંખેલ. સમાજના બુધ્ધિજીવી, ખેડુતો, હરિજનો, સ્રી, પુરુષ, બાળકો બધાને લગભગ પરિવર્તનના કાર્યમાં લગાડી દીધા. ગાંધીજી પાસે શુધ્ધ બીજ હતું અને એને યોગ્ય માવજત, હવા, પાણી વિ. આપવાનું તેણે કાર્ય શરૂ કર્યું પણ એ પરિપક્વ થઈને ફળ આપે એ પહેલા ગાંધી ચાલ્યા ગયા. અને પાછળના એની યોગ્ય માવજત ન કરી શક્યા અને નિંદામણ ઉગતું જ રહ્યું, ઉગતું જ રહ્યું. પણ સંતબાલ જેવા સંતોએ બીજને પારખી શક્યા અને એ બીજ નાશ ન પામે, કમસેકમ, એટલી એનાથી શક્ય માવજત કરીને આ બીજને સાચવી રાખ્યું છે. હજી આવા બીજ ઘણે ઠેકાણે પડેલા છે એમાંનું કેટલુંક બીયારણ અહિં પણ છે. એ બીજ છે સમાધિસ્થળમાં એને ઓળખીએ, જાણીએ, નિંદામણનું કાર્ય શરૂ કરીએ. બહુ કષ્ટદાયક હોય છે નિંદામણનું કાર્ય. પ્રસવની પીડા પછી પ્રાપ્તિનો આનંદ પણ હોય છે એટલા માટે જ માતાઓ આ પ્રસવ પીડા ભોગવે છે.

ખૈરનારની લડાઈ એ પણ નિંદામણ સામેની લડાઈ છે. એ લડાઈથી ફાયદો જરૂર થયો છે પણ યોગ્ય દિશા અને લક્ષ ન હોવાથી જે ફળ મળવું જોઈતું હતું તે ન મળી શક્યું. પત્રકારોને તેની પસ્તી વેચવામાં રસ હોય છે. એ વધારે કેમ વેચાય એમાં રસ હોય છે અને એ માટે કોઈને ને કોઈને પ્યાદુ બનાવી દે છે અને પ્યાદા ને પણ આનંદ આવે છે એમ ખૈરનાર એ પ્યાદુ બની ગયા. ખૈરનાર પાસે ત્યાર પછીની દિશા અને માર્ગ ન હતા, શુધ્ધ બીજ ન હોતું. નિંદામણની સફાઈ વગર એણે બી વાવવાનો પ્રયત્ન કર્યો. રાજકારણીઓએ, બુધ્ધિજીવીઓએ, પત્રકારોએ ખૈરનારને પ્યાદુ બનાવીને પોત પોતાની મહત્વાકાંક્ષા ને પોષવામાં ઉપયોગ કર્યો. ધીમે ધીમે એ લોકો જ ખૈરનારને ઉપેક્ષિત કરતા રહ્યા ખૈરનારની લડાઈ હજી ચાલુ છે, પણ એ હજી દિશા અને માર્ગની શોધમાં છે. દશા અને લક્ષ સ્પષ્ટ હોત તો આ બધા બુધ્ધિ જીવીઓ, પત્રકારો, સમાજ પરિવર્તનની દિશામાં એક મોટું પરિબળ બની જાત.

નકારાત્મક વલણથી નહી, વિધેયાત્મક કાર્યથી પરિવર્તન થાય છે એ ક્યારેય ન ભૂલીએ. નિંદામણ નિંદામણ જ છે. એનાથી ડરવાની જરૂર નથી. નાંગર ફરે ત્યાં જ અડધું નિંદામણ નાશ પામે છે. બાકીનું પછી મળીને સાફ કરવાનું હોય છે. જાગૃત રહીને નિંદામણ સાફ કરતા રહેવું પડે છે. ખૈરનાર હજી અસ્પષ્ટ છે, સ્પષ્ટતા માટે એમણે સંતબાલે સાચવી રાખેલ શુધ્ધ બીજનું અધ્યયન, મનન અને ચિંતન કરવું જરૂરી છે એથી દિશા સ્પષ્ટ થશે. ખૈરનારને આજના કાળની જરૂરિયાત પ્રમાણે યોગ્ય દિશા એમાંથી મળશે. આપણે સહુ નિંદામણ સફાઈ કાર્યમાં જોડાઈ જઈને સાથ સહકાર આપીએ એ ભાવના પ્રાર્થના છે. (સવારે ૨.૦૯ મીનીટે) **૨૩.૮.૯૬ ૦.૩.૨૦ મીનીટ**

આ લખાણ પછી દરિયા પર ફરવા ગયો. પવન શાંત હતો. હવા એકદમ પડી ગઈ હતી, ચંદ્રમાં ઘનઘોર આકાશમાં છુપાઈ ગયો હોવાથી સુદ હોવા છતા, પ્રચંડ અંધકાર ચારે તરફ નજરે પડતો હતો. પણ આ અંધકારમાં દીવાદાંડીની લાઈટ ઘુમતી રહીને ચારે તરફ પ્રકાશના લીસોટા અવિરત ફેંકતી રહી હતી. આમ સત્પુરુષો એ દીવા દાંડીની લાઈટ સમાન છે. પ્રચંડ અંધકારમાં પણ એમની લાઈટ ચારે દિશામાં સતત ફરતી જ હોય છે. પણ એ પ્રકાશને પામવાને, જોવાને નિર્મળ દ્રષ્ટિ અને શુધ્ધ અંતકરણ જોઈએ. આ સમાધિ એવી જ દીવા દાંડીની લાઈટ છે. પ્રકાશ કોઈને દેખાતો નથી એ આશ્ચર્ય છે.

ક્યારેય આ પૃથ્વી સત્પુરુષો વિહોણી હોતી નથી એનો અર્થ એ થયો કે આ દિવ્ય પ્રકાશ ચારે તરફ ફેલાતો રહે છે. છતાં આ પ્રચંડ અંધકાર કેમ? કેમ આ પ્રકાશની નાની એવી ઝલક પણ નજરે નથી પડતી? ૩.૩૦ પુરા.

## ડાયરી પાનુ ૧૨૯ /૧૩૦

**જ્ઞાની પુરુષના વચનનો દ્રઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે. શ્રીમદ્જી**

૬.૧.૯૭ સવારે ૦૪/૩૨.

ગઈ કાલે મૌન અને સાધનાને એક વરસ પુરૂ થયું. સમય કેટલા ઝડપથી પુરો થાય છે. લાગે છે જાણે હજી એક જ દિવસ થયો છે.

આ વખતની સાધના વાયુવેગ ચાલી સાધનાની કસોટી માટે કેટલાક પ્રસંગો પણ આવ્યા. સત્ય અને અહિંસાનો પ્રયોગ કરવાનો નિર્ધાર પનવેલ ફાર્મમાં થયો અને એનો અમલ અહીં ધર્મધરા ચિંચણમાં થયો

શ્વાનના પ્રસંગે અહિંસાની કસોટી થઈ.
એકરાર નામું કરીને સત્યની કસોટી થઈ.
શ્વાન પ્રત્યે પ્રેમ રહ્યો.
સંતોષના પ્રસંગથી ક્ષમાની કસોટી થઈ.
સંતોષના બીજા પ્રસંગથી પ્રેમની કસોટી થઈ.

માતુશ્રી તથા માટલિયાજીના અવસાન પ્રસંગે શાંતિ-સમતા-સમાધિ અવિચળ રહી એ સમતાની કસોટી બની.

મૌનમાં પનવેલમાં એકાદ બેવાર બોલાઈ ગયેલ. મૌનમાં ચિંચણમાં ક્યારેય ક્ષતિ ન થઈ, ન કોઈ વિક્ષેપ થયો.

તત્વનો ક્યારેય ફરી શકે નહી તેવો દ્રઢ નિર્ણય થયો. કૃપાળુ દેવ પ્રત્યે સર્વ સમર્પણ ભાવનો નિશ્ચય થયો. અંશે સમર્પણ તો હતું પણ એટલું પુરતું નથી. સંપૂર્ણ શરણાગત નિર્ણય જ કાર્યને યથાયોગ્ય ન્યાય આપી શકે, સર્વ સંશયથી મુક્તિ થઈ કાર્યની સ્પષ્ટ દિશા અને માર્ગ મળ્યા, હવે પછીના કાર્યની સ્પષ્ટ રૂપરેખા મળી.

ઈશ્વરે જ્યારે જ્યારે જેવી જેવી જરૂર હતી તેવા સંયોગો સમયે સમયે તુરત જ પુરા પાડ્યા. યથાયોગ્ય સમયે યથાયોગ્ય સાહિત્ય ઉઘડતા દ્વાર અંતરના પુસ્તક મળ્યું. યથાયોગ્ય સમયે દુલેરાય માટલિયા જેવા સહાયક મળ્યા. નિસર્ગ પ્રત્યે દ્રઢ શ્રધ્ધા થાય એવા પ્રસંગો બન્યા જેણે નિસર્ગ પ્રત્યે દ્રઢ શ્રધ્ધાનો નિશ્ચય કરાવ્યો.

કુદરતની અકળ લીલા ને સમજવી મુશ્કેલ છે. એના કાર્યોની મુલવણીમાં આપણે હંમેશા ઉણા જ ઉતરવાના. નિસર્ગના શરણે રહેવામાં અને નિસર્ગને સહયોગી બનાવીને રહેવામાં જ આપણું કલ્યાણ છે, હિત છે.

ગુરૂ એક અદભૂત અને અલૌકિક વસ્તુ છે. એમના માધ્યમ વગર કે એમની કૃપા વગર કંઈ જ શક્ય નથી. આત્મજ્ઞાની ગુરૂ વિના નિવેડો નથી. આત્મજ્ઞાની ગુરૂનો આશ્રય મળ્યો એ જ સર્વશ્રેષ્ઠ કાર્ય થયું. એમની કૃપાને પાત્ર થયા એ મહાભાગ્ય. પત્ર ૧૯૪માં કૃપાળુ દેવ લખે છે, ''મુમુક્ષુ જેના ચરણારવિંદ સેવે છે તેની દશાને પામે છે.'' અહી તો એના કરતા સવાયું પ્રાપ્ત કરાવ્યું એ એમની કૃપાનો જ મહિમા છે. આ એક અદ્ભૂત બનાવ છે આ સદીનો નથી કોઈ સિધ્ધિ, નથી કોઈ ચમત્કાર નથી અલ્પમાત્ર શાસ્રજ્ઞાન છતાં અનુભવ થયો છે, ગ્રંથિભેદ થયો છે, આત્મ સાક્ષાત્કાર છે તે ત્રણે કાળે સત્યવાત છે.

અધ્યાત્મ પાસે વિજ્ઞાન બાળક સમાન છે, એ અનુભવે સમજાય છે. જે ટોચ પર અધ્યાત્મ પહોંચેલ છે એ ટોચ પર વિજ્ઞાનને પહોંચવા અનંત કાળ પ્રયત્ન કરે તો પણ ક્યારેય એ અધ્યાત્મની ટોંચે પહોંચી શકે નહી એવું પરમ માહાત્મ્ય અને રહસ્ય અધ્યાત્મનું છે. એ રહસ્ય ફક્ત અનુભવીઓ જ અનુભવી શકે છે.

૧૯૮૧ના અકસ્માત પછી જે અંતર મનોમંથન ચાલુ થયેલ તે આજે વિરામને પામે છે. એ શા માટે અકસ્માત થયો એની પાછળની ભૂમિકા આજે સ્પષ્ટ સમજાય છે.

આ આર્યભૂમિની જ આ વિશેષતા છે. આવો બનાવ આર્યભૂમિમાં જ શક્ય છે. એક પછી એક સમ્યક્ નિર્ણયો થતા જાય છે અને પેલા જેમ નિર્ણય થયા પછી અમલ માટે સમય વ્યતીત થતો હતો તેમ ન થતા નિર્ણય થયો એ ક્ષણથી જ જાણે અમલ શરૂ થઈ જાય છે એવું સ્પષ્ટ દર્શન થયું. ઉતાવળ અલ્પ માત્ર નથી પૂર્ણ ધીરજ છે, પૂર્ણ સમતા છે, પૂર્ણ શાંતિ છે, પૂર્ણ સમાધિ છે, કોઈ પણ બનાવ કે પરિસ્થિતિ આમાં હવે વિક્ષેપ પાડી શકે નહી એમ નમ્ર ભાવે હવે લાગે છે, આ માં જે કંઈ વિશેષતા છે, કૃપા છે, મહતા છે, તે સત્પુરુષની જ છે. કૃપાળુદેવની જ છે, આપણે તો નિમિત માત્ર છીએ.

અહો! અહો! શ્રી સદ્ગુરૂ, કરૂણા સિંધુ અપાર,
આ પામર પર કર્યો, અહો! અહો! ઉપકાર

એમના જ શબ્દોથી એમને ભાવાંજલિ અર્પણ કરું બીજુ પોતાનું મૌલિક તો કંઈ નથી. જે ઉપકાર થયો છે કૃપાળુદેવનો એ ઋણ ક્યારેય ફેડી શકાય નહી તેમ છે. શબ્દોમાંએ પ્રદર્શિત કરવું શક્ય નથી થાય.

''સત્ય ધર્મનો ઉધ્ધાર થશે અવશ્ય આ દેહથી'' આ તેમની છેલ્લી ઈચ્છા હતી. જો ઈશ્વરકૃપા કરે અને તેમની ઈચ્છા હોય તો આ સ્વપ્ન ચરિતાર્થ કરવામાં ઈશ્વર નિમિત બનાવે એ સિવાય કોઈ જ ઈચ્છા નથી. મોક્ષની પણ ઈચ્છા નથી. એમના ચરણકમળમાં જે આશ્રય મળ્યો છે એ પુરતું છે. અન્યની ન ઈચ્છા છે, ન અપેક્ષા છે, ન આશા છે. આ અર્થે આટલો નિર્ણય થયો છે.

૧. જગત આખાના શિષ્ય થઈને રહેવું પણ ક્યારેય આ જન્મમાં કોઈને પણ શિષ્ય ન કરવો કે ન કોઈના ગુરૂ થવું.
૨. પરિગ્રહ માત્રનો ત્યાગ કરવો.
૩. ઉદય પ્રમાણે વર્તવું અને સમતા રાખવી.

આજનો ઉદય છે સર્વસંગ ત્યાગી થઈને (સર્વસંગ પરિત્યાગ નહીં) સ્થિર થઈને બેસવું અને ખેતી કરવી. આ ખેતી પૂર્ણ અહિંસક હોય આ સ્થિરવાસમાં ખેતી સાથે શ્રમ, સાદાઈ, સફાઈ, સ્વયંપાક, સેવા અને સાથે સ્વાધ્યાય ભક્તિ.

આજે તો ''એકલો જાને રે'' એવી સ્થિતિ છે પણ આ અને હવે પછીના કાળમાં ક્યારેય એકલો નહી હોઉં. કૃપાળુદેવનો સંગ અવિચળ થયો છે અને રહેશે એટલે અસંગદશા પૂર્ણ થઈ હવે તેમના સંગમાં જ રહેવાનું થયું છે.

ભારત અને વિશ્વશાંતિનો ઉકેલ ખેતી, ગાય, બળદ અને આયુર્વેદ આ ત્રણમાં રહેલો છે ભારતના તમામ પ્રશ્નો આનાથી હલ થઈ શકે તેમ છે એ અંગે હવે પછીનું જીવન હશે.

લક્ષ્ય છે વિશ્વશાંતિ

**ૐ શાંતિ : શાંતિ : શાંતિ**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૧૧મો

જુન ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ માં દસ ભાગ પ્રગટ થયા હતા.

હમણા જ ૫.૧૧.૧૭ ના એક ઘટનાએ આકાર લીધો છે એની પૂર્વ ભૂમિકા રૂપે કેટલીક વિગત છે તેથી આ સીરીઝ પાછી શરૂ થાય છે.

દસમા ભાગમાં ૬.૧.૯૬ થી ૫.૧.૯૭ એક વરસનું મૌન રાખેલ, મૌન શરૂ થયેલ પનવેલ પાંજરાપોલમાં, પણ ચાર્તુમાસ સાથે પુરૂ થયેલ અહિં ધર્મધરા ચિંચણીમાં છેલ્લે લખેલ છે. ''આજનો ઉદય છે સર્વસંગ ત્યાગી થઈને (સર્વસંગ પરિત્યાગ નહીં) સ્થિર થઈને બેસવું અને અહિંસક ખેતી કરવી.''

આજે ૨૦૧૭માં સમજાય છે કે સ્થિર બેસવું અને ખેતી કરવી એ બે ઘોડા પર સવારીની વાત હતી.

ફરી ૧૯૯૭ નું ચાર્તુમાસ ધર્મધરા ચિંચણી મહાવીર નગર સમાધિ સ્થળે થયેલ. એ સમયે પૂ. બાપજી તથા પૂ. તરૂલતાબાઈ મ.સ.નુ ચાર્તુમાસ પણ આશ્રમમાં હતું. અમે મૌન સાથે નિયમ રાખેલ કે બે એકરની જગ્યામાં જ રહેવું અને ભોજનનું ઈશ્વર ગોઠવશે. જો કે પછી એક ભાવદિક્ષીત બીનાબેન મહાસતીજી સાથે રહેતા હતા તેમના રસોડેથી રોજ ટીફીન આવતું. અહિં ચાર્તુમાસ સાથે નવ ઉપવાસ કરેલા. એક વખત મોરારીબાપુ પણ આશ્રમમાં આવી રાત રોકાયેલા તો પણ અમે નિયમ તોડીને આશ્રમમાં નહોતા ગયા. પણ મોરારીબાપુ સવારે સમાધિ સ્થળે આવેલા અને અમારી કુટીરમાં પગલા પણ કરેલા.

આ મૌનમાં એક નિર્ણય થયેલો કે હવે કશું જ કરવું નથી અને અહિં જ રહેવું છે. મહાસતીજી તો વિહાર કરી જવાના હતા. પછી ભોજનનું કેમ થશે એ ચિંતા મહાસતીજી અને વનિતાબેનને પણ હતી. પણ છેલ્લા સમયમાં અમને અવાજ આવ્યો ''મીરાબેનને ગુરૂ માનો અને એ કહે એમ કરો''. બીજે જ દિવસે આશ્રમમાં જઈ મીરાબેનને ત્રણ વંદના કરી એમની આજ્ઞા માંગી. એ કહે ''અહિંથી વિદાય લો અને ઘરે જાવ.'' અમારે તો આ ગુરૂઆજ્ઞા જ હતી. એટલે જવાની તૈયારી શરૂ કરી. પૈસા ત્યારે પણ પાસે નહોતા રાખતા. કેમ જવું ? મીરાબેન કહે, ''પૈસા નથી તો મજુરી કરો અને જાવ.''

બીજે દિવસે મણીભાઈને કહી મજુરી કરી અને રૂ.૨૫ મજુરીના મળ્યા. આટલી રકમ મલાડ સુધી પહોંચવા માટે પુરતી હતી. પણ સામાનમાં ત્રણેક મોટા થેલા પુસ્તકો વિ. હતું. કેમ થશે એ થોડી ચિંતા હતી પણ અહિં એક ઘટના ઘટી.

પૂ. જ્ઞાનચંદ્રજીના ભક્તો સાણંદથી ગાડી લઈ મુંબઈ જવા નીકળેલ. પૂ. મહારાજશ્રીએ કીધેલ કે મુંબઈ જતા પહેલા પ્રથમ ચિંચણ દર્શન કરીને આગળ જશો. એટલે એ અહિં આવ્યા. સવારે પ્રભાબેન આવ્યા અને કહે ગાડી મુંબઈ જાય છે તમારે જવું હોય તો તૈયાર થઈ જાવ. અમે ઝટપટ બધી તૈયારી કરી લીધી. અમારું મૌન-છેલ્લો અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) ચાલુ હતો. અમે તો આશ્ચર્યથી અભિભૂત થઈ ગયા. ઈશ્વર કેટલો બધો ખ્યાલ રાખે છે ભક્તોનો, તેનો અદ્ભૂત અનુભવ થયો. સમાધિથી બેસાડી મલાડના ઘરના દરવાજા સુધી આવીને મુકી ગયા. શ્રમના મળેલા રૂ.૨૫ એ ફાળો કરવા નીકળેલા તેમાં આપી દીધા.

૧૯૯૮ થી ૨૦૦૩ સુધી બે જૈન સંસ્થામાં નોકરી કરી. પગાર તો ઓછો હતો પણ સમ્યક્ આજીવિકા તો સંસ્થાથી જ મળે. કંઈ ખોટું બોલવું ન પડે, કંઈ ખોટું લખવું ન પડે, સંસ્થા કંઈક પૂણ્યપ્રવૃત્તિઓ પણ કરતી જ હોય છે. એ દરમ્યાન મોટો પુત્ર કામે લાગી ગયો હતો. એના પગારમાં ઘર ચાલતું હતું. નિરાંત એ હતી કે આ વરસોમાં અમારો નોકરીનો સમય હંમેશા ૯ થી ૧ નો રહેતો. ત્યાર પછીનો સમય દેવનાર ગોરક્ષા સત્યાગ્રહ કે વિશ્વશાંતિના કાર્યોમાં જ જતો. લક્ષ તો હંમેશા સ્પષ્ટ જ રહેલ. ધીમે પણ યાત્રા હંમેશા સાચી દિશામાં રહી છે.

૧૯૯૯માં બેબીના અત્યંત સુખી અને સંતોષી કુંટુંબમાં લગ્ન થયા. લગ્નમાં લાખેક રૂપિયા બેંગલોરના સજ્જન મુમુક્ષુ કિશોરભાઈ જૈને આપેલા.

બધું છોડી દેવાના ભણકારા તો ચાલુ જ હતા. એ દ્રષ્ટિએ ૨૦૦૩માં નોકરીમાંથી રાજીનામું આપ્યું. પણ દશાશ્રીમાળી નગર રીડેવલપમેન્ટનું કાર્ય અધુરૂં હતું તેમાં અમારી હાજરી જરૂરી લાગેલ તેથી વગર પગારે પણ બે વરસ એમાં સેવા આપી. ૨૦૦૫માં આ પ્રોજેક્ટમાં અમારી બે રૂમની સામે અમને બે બ્લોક મળ્યા.

૨૦૦૬માં ઘરેથી વિદાય લઈ - મૌન ચાર્તુમાસ-શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - ઘંટીયા પહાડ, નીચે ચંદ્રપ્રભુ દેરાસરની નીચે ગુફા છે તેમાં થયું. અહિં એક નિર્ણય થયો કે સર્વસંગ પરિત્યાગ એટલે કે દીક્ષા લેવી.

દીક્ષા તો કોઈ આત્મજ્ઞાનીની નિશ્રામાં જ લેવાય એટલી સ્પષ્ટતા હતી જ. પ્રયત્ન તો ક્ર્યો પણ અવસર ન આવ્યો. ૨૦૦૭ નું ચાર્તુમાસ નર્મદા કિનારે મુનિશ્રી સંતબાલજીએ જ્યાં એક વરસનું કાષ્ટમૌન રાખેલ તે જ જગ્યામાં થયું. રોજ ગામમાંથી ગોચરી પાણી એકવાર લઈ આવતા. એ પછી ૨૮૦૦ કિ.મી. ની નર્મદા પરિક્રમા થઈ,

અકિંચન, અપરિગ્રહ, પાદવિહાર ભિક્ષા-ગોચરીના નિયમો પાળીને આ પરિક્રમા થયેલ. આમ પ્રથમવાર ઘરથી દૂર તેરેક મહિના રહેવાનું બન્યું ફરી પરિક્રમા પછી મે ૨૦૦૮ માં બંને પૂત્રોના લગ્નનું કર્તવ્ય બાકી હતું તેથી પાછા ઘરે આવ્યા. મોટા પૂત્રના ડિસે.૨૦૦૮માં અને નાનાના મે ૨૦૦૯ માં લગ્ન થઈ ગયા. અને જુન ૨૦૦૯ થી મૌન ચાર્તુમાસ સફાલા પાસે દહીંસર ગામમાં કાંતીભાઈ-સન્યાસીનું ફાર્મ હાઉસ હતું તેમાં થયું કાંતીભાઈ આજીવન બ્રહ્મચારી છે અને વિધિવત જંગલી મહારાજ પાસે એમણે સન્યાસ ગ્રહણ કરેલ છે. નર્મદા પરિક્રમામાં એમનો મેળાપ થયેલ અને આજ સુધી એ સંબંધ જળવાઈ રહ્યો છે. કાંતીભાઈ સ્વયં અમારા ભોજનપાણી બનાવતા અને અમે ત્યાં ગોચરી કરીને રૂમમાં વાપરતા. એક સન્યાસીએ શ્રાવકની અત્યંત ભાવપૂર્વક સેવા કરેલી.

અહિં નિર્ણય થયો કે હવે ઘરે નથી જવું. અને વેશ પરિવર્તન-હાથે લોચ કરીને નવે.૨૦૦૯થી દીક્ષા વગર દીક્ષા જેવું જીવન શરૂ થયું સફાલા દહીંસરથી પાદવિહાર-ગોચરી-અપરિગ્રહ-પ્રાયઃ સાધુના બધા જ નિયમો પાળતા યાત્રા શરૂ થઈ. ૨૦૧૦ તથા ૨૦૧૨ નું ચાર્તુમાસ પૂ. મુનિશ્રી સંતબાલજીની 'વિશ્વવાત્સલ્ય' સંસ્થાની જગ્યા હઠીસિંગ વાડીમાં ખાલી પડેલ હતી તેમાં થયા. શહેરની વચ્ચે છતાં અહિ લાઈટ-પાણીની વ્યવસ્થા નહોતી. વાપરવાનું નીચે નળમાંથી અને પીવાનું ગરમ પાણી દેરાસરમાંથી લાવતા. આજુબાજુ જૈનોના ઘર તો ઘણા છે તેથી ગોચરી ત્યાંથી અને ક્યારેક દેરાસરમાંથી પણ લાવવાનું થતું. આ વિશ્વવાત્સલ્યની જગ્યાની, ભલે એ અત્યંત જુનું સગવડ વગરનું મકાન હતું પણ વિશેષતા એ હતી કે આ મકાનમાં ક્યારેક મુનિશ્રી સંતબાલજી, પૂ. રવિશંકર મહારાજ, પૂ. વિમલાબેન ઠકાર અને માટલિયા જેવા પવિત્ર પુરુષોએ અહિં નિવાસ કરેલો. એટલે સહજ ચાર્જવાળુ મકાન હતું.

૨૦૧૨માં ડો. ધનવંત શાહે અમારા વિષે નવ પાનાનો તંત્રી લેખ ''શાંતિનું સરનામું'' એ હેડીંગમાં પ્રબુધ્ધ જીવનમાં છાપેલ તેથી કેટલાક મુમુક્ષુઓએ મળવા પ્રયત્ન કરેલ પણ ઘણા તો આવા મકાનમાં કોઈ રહે જ નહી માની મળ્યા વગર પાછા ગયેલા. ૨૦૧૧નું ચાર્તુમાસ ભાવનગર મહાજન ગૌશાળામાં થયેલ.

આ દીક્ષા જેવા જીવનમાં એક ખટકો રહેતો હતો કે આપણે શાસ્ત્ર વિરુધ્ધ તો જીવન નથી જીવતા ને? વિધિવત દીક્ષા વગર ગોચરી પાણી તે દોષ તો નથી ને? શ્રીમદ્જીએ લખેલ પણ છે કે શ્રાવકે વિધિવત દીક્ષા વગર ભિક્ષા ન લેવી જોઈએ.

૨૦૧૨ માં મોરારી બાપુની કથા કર્ણાવતી કલબ અમદાવાદમાં હતી. આઠે દિવસ તેમાં હાજરી આપેલ. પૂ. અધ્યાત્માનંદજીનો આશ્રમ રામનગરમાં હતો તે કર્ણાવતીથી નજીક હતો તેથી દસેક દિવસ ત્યાં રહીને કથા માણી હતી. મોરારી બાપુને રૂબરૂ મળવાનું પણ થયેલ એક પત્ર પણ આપેલ. પણ એ ભીડમાં બીજી કશી વાત થવાની શક્યતા નહોતી. કથાની ફળશ્રુતિ એ રહી કે સ્પષ્ટ સમજાયું કે આ જગતમાં પ્રસિધ્ધિ એ સૌથી મોટી સજા છે. આપણે અપ્રસિધ્ધ રહ્યા છીએ એ જ આપણી સિધ્ધિ-આનંદ.

૨૦૧૨માં જે થોડો ખટકો હતો કે ભિક્ષા ગોચરી દોષ છે તેથી ૨૦૧૩ જાન્યુ.થી પાદવિહાર કરી ફરી નર્મદાકિનારે રણાપુર ગામમાં નિવાસ શરૂ થયો. અહિં સ્વયંપાકી જીવન શરૂ થયું. મકાન સાવ ભાંગી જાય તેમ હતું. ચાર્તુમાસ ત્યાં થઈ શકે તેમ નહોતું. એક મિત્રએ કહ્યું ખર્ચ અમે આપશું, હવે ફરાફર ન કરો, એક ઠેકાણે બેસો. એની તૈયારી શરૂ કરી. પંચાયતે પણ વગર પરમીશને બાંધવાની છુટી આપી. ત્યાંજ અવાજ આવ્યો ''તારે તારું કોઈ સ્થાન બનાવવું નહી.'' અને એ મુલ્તવી રહ્યું.

એક બાલિકા આશ્રમ રણાપુરમાં જ થયેલ પણ બંધ પડેલ હતો. એક દિવસ એના સન્યાસીની માતાજી તે આશ્રમની ઉડતી મુલાકાતે આવેલા. અમને જોયા કહે આ ખખડધજ મકાનને બદલે અમારી આશ્રમની જગ્યા ખાલી છે તેમાં રહોને! અને સહજ આ આશ્રમમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. અહિં લાઈટ- પાણી મીટર, ઓસરી, ફળીયું સંડાસ બાથરૂમ સાથે બે રૂમ અલગ મોટું રસોઈઘર એમ સરસ વ્યવસ્થાવાળી જગ્યા સહજ મળી ગઈ. વિશેષતા એ હતી કે સાવ નર્મદાના કિનારે જ ચોવીસ કલાક એક તરફ માલસર અને બીજી તરફ નારેશ્વર સુધી નર્મદામૈયાના દર્શન થાય એવી શ્રેષ્ઠ જગ્યા મળી. ઈશ્વરની કેટલી બધી અમારા પર કૃપા છે એના સતત અનુભવો આ યાત્રામાં ઘણીવાર થયા છે.

જાન્યુ.૨૦૧૩ થી ઓગસ્ટ ૨૦૧૪ એમ વીસેક મહિના અહિં રહેવાનું થયું. અહિં ગોચરી ન કરતા સ્વયંપાકી થયેલા. ૨૦૧૪માં માતાજીએ જગ્યા ખાલી કરવાની વાત કરી. બીજે જ દિવસે ફોન કરીને કહ્યું જગ્યા ખાલી છે આવીને ચાવી લઈ જાવ. અઠવાડિયા સુધી રહો અમે આવીએ પછી જજો. એ દરમ્યાન ઓગસ્ટ ૨૦૧૪ પર્યુષણ વ્યાખ્યાન માળામાં અમારું વ્યાખ્યાન ''મોક્ષ હથેળીમાં છે'' એ વિષય પર ડો. ધનવંતભાઈ શાહે ગોઠવેલ તેમાં મુંબઈ આવવાનું થયું. મુંબઈ આવવાનું વાહનમાં જ થયેલ. ફરી ઘરે આવ્યા. શ્રાવકના વેશમાં ફરી આવ્યા. ''ક્યારે થઈશું

બાહ્યાંતર નિગ્રંથ'' એ ભણકારો તો હમેશાં રહેતો જ અને આજે પણ રહ્યો જ છે. ફરી ૨૦૧૫ થી ગોરક્ષાપાત્ર માસિક શરૂ થયું. આમ લગભગ ૬૧ મહિના ઘરથી બહાર રહેવાનું થયું.

અમારા કંપાઉન્ડમાંજ_સ્થાનકવાસી જૈન ઉપાશ્રય છે. રોજ સવાર સાંજ પ્રતિક્રમણ પ્રાર્થના ત્યાં કરવાનું થતું અને એ નિમિતે સાધુ સાધ્વીના દર્શનનો લાભ પણ મળતો. એમજ ૨૦૧૬ના ચાર્તુમાસમાં વિધિવત ઉપાશ્રયમાં જ બ્રહ્મચર્યવ્રતના પચ્ચખાણ-(પ્રતિજ્ઞા) કર્યા. આનાથી કામ જીતાયો છે એ દાવો નથી પણ વિધિવત સમાજની સાક્ષીએ વ્રત પચ્ચખાણ જરૂરી છે એ સમજાયું અને નિર્ણય થયો કે હવે મુંબઈ છોડી દેવું છે. મુંબઈ નજીક હોય તો સારું એટલું મનમાં હતું. એક પારસીબાબાનો આશ્રમ વસઈ પાસે વજેશ્વરી જતા મેઢા ગામમાં છે. બે વાર ત્યાં રહી આવ્યો રહેવાની અનુમતિ મળી ત્યાં અવાજ આવ્યો અહિં નહીં, ચિંચણ મહાવીર નગર જાવ.

બે વરસ પહેલા નર્મદાથી પાછા આવ્યો ત્યારે ચિંચણમાં રહેવાની રજા માંગેલ. ઈરાદો હતો કે ગૌશાળા-ખેતીનું કાર્ય કરશું પણ કંઈ જવાબ ન મળેલ. અવાજ હતો કે ''કશું જ કરવું નથી'' છતાં ભૂલ કરવા જઈ રહ્યા હતા. તેથી જ અનુમતિ મળેલ નહીં. આ છે ગુરૂકૃપા-આપણે ભૂલ કરી રહ્યા છીએ એ ગુરૂ જાણે છે અને કોઈને કોઈ રીતે બચાવી લે છે. આમ તો અમારા પર ગુરૂના ચારે હાથ હંમેશા રહેલા છે. ભૂલ કરતા કરતા પણ ભવભ્રમણમાંથી તારી દીધા છે અમને.

આ વખતે ૨૦૧૭માં ''કશું જ કરશું નહીં'' આશ્રમની કોઈ ચાલતી પ્રવૃતિમાં પણ ભાગ નહી લઈએ માત્ર સમાધિ સ્થાને બેસશું અને ભોજન-પ્રાર્થના માટે જ આશ્રમમાં જશું આમ સ્પષ્ટ વાત સાથે પ્રમુખશ્રી પાસે અનુમતિ માંગેલ અને સહજ અઠવાડિયામાં જ પ્રમુખશ્રીએ સહમતિ આપી અને એમ એપ્રિલ ૨૦૧૭ થી સમાધિ સ્થળે સાધના શરૂ થઈ.

૨૦૦૬ નો દીક્ષાનો નિર્ણય અને ૨૦૧૭ એટલે કે ૧૧ વરસમાં છ થી વધારે વરસ તો વગર દીક્ષાએ દીક્ષા જેવું જીવ્યા. એ ભણકારાઓ અમને ક્યારેય સુવા નથી દીધા અને સતત ભણકારાએ જ ૫.૧૧.૧૭ ના થોડો વિધિવત આકાર મળ્યો છે એની વાત આવતા અંકમાં. સહજ ઉલ્લેખ સહ સંપાદકે અલગથી આજ અંકમાં કર્યો છે. પણ વિગતવાર આવતા અંકમાં. **ક્રમશ:**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

# યાદગાર સંભારણું

મહારાષ્ટ્રમાં આવેલું ચીંચણ, જ્યાં પૃથ્વી અને દરિયાના બે છેડા મળે છે. એ સંગમભૂમિ ઉપર આવેલ આંતરરાષ્ટ્રીય મહાવીર કેન્દ્ર, મુનિશ્રી સંતબાલજીની કર્મભૂમિ રહી છે અને તેમની સમાધિભૂમિ પણ બની છે. ભૂતકાલના આ સંભારણાં સાથે તા.૫.૧૧.૨૦૧૭ નો દિવસ એક નવું સંભારણું લઈને સ્મરણીય-યાદગાર બની ગયો છે.

'ગોરક્ષા પાત્ર' નામના માસિક પત્રિકાના પ્રકાશક અને સંપાદક, મુમુક્ષુશ્રી રમેશભાઈ એસ. દોશીની આધ્યાત્મિક યાત્રા આગળ વધતાં તેમણે આજે સંયમ પંથે પ્રયાણ કર્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રજીના વચનોનો આ પ્રભાવ હતો. એટલે જ ગુરૂપદે શ્રીમદ્‌ને જ બિરાજમાન કરીને શ્રી રમેશભાઈએ મુનિવેશમાં જીવનને રૂપાંતરિત કર્યું..

આ પ્રસંગના સાક્ષી તરીકે પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ.સા. અમારા ખાસ નિમંત્રણથી ઉમરગામ (વેસ્ટ)થી પધાર્યા હતા. અને તેમની ઉપસ્થિતિમાં આ આયોજન સંપન્ન થયું હતું. શ્રી રમેશભાઈ દોશીના સમસ્ત પરિવારજનો, સ્નેહીમિત્રો અને સંસ્થાના ટ્રસ્ટીગણની હાજરીથી આ પ્રસંગની ગરિમાની અભિવૃધ્ધિ થઈ.

'ગોરક્ષા પાત્ર'ના અમો સૌ સભ્યો તેમજ તેમના પરિવારજનો, મિત્રવર્ગ મુમુક્ષુ રમેશભાઈની આ યાત્રા નિરંતર આગળ વધતી રહે એવી શુભકામના પાઠવીએ છીએ.

**- શાંતિલાલ ગડા, સહ-સંપાદક ના પ્રણામ**

# કેળવણી વિમર્શ

આપણે શીખવા માગીએ છીએ, આપણી જાતને શિક્ષિત કરવા માગીએ છીએ. આપણે બે રીતે શીખી શકીએ. એક રીત એ છે કે જે પ્રતિમાઓ (Images) તમારા મનમાં બંધાયેલી પડી છે તેને કોઈ પ્રામાણ્ય ન વળગાડીએ. પ્રતિમા રચાયેલી છે જ, તે ઉપર ઊભરી આવશે જ, ભલે આવે. પણ તમે તેની ઉપેક્ષા કરજો. એને કોઈ મહત્ત્વ કે મૂલ્ય ન આપશો, એને કોઈ વજુદ ન આપશો. આ એક રીત છે. પ્રતિમા જો પોતાના રંગ તમારા દર્શનને આપે, તમારા પ્રતિભાવોનું એ પોતાની રીતે નિયમન કરવા જાય તો એથી સાવધ રહેજો, એની ઉપેક્ષા કરજો. અને એને બાજુએ ધકેલી દેજો, બાજુએ ધકેલતાં જ રહેજો.

**- વિમલા ઠકાર**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૧૨મો

એપ્રિલ ૧૭ થી મહાવીર નગર, ચિંચણીમાં સ્થિરવાસ શરૂ થયો. પહેલા દિવસથી જ સવાર-સાંજની પ્રાર્થના શરૂ થઈ. બંને સમય પ્રાર્થનામાં નિયમિત જવાનું થયું. સવારની પ્રાર્થના વાત્સલ્ય સદનમાં થાય છે ત્યાં એક કબાટમાં પૂ. સંતબાલજીનું પ્રાયઃ બધું સાહિત્ય રાખવામાં આવેલ છે.

ઑગસ્ટ-૨૦૧૭માં સવારની પ્રાર્થના પછી એક પુસ્તક સહજ નજર ફેરવવા હાથમાં લીધું. એ હતું ''ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ-૧૦''. ખાસ તો અવધાન કેમ શીખાય એ માટેનું આ પુસ્તક હતું. સમાધિ પર લાવ્યો અને સ્વાધ્યાય શરૂ કર્યો. અવધાન શીખવાની ઈચ્છા તો નહોતી જ પણ એમાં એક લેખ મળી ગયો. જે ઓક્ટો.૧૭ માં ગો.પા. માં લીધેલ છે. જેમાં સંતબાલજી લખે છે, ''કેટલાક માણસોને માતા પિતા કે સમાજના સંસ્કારો વગર જ આપ મેળે બોધ થઈ જાય છે. તેને સ્વયંબોધ થયો કહેવાય આની પાછળ પૂર્વજન્મના સંસ્કારો અને કર્મોનો ક્ષમોપશમ કારણભૂત હોય છે. તેમને સ્મૃતિની પરંપરાએ પોતાના સ્વરૂપની સ્મૃતિ થઈ જાય છે. આવી સ્થિતિમાં કોઈપણ આલંબન હોતું નથી. તેથી તેમની સ્થિતિ નિરાલંબન હોય છે. તે કોઈ ગુરુ પાસે દીક્ષા લેતા નથી પણ પોતેજ મુનિવેશ ધારણ કરે છે.''......

એક એવો નિર્ણય થયેલો છે કે આપણું દરેક પગલું શાસ્ત્રાજ્ઞા કે આગમ મુજબ હોવું જોઈએ / જરૂરી છે. અમે ૨૦૦૭/૨૦૦૮ અને ૨૦૦૯ થી ૨૦૧૪ આમ બે વાર મુનિવેશ સ્વયં ધારણ કરેલ, પણ મનમાં સંશય રહેતો હતો કે ક્યાંક આપણે શાસ્ત્રાજ્ઞાથી વિરુધ્ધ તો નથી કરતાં ને? એટલે બે વાર પાછા શ્રાવક વેશમાં આવી ગયેલા પણ આ લેખથી સમાધાન થયેલ કે સ્વયં દિક્ષીત થઈ શકાય છે પણ એ સમાજની સાક્ષીએ થવું જોઈએ.

આ વખતે પર્યુષણમાં ૧૮/૮ થી ૨૬/૮/૧૭ એમ નવ ઉપવાસ, નવાઈ કરેલ ત્યારે પરિવારજનો-મિત્રો પારણા પ્રસંગે આવેલા. ત્યારે બધાને સ્પષ્ટ કહેલ કે અમે હવે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે.

પરિવારજનો કહે વરસોથી તમે એક સ્વપ્ન જુઓ છો પણ કશું થયું નથી અને કશું થવાનું નથી.

અમે કહ્યું, ''ચાલો માનીએ, તમે કહો છો તેમ કશું થવાનું નથી, આ બધી ભ્રાંતિ છે. ભ્રાંતિ હોય તો કશું જ ન થાય એ વાત સાચી છે, અને ભ્રાંતિ હોય તો કશું કરવું પણ ન જોઈએ. પણ આ અમારી ભ્રાંતિ નથી જ. અમને આત્મજ્ઞાન, ભેદજ્ઞાન થયું છે, એ સ્પષ્ટ અનુભવ છે, એ સ્વપ્ન કે ભ્રાંતિ નથી પણ એક હકીકત છે, એમ અનુભવે અમે માનીએ છીએ. સાચુ હશે તો અમારું તો કલ્યાણ થઈ જ ગયું છે પણ સાથે આખા જગતનું કલ્યાણ થશે. સારા વિશ્વને લાભ થશે. અહિંસાનો જગતમાં જયજયકાર થશે. અને સમજી લો કે તમે કહો છો તેમ નથી જ થયું તો બીજાઓને નહિ પણ અમને તો લાભ જ થશે. કેમકે આ પ્રયોગમાં અમે ચિંચણ સમાધિસ્થાને જ સ્થિર બેસવાનું નક્કી કરેલ છે. આ માટે પ્રચાર પ્રસાર કરવા ક્યાંય જવાના નથી. કશું જ ન થાય તો ભ્રાંતિથી જે કર્મબંધન થાય છે તેથી અમે સ્વયં બચી જઈશું. જગત એક કુગુરૂથી બચી જશે. આથી અમને સ્વયં તો બંને રીતે લાભ જ થવાનો છે. એટલે પ્રયોગ તો કરવો જ રહ્યો, પ્રયોગ ન કરવાથી તો માત્ર ને માત્ર નુકશાન જ છે.

૨૭.૯.૧૭થી આયંબિલ ઓળીનો પ્રારંભ થયો. ઘણા વરસોથી બંને ઓળી થાય છે. અહિં સંસ્થામાં તો અમે એકલા જ હતા છતાં આખી ઓળી નવ આયંબિલની પુરી થઈ ત્યાં પ્રેરણા થઈ કે આ ચાલુ જ રાખો અને એમ ૨૭.૯.૧૭ થી ૩.૧૧.૧૭ એમ પ્રથમ વાર જીવનમાં સળંગ ૩૮ આયંબિલ થયા. ૪.૧૧.૧૭ના પરમકૃપાળુ શ્રીમદ્‌રાજચંદ્રના જન્મ દિવસે ઉપવાસ રાખેલ.

ઈડર ૨૦૦૬ના મૌન ચાર્તુમાસમાં સ્પષ્ટ નિર્ણય થયેલ કે સર્વસંગ પરિત્યાગ કરવો જ. 'કશું જ ન કરવાનો' સતત ભણકારો હંમેશા રહ્યો જ અને હવે સંતબાલજીના લેખથી સમાધાન પણ થયું. આ તીવ્ર જિજ્ઞાસા સાથે તપોમય પ્રાર્થના શરૂ થઈ અને નિર્ણય થયો કે હવે દીક્ષા લેવી જ એથી ૧૨.૯.૧૭ના મહાવીર નગર આં.કેદ્રના પ્રમુખને એક પત્ર લખ્યો. એમાં લખેલ કે, ''વરસોથી ખાસ તો ૨૦૦૬થી જે દીક્ષાની ભાવના હતી, આજે પણ છે, તેનો સમ્યક્ ઉકેલ પૂ. મુનિશ્રી સંતબાલજીના લેખમાં સહજ મળી ગયો. અમારું પૂર્ણ સમાધાન થયું.''

૧૯૯૯નું મૌન ચાર્તુમાસ અહિં જ ચિંચણી સમાધિસ્થળે થયેલ ત્યારે અવાજ હતો કે 'કશું જ ન કરવું. માત્ર જ્ઞાતાદ્રષ્ટા રહી અહિં જ સ્થિર રહો' પણ કેટલાક કર્તવ્ય-ભોગાવલિક કર્મ બાકી હતા. પાત્રતા હજી પુરેપુરી નહોતી થઈ તેથી સ્થિર કેમ થવાય? નિસર્ગ બહુ ઝીણવટથી આપણને જાણે છે તેથી પાત્રતા પાક્યે ૨૦૧૭માં હવે આ યોગ આવ્યો છે.

અમે જે પણ પગલું હવે લઈએ એમાં સંસ્થાની સહમતિ જરૂરી છે. અમે સ્વયં દીક્ષિત થઈશું, પણ કોઈ પંચમહાવ્રતધારી મુનિ દીક્ષાનો પાઠ ભણાવે એવું બને કદાચ, પણ અમે એના સંપ્રદાયના કે એમના શિષ્ય નહી ગણાઈએ, અમે શિષ્ય તો માત્ર અને માત્ર ''શ્રીમદ્ રાજચંદ્ર'' ના જ છીએ અને હંમેશા રહેવાના. સંસ્થાની

સહમતિ એટલા માટે જરૂરી છે કે આ દીક્ષા પછી પણ અહિં જ સમાધિ સ્થાને સ્થિરવાસ કરવાનો વિચાર વર્તમાનમાં છે. એટલે સંસ્થાની સહમતિ જરૂરી છે.

અમારો નિશ્ચય અફર છે એટલું જાણ માટે.

આપનો જે પણ જવાબ આવશે તે અમારા હિતનો જ હોવાનો એવી પરમ શ્રધ્ધા ખાત્રી છે. એટલે અમે નિશ્ચિંત છીએ.''

ગાંધીજીએ કહ્યું છે કે સત્ય અહિંસાનો પ્રયોગ કોઈ નવો પ્રયોગ નથી આપણા ઋષિમુનિઓએ અનુભવ સિધ્ધ આ પ્રયોગો કર્યા છે. પણ વિજ્ઞાનના યુગમાં વિજ્ઞાનની રીતે, વિજ્ઞાનની ભાષામાં સમજાય એમ આ વખતે આ પ્રયોગ થવાની સંભાવના છે.

આ વખતે નવાઈના પારણામાં બધા કુટુંબીઓ આવેલા. બધાની સાથે વિગતવાર આ બાબત સહુને જણાવી દીધી છે. આમ પણ અમે કુંટુંબનો ત્યાગ નથી કરતા પણ વસુધૈવ કુટુંબકમ માં અમારો પ્રવેશ થવા જઈ રહ્યો છે. (૧૧.૯ નો પત્ર પુરો)

૧૧.૯.૧૭ ના આ પત્રથી પ્રમુખશ્રીને સંતોષ થયો એમ લાગ્યું. ફરી ફોન કરી જણાવ્યું કે આને આકાર મળે એ માટે કશું વિચાર્યું છે ? એમણે રામજીભાઈ ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી યોગેશભાઈ બાવીશીને રૂબરૂ મળવા મોકલ્યા. વાતો થઈ. કુંડળી-કુંટુંબ સહમતિ મળે તો કારતક પુનમ પછી ગોઠવણ થાય.

તપોમય આયંબિલ પ્રાર્થના ચાલુ જ હતા. ત્યાં દિવાળીના દિવસે જ એક નિર્ણય થયો અને એ માટે ૧૯.૧૦.૧૭ અને ૨૫.૧૦.૧૭ એમ બે પત્રો ટ્રસ્ટીઓને લખાણા. એમાં લખ્યું.

''આમ તો સાધુતાની ટ્રેનીંગ અમે ચાલુ કરી જ દીધી છે. કારતક પુનમ સુધી આયંબિલ ચાલશે. આપણે જે માર્ગે જવા તૈયાર થયા છીએ એ સમ્યક હોય, શાસ્ત્ર સમ્મત હોય તે માટે આ તપોમય આયંબિલ ચાલુ કરેલ. અને એનો સાચો જવાબ દિવાલીના દિવસે મળ્યો છે જે આવો છે.

કારતક વદ ૨થી અમો દસમુંવ્રત ધારણ કરશું. એમાં વેશ સ્થાનકવાસી જૈન સાધુ જેવો, આવતા જતા, ગોચરી માટે જતા મુખે મુહપતિ હોય, એક સમય આહાર, પાદવિહાર, લોચ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય એમ પંચમહાવ્રતના બધા જ નિયમો સહજ પાળવાના હોય છે. દસમુંવ્રત એટલે સાધુતાની ટ્રેનીંગ. આ પણ એક જાતનો સન્યાસ જ છે. એની મુદત ગુડી પાડવા (ચેત્ર સુદ ૧) સુધીની છે પણ અમારે મન એ જીવનભરનું વ્રત (હશે) છે.

તપોમય પ્રાર્થના ચાલુ છે ત્યાં જ આવો સમ્યક્ જવાબ મળ્યો છે, તો આપણા-વિશ્વના સહુને હિતકારક હશે તેવો માર્ગ આગળ ઉપર ઈશ્વર-અંતર સુઝાડશે જ એટલી પરમ શ્રધ્ધા છે, એવી પુરી શક્યતા અહિંના પરમાણુમાં છે જ. એ શ્રધ્ધા અને અદ્રશ્ય શક્તિઓના સહારે જ આ પ્રયોગ થવા જઈ રહ્યો છે.

અત્યાર સુધી જીવનમાં ઘણા નિર્ણયો અંતર અવાજ મુજબ થયા છે. અને તેનો અમલ પણ થયો છે પણ એમાં ક્યાંક થોડી કચાશ રહી ગયેલ પણ કુદરત કહો કે ગુરૂકૃપાએ એ ભૂલો સુધરી પણ ગઈ છે અને એથી આત્મ વિકાસ પણ થયો છે. આ પ્રથમ વખતે છે કે દીક્ષાની વાતમાં થોડી ઉતાવળ થવા જઈ રહી હતી, એ ભૂલ થતા પહેલાં જ સુધરી ગઈ. એનું કારણ આ તપોમય પ્રાર્થના અને આ સમાધિસ્થાન અને પૂ. ગુરૂદેવની ચેતનાનો એમાં મુખ્ય ભાગ રહ્યો છે એમ આત્મા સાક્ષી પુરે છે.

આજ સુધી વેશ પરિવર્તન ત્રણેકવાર થયા છે. આ વખતે કુંટુંબ પરિવાર-સમાજ-મિત્રોની હાજરીમાં આ પરિવર્તન કરવાનું નક્કી કર્યું છે. સમાજની હાજરી અને આશીર્વાદ એ પણ જરૂરી છે. (૨૫.૧૦નો પત્ર પુરો થાય છે.)

આમ તારીખ-વાર-સમય અમે જાતે જ જ્યોતિષ કે ચોઘડીયુ જોયા વગર નક્કી કરી લીધેલા. આમ તો સાવ સાદો પ્રસંગ જ કોઈ વિધિ વિધાન વગર થવાની કલ્પના હતી. પણ કુદરતની ઈચ્છા કંઈક જુદી જ હતી.

સહજ ગુણાનુરાગી ગુણવંતભાઈ બરવાળીયાએ સામેથી ફોન કરીને સુચન કર્યું કે તમને ભલે નાનો લાગતો હોય પણ આ પ્રસંગે કોઈ સાધુ-સંતની હાજરી હોય તો ઉત્તમ.

અમે બોયસર-દહાણુમાં પ્રયત્ન કર્યો પણ શક્ય ન બન્યું. ગુણવંતભાઈને જણાવ્યું કે સાધુસંતની હાજરી શક્ય નથી પણ ઉંમરગામમાં મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ.સા. સ્થિરવાસમાં રહે છે. એને માટે વિચારી શકાય ખરૂં ગુણવંત ભાઈ કહે એ તો મારા પરિચિત છે. ત્રણ ચાર વાર જ્ઞાનસત્રમાં આવી ગયા છે. એમણે જ પછી વાત કરીને એમનું ગોઠવી આપ્યું અને એમ ૫.૧૧.૧૭ના સવારે શુભમુહુર્તમાં કુટુંબ, પરિવાર, મિત્રો, ટ્રસ્ટીગણની હાજરીમાં પૂ. મુનિશ્રી મુગેન્દ્ર વિજયજીના મુખે દસમા વ્રતનો પાઠ ભણાવવાનો પ્રસંગ સંપન્ન થયો. એમ કહી શકાય કે પૂ. મુનિશ્રીની હાજરીથી પ્રસંગને ચાર ચાંદ લાગી ગયા. ગુણવંતભાઈની સાચી ભાવના હતી તેથી જ સાવ છેલ્લી ઘડીએ પણ આવી શ્રેષ્ઠ વ્યવસ્થા થઈ. આ બધું ગુરૂકૃપાનું જ ફળ છે.

ગયા અંકમાં જે ''યાદગાર સંભારણા'' લેખમાં લખાયેલ છે કે ''રમેશભાઈ દોશીએ આજે સંયમ પંથે

પ્રયાણ કર્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજીના વચનોનો જ આ પ્રભાવ હતો એટલે જ ગુરૂપદે શ્રીમદ્જીને જ બિરાજમાન કરીને રમેશભાઈએ આ મુનિવેશમાં જીવનને રૂપાંતરિત કર્યું છે.''

આ સંયમપંથ એટલે દસમુંવ્રત આમાં પંચમહાવ્રતધારીના પ્રાપ્ત બધા જ નિયમો તો પાળવાના જ હોય છે. આને આપણે લર્નીંગ લાયસન્સ ગણીએ. પાકુ લાયસન્સ તો વિધિવત પંચમહાવ્રત દીક્ષા જ ગણાય, જે હજી બાકી છે. આટલો ખુલાસો જરૂરી છે.

જૈન સાધુનો નિયમ છે કે એક જ સ્થાને ચાર્તુમાસ સિવાય ત્રીસ દિવસથી વધુ રહેવાય નહી. એકલા સાધુને વિહાર કરવાની પણ મનાઈ છે. બે સાધુ તો હોવા જ જોઈએ. અમારો પ્રથમ નિર્ણય એ જ હતો કે અમે સ્થિરવાસમાં તો અહિં ચિંચણીમાં જ રહેવાના છીએ અને અમે એકલા જ છીએ. આ બંને નિયમ વિધિવત દીક્ષા લીધી હોત તો પાળવા શક્ય નહોતા. એથી દસમાવ્રત લેવાથી આપણે જે કરીએ છીએ તે દોષરહિત છે અને દીક્ષાથી કર્મબંધ વધારે થાત તેથી બચી ગયા. આ મોટો ફાયદો થયો છે. જીવનમાં વિધિવત દીક્ષા લેવાની ભાવના તો છે જ પણ ત્યાં સુધી આ દીક્ષા જેવું સહજ શાસ્ત્ર સમ્મત જીવન શરૂ થયું છે તેનો સમાધાન સંતોષ છે, હવે સંશય નથી તેથી આનંદ માણી રહ્યા છીએ એ અમારે માટે તો મોટો લાભ જ છે. ગુરૂકૃપાનો આ અદ્ભૂત મહિમા છે.

શું પ્રભુચરણ કને ધરૂ - આત્માથી સૌ હીન.
તે તો પ્રભુએ આપ્યો વર્તુ ચરણાધીન

**શ્રીમદ્જી - તંત્રી.**

## નિવૃત્તિ ક્યારે ?

સાધુએ નિવૃત્તિ ક્યારે કરવી જોઈએ? એનો જવાબ એ છે કે પ્રવૃત્તિમાં પડ્યા પછી દોષો લાગવાની સંભાવના હોય ત્યારે નિવૃત્તિ કરી શુદ્ધિ કરવી જોઈએ એક મશીન ચાલુ હોય તો તેનો એન્જીનીયર નિવૃત્ત હોય પણ તે બગડે કે અટકે તો તેણે જઈને સુધારીને ચાલુ કરવું જ જોઈએ. એવી જ રીતે વિશ્વયંત્રનો એન્જીનીયર સાધુ, તે ચાલે ત્યારે માત્ર નિરીક્ષણ કે ચોકી જ કરશે પણ જ્યારે વિશ્વનું યંત્ર બગડ્યું હશે, હિંસાદી અનિષ્ટોના કારણે અવ્યવસ્થા ઊભી થઈ હશે ત્યારે તે ક્ષણનો પણ પ્રમાદ ર્ક્યા વગર તેને સુધારવા પ્રયત્ન કરતો રહેશે. જો તે વખતે જરા પણ પ્રમાદ કરશે તો તેનું કટુફળ તેને અને સમાજને ભોગવવું પડશે. આજના યુગે તો વિશ્વ યંત્ર ઘણું બગડયું છે; ત્યારે સાધુસંસ્થાએ યુગની માંગ પ્રમાણે તેને સુધારવા, સિધ્ધાંત અને મર્યાદા જાળવીને ઝંપલાવવું જ પડશે. આ યંત્ર ઘણા સમયથી બગડી રહ્યું છે. ઈતિહાસના પાને યુરોપનો ઈતિહાસ જોતાં એ જણાઈ આવશે કે જ્યારે સાધુસંસ્થાએ સમયસર નહિં ઝંપલાવીને રાજ્યાશ્રયે જવું પસંદ કર્યું ત્યારે તે લોકો અને લોકસેવકોને જાગૃત ન કરી શકી. પરિણામે ધર્મસંસ્થા, રાજ્યના હાથા રૂપે બની ગઈ અને રાજાઓ ધર્મના નામે રાજ્ય વધારવા માટે લાખોની કતલ કરવા લાગ્યા તોયે તેના સભ્યો કાંઈ ન બોલ્યા. એવી જ રીતે ભારતમાં જે સાધુઓ હતા તેમણે બ્રાહ્મણો (લોકસેવકો) કે લોકોને મુસ્લિમ-રાજ્ય સમયે પ્રેર્યા નહીં. પરિણામે તેઓ રાજ્યના હાથા બન્યા અને લાખો લોકોની કતલ થઈ, લૂંટફાટ થઈ છતાં કંઈ ન કરી શક્યા અને અત્યાચાર મૂંગે મોંઢે સહન કરી લીધા.

યુરોપમાં ધર્મગુરુઓની વિરૂદ્ધ પ્રવૃત્તિ હતી ત્યારે ભારતમાં ખોટી નિવૃત્તિ હતી. બન્ને સ્થળે વિશ્વ-યંત્રો બગડ્યાં અને ધર્મગુરુઓએ તેને સુધાર્યાં નહીં; એને લઈ ને અવ્યવસ્થા થઈ. આજે તો ધર્મગુરુઓએ ઈતિહાસ ઉપરથી બોધપાઠ લઈને સ્પષ્ટ માર્ગની પ્રવૃત્તિઓ હાથ ધરવી પડશે તો જ બગડેલું વિશ્વયંત્ર સુધરી શક્શે. એકવાર એ સુધરીને ચાલુ થઈ ગયા બાદ સાધુસંસ્થાને માત્ર નિરીક્ષણ કે ઈશારો કરવાનું ઘણું થશે.સંત વિનોબાજીનું કહેવું છે કે: ''ભમરડો જ્યારે ખૂબ જ વેગથી ફરે છે ત્યારે નિશ્ચળ અને નિવૃત્ત દેખાય છે. જ્યારે સ્થિર થવા માંડે છે ત્યારે ફરતો- (પ્રવૃત્તિ કરતો) જણાય છે. એવી જ રીતે સાધુસંસ્થાએ આજે બગડેલા અનુબંધો સુધારવા અને તૂટેલા જોડવા માટે ઉગ્ર પાદવિહાર કરી લોકઘડતરનું કાર્ય સાધી, સમાજને સ્વસ્થ કરવા એટલી જોશથી પ્રવૃત્તિ આદરવી પડશે કે તે પ્રવૃત્ત છતાં નિશ્ચળ લાગે અને જો તે નિવૃત્ત થવા લાગે તો સમાજને તે દોષથી ઘેરાયેલો, આળસુ અને અકર્મણ્ય લાગશે. આજે અનુબંધનું કામ એટલું બધું છે કે તે જિંદગીભર સતત રહેશે. કારણ કે વિશ્વયંત્ર સુધરશે તેમ પાછું બગડશે અને ફરી તેને સુધારીને ચાલુ કરવું પડશે. આમ બગડવાની અને સુધારવાની ક્રિયાથી કંટાળીને 'આ સુધરશે જ નહીં' કરીને કોઈ પાછા ન પડે; એ જ ધ્યાન રાખવાનું છે.'' સાધુસંસ્થાના પુરુષાર્થે અધર્મ-અનિષ્ટોની પ્રતિષ્ઠા તૂટે છે; ધર્મની પ્રતિષ્ઠા થાય છે. તેથી જગતમાં શુદ્ધિ થતી રહે છે. ઘર રોજ સાફ કરવું પડે તેમ સાધુસંસ્થાએ પણ વારા ફરતી આવા વિશ્વરૂપી ઘરને સાફ કરતા જ રહેવાનું છે. એનાથી જ જગત ટકે છે અને સુવ્યવસ્થિત રહે છે. એટલે વિશ્વયંત્રને સુધારવા સાધુસંસ્થાએ સ્પષ્ટ માર્ગ અપનાવી પોતાની ઉપયોગિતા ટકાવી રાખવાની છે.

**- મુનિશ્રી નેમિચંદ્રજી, 'ધર્માનુંબંધી વિશ્વદર્શન' ભાગ ૩.**